gujaratvandan.com

નિડર, નિષ્પક્ષ અને વિશ્વસનીય

સાપ્તાહિક

# ગુજરાત વંદન

રવિવાર, 26 ફેબ્રુઆરી 2023

ફાગણ સુદ 07, વિક્રમ સંવત 2079 | કિંમત : રૂા. 5 | વાર્ષિક : રૂા. 260 | વર્ષ : 06 | અંક : 42 | RNI No. GUJGUJ/2016/68288 | કુલ પાનાં : 12



બોલિવૂડ એક્ટ્રેસ સની લિયોનીએ કરાવ્યું ફોટોશૂટ પેજ 11

**સુવિચાર**

દુનિયા અજીબ છે !!! ગળ્યા બનો તો ગળી જાય, કડવા બનતો થુંકી નાખે, ખોવાઈ જાવ તો શોધવા નિકળે. સામા મળો તો મોઢા ફેરવે, જીવતા હોય ત્યારે બોલાવતા નથી અને મર્યા પછી હિબકા ભરે !

## ભાજપમાં આપ સરકાર સામે સખત નારાજગી

### ખાલિસ્તાની અમૃતપાલસિંહે ખુલ્લેઆમ લલકાર્યું- અમને રોકશો તો અમિત શાહના હાલ ઈન્દિરા જેવા થશે...!!

# શાહની હત્યાની ધમકી સામે સરકાર ખામોશ..!



View in English: R. REPUBLICWORLD.COM
View in Bangla: R. বাংলা
R.भारत
ia News | Elections | Entertainment News | पूछता है भारत | Lifestyle | Technology News | Wor
Home / india news / General News / Amit Shah को जान से मारने की धमकी, खालिस्तानी अमृतपाल ने कहा- 'जो इंदिरा के साथ वही करेंगे'
Last Updated: February 20, 2023 16:46 IST
**Amit Shah को जान से मारने की धमकी, खालिस्तानी अमृतपाल ने कहा- 'जो इंदिरा के साथ वही करेंगे'**
खालिस्तानी अमृतपाल ने अमित शाह को जान से मारने की धमकी दी है। उसने कहा 'जो इंदिरा के साथ वही करेंगे'
Written By Sagar Singh

ગુજરાત | વંદન

પંજાબમાં ફરી એકવાર ભારતના ટુકડા કરી પાકિસ્તાન સાથે મળીને અલગ દેશ ખાલિસ્તાનની માંગણી



જોર પકડી રહી છે. પંજાબમાં સત્તા પરિવર્તન બાદ આપ પાર્ટીની સરકારમાં ખાલિસ્તાનીઓ માથુ ઉંચકી રહ્યાં હોય તેમ ખાલિસ્તાની સમર્થક સંગઠન "વારિસ પંજાબ દે"ના પ્રમુખ અમૃતપાલસિંહ દ્વારા દેશના હોમ મિનિસ્ટર અમિતભાઇ શાહની ઈન્દિરાની જેમ હત્યા કરવાની ખુલ્લેઆમ ધમકી આપી છતાં પંજાબ સરકાર દ્વારા તેની સામે કોઇ પોલીસ કાર્યવાહી નહીં કરાતા દિલ્હીના રાજકીય વર્તુળોમાં ખાસ કરીને ભાજપમાં આપ સરકાર સામે સખત નારાજગી પ્રવર્તી રહી છે. ...અનુસંધાન પેજ નં. 6 પર

### પંજાબનું દરેક બાળક ખાલિસ્તાનની વાત કરે છે...: અમૃતપાલ



અમૃતપાલે પંજાબની ધરતી પરથી હોમ મિનિસ્ટરને લલકારતાં કહ્યું હતું કે અમિત શાહને કહો કે પંજાબનું દરેક બાળક ખાલિસ્તાનની વાત કરે છે... ઈન્દિરા ગાંધીએ પણ અમને દબાવવાના પ્રયાસ કર્યા હતા પણ તેનું શું પરિણામ આવ્યું તે બધા જાણે છે. અમિત શાહે પણ તેમની ઈચ્છા પૂરી કરવી જોઈએ. અમે અમારું (ખાલિસ્તાનનું) શાસન માગીએ છીએ, બીજાનું નહીં.... ઉલ્લેખનીય છે કે તાજેતરમાં જ ગૃહમંત્રી અમિત શાહે પંજાબમાં ખાલિસ્તાનને ખતમ કરવાની વાત કરી હતી. તેમણે કહ્યું હતું કે કેન્દ્ર સરકાર પંજાબમાં ખાલિસ્તાન સમર્થકો પર નજર રાખી રહી છે. અને કોઈને પણ અખંડ ભારતના ટુકડા કરવા દેવામાં નહીં આવે.

### 'વારિસ પંજાબ દે' ના સ્થાપક છે દીપ સિધ્ધુ

કેન્દ્રીય હોમ મિનિસ્ટર અમિતભાઈ શાહે દેશની સુરક્ષા માટે કરેલી જાહેરાતનો જવાબ ખાલિસ્તાનીઓ દ્વારા હત્યાની ધમકી દ્વારા આપવામાં આવ્યો છતાં પંજાબમાં સીએમ ભગવંત માનની સરકાર દ્વારા આ અંગે કોઈ કાર્યવાહી કેમ કરવામાં આવી નથી તેની પણ રાજકીયક્ષેત્રે ચર્ચા છે. નોંધનીય છે કે, વારિસ પંજાબ દે એ કટ્ટરપંથીઓની સંસ્થા છે જેની સ્થાપના કિસાન આંદોલન વખતે દિલ્હીના લાલ કિલ્લા પર ધાર્મિક ધ્વજ લહેરાવનાર અભિનેતા કાર્યકર્તા દીપ સિદ્ધુ દ્વારા કરવામાં આવી હતી, જેનું ગયા વર્ષે ફેબ્રુઆરીમાં માર્ગ અકસ્માતમાં મૃત્યુ થયું હતું.



(અમૃતપાલ સિંહ)

### પિક્ચર્સ ઓફ ધ યર... ડાન્સ ઓફ ધ ઈગલ્સ.....



કાર્તિક સુબ્રમણ્યમ, યુએસમાં ભારતીય મૂળના સોફ્ટવેર એન્જિનિયર અને એક શોખીન ફોટોગ્રાફર, તેમના "ડાન્સ ઓફ ધ ઈગલ્સ" ટાઈટલવાળા ફોટોગ્રાફ સાથે પ્રતિષ્ઠિત નેશનલ જિયોગ્રાફિકનો 'પિક્ચર્સ ઓફ ધ યર' એવોર્ડ જીત્યો છે. લગભગ 5,000 એન્ટ્રીઓમાંથી પસંદ કરાયેલ, સુબ્રમણ્યમના ચિત્રે શુક્રવારે ગ્રાન્ડ પ્રાઈઝ જીત્યું હતું, જેના કારણે તેમને નેટ જીઓના અગ્રણી ફોટોગ્રાફરોની સાથે મેગેઝિનના મે અંકમાં એક વિશેષતા મળી હતી. તેમણે કેલિફોર્નિયા સ્થિત સોફ્ટવેર એન્જિનિયરે 2020 માં પેંડેમીક પછી જ વાઈલ્ડલાઈફ ફોટોગ્રાફી શરૂ કરી હતી, તેઓ પહેલાં લેન્ડસ્કેપ્સ અને તેની મુસાફરીને કેપ્ચર કરતા હતા.

## ન્યૂઝ બ્રિફ

### નવાઝુદ્દીન સિદ્દીકી પર પૂર્વ પત્ની આલિયાએ લગાવ્યો રેપનો આરોપ, કેસ દાખલ

બોલીવુડ એક્ટર નવાઝુદ્દીન સિદ્દીકીની પૂર્વ પત્ની આલિયા સિદ્દીકીએ તેમના પર ગંભીર આરોપ



લગાવ્યા છે. પૂર્વ પત્ની આલિયા સિદ્દીકીએ નવાઝુદ્દીન સિદ્દીકી વિરુદ્ધ બળાત્કારનો કેસ દાખલ કર્યો છે. તેણે ઈન્સ્ટાગ્રામ પર એક વીડિયો શેર કરીને આ વિશે જણાવ્યું છે. નવાઝુદ્દીન સિદ્દીકીની પૂર્વ પત્ની આલિયા સિદ્દીકીએ ઈન્સ્ટાગ્રામ પર એક વીડિયો શેર કર્યો છે. વીડિયોમાં તે અભિનેતા પર ગંભીર આરોપ લગાવી રહી છે.વીડિયોમાં આલિયા સિદ્દીકી રડી રહી છે અને કહી રહી છે કે, નવાઝુદ્દીન સિદ્દીકી તેના બાળકો તેની પાસેથી છીનવી લેવા માંગે છે. તે આ દિવસોમાં આર્થિક સંકટનો પણ સામનો કરી રહી છે.

### હૈદરાબાદ સેન્ટ્રલ યુનિવર્સિટીમાં SFI અને ABVP વચ્ચે હિંસક અથડામણ

તેલંગાણામાં અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદ અને સ્ટુડન્ટ્સ ફેડરેશન ઑફ ઈન્ડિયા ના વિદ્યાર્થીઓ વચ્ચે હૈદરાબાદ સેન્ટ્રલ યુનિવર્સિટીમાં વિદ્યાર્થી સંઘની ચૂંટણીઓ અંગે એકબીજા સાથે અથડામણ થઈ ગઈ હતી. એબીવીપીનો આરોપ છે કે, એસએફઆઈના વિદ્યાર્થીઓએ એબીવીપીના આદિવાસી વિદ્યાર્થીઓ પર હુમલો કર્યો અને તેમના પર હુમલો કરવા માટે તીક્ષ્ણ વસ્તુઓનો ઉપયોગ કર્યો. હૈદરાબાદ સેન્ટ્રલ યુનિવર્સિટીમાં શુક્રવારે વિદ્યાર્થી સંઘની ચૂંટણીને લઈને એસએફઆઈ અને એબીવીપીના સભ્યો વચ્ચે અથડામણ થઈ હતી. હિંસક અથડામણની ઘટનામાં કેટલાક વિદ્યાર્થીઓ ઘાયલ પણ થયા છે.ABVPના સભ્યોએ જણાવ્યું કે, આદિવાસી વિદ્યાર્થીઓએ યુનિવર્સિટી વિદ્યાર્થી સંઘની ચૂંટણીમાં SFIને મત નહોતો આપ્યો ત્યારબાદ તેમના કાર્યકરોએ આદિવાસી વિદ્યાર્થીઓને માર માર્યો હતો. ટ્વીટર પર ABVPએ ટ્વીટ કર્યું કે SFI એ આદિવાસી વિદ્યાર્થીઓ અને ABVPના કાર્યકર્તાઓ વિરુદ્ધ હિંસા કરી છે.

## રશિયા-યુક્રેન યુદ્ધનો અંત લાવવા ભારત તૈયાર: વડાપ્રધાન નરેન્દ્ર મોદીની પ્રતિબદ્ધતા

ગુજરાત | વંદન

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આજે દિલ્હીમાં



હૈદરાબાદ હાઉસ ખાતે જર્મનીના ચાન્સેલર ઓલાફ સ્કોલ્ઝ સાથે મુલાકાત કરી હતી. આ બંનેની બેઠક બાદ પ્રેસ કોન્ફરન્સમાં પીએમએ કહ્યું કે બંને દેશોએ સીમા પાર આતંકવાદી ઘટનાઓને ખતમ કરવા અને વેપાર વધારવા પર ભાર મૂક્યો છે. આ સાથે પીએમએ રશિયા-યુક્રેન યુદ્ધ વિશે પણ વાત કરી અને કહ્યું કે બંને દેશોની સહમતિ છે કે આ યુદ્ધ જેટલું બને એટલુ વહેલું ખતમ થવુ જોઈએ.

PMએ કહ્યું કે ભારત અને જર્મની જેવી 2 સૌથી મોટી લોકતાંત્રિક અર્થવ્યવસ્થાઓ વચ્ચે વધતો સહકાર બંને દેશોના લોકો માટે ફાયદાકારક છે અને વિશ્વને સકારાત્મક સંદેશ આપે છે. આ ઉપરાંત મોદીએ કહ્યું કે યુરોપમાં અમારું સૌથી મોટું વેપારી ભાગીદાર હોવા ઉપરાંત જર્મની રોકાણનો એક મહત્વપૂર્ણ સ્ત્રોત છે. તેમણે કહ્યું કે અમે સુરક્ષા અને સંરક્ષણ સહયોગમાં સંબંધોને વિસ્તૃત કરવાની દિશામાં કામ કરી રહ્યા છીએ.

વિદેશ ...અનુસંધાન પેજ નં. 6 પર

## સુકમામાં સુરક્ષા દળો અને નક્સલીઓ વચ્ચે એન્કાઉન્ટર, ત્રણ ડીઆરજી કર્મચારી શહીદ

■ 2 સૈનિકો ઈજાગ્રસ્ત

ગુજરાત | વંદન

છત્તીસગઢના સુકમા જિલ્લામાં સુરક્ષા દળો અને નક્સલીઓ વચ્ચે મોટા એન્કાઉન્ટરના સમાચાર છે. આ એન્કાઉન્ટરમાં ડિસ્ટ્રિક્ટ રિઝર્વ ગ્રુપ (ડીઆરજી) ના ત્રણ સૈનિકો શહીદ થયા છે. એવું કહેવામાં આવી રહ્યું છે કે આ એન્કાઉન્ટર જાગરગુંડા નજીક આશ્રમ પેરામાં થયો હતો. આ સમય દરમિયાન બંને તરફથી ફાયરિંગ થયું હતું. આ દરમિયાન, બોમ્બ વિસ્ફોટનો અવાજ પણ સંભળાયો.

જ્યારે સુરક્ષાદળો દ્વારા સર્ચ આપરેશન કરવામાં આવી રહ્યુ હતો ત્યારે નકસલીઓ દ્વારા ફાયરિંગ કરવામાં આવ્યુ હતુ. મૃતકોમાં એએસઆઈ રામુરમ નાગ, સહાયક કોન્સ્ટેબલ કુંજમ જોગા અને સૈનિક વણજામ ભીમા શામેલ છે. આ હુમલામાં પણ બે સૈનિકો ઘાયલ થયા છે. ઉલ્લેખનીય છે કે છતીસગઢમાં અવનવાર નક્સલીઓ દ્વારા સુરક્ષા જવાનો પર હુમલા કરવામાં આવે છે. સામાસામે ફાયરિંગમાં બન્ને તરફ ભારે નુકશાન થાય છે.

## રાજકારણમાંથી પૂર્ણ સંન્યાસ લેવાની સોનિયા ગાંધીની જાહેરાત

■ ભારત જોડો યાત્રા મારી ઈનિંગનો અંતિમ પડાવ...

ગુજરાત | વંદન

છત્તીસગઢની રાજધાની રાયપુરમાં ચાલી



રહેલાં કોંગ્રેસના 85માં મહાસત્રમાં પાર્ટીની પૂર્વ અધ્યક્ષ સોનિયા ગાંધીએ રાજનીતિથી રિટાયર્મેન્ટનો સંકેત આપ્યો છે. સોનિયાએ આજે સંબોધનમાં કહ્યું કે- ભારત જોડો યાત્રા સાથે મારો સમયગાળો પૂર્ણ થઈ શકે છે.

સોનિયાએ પહેલીવાર પાર્ટી અધ્યક્ષની ખુરશી સંભાળવાથી લઈને અત્યાર સુધી પોતાના ઉતાર-ચઢાવ અંગે વાત કરી છે. તેમણે કહ્યું- 1998માં જ્યારે હું પહેલીવાર પાર્ટી અધ્યક્ષ બની ત્યારથી લઈને આજ સુધી એટલે છેલ્લાં 25 વર્ષોમાં અનેક સારા અને ખરાબ અનુભવ થયા છે.

2004 અને 2009માં પાર્ટીનું પરફોર્મન્સ હોય કે પછી મનમોહન સિંહને પ્રધાનમંત્રી બનાવવાનો મારો નિર્ણય. તે વ્યક્તિગત રીતે મારા માટે સંતોષજનક રહ્યો. તેના માટે પાર્ટી કાર્યકર્તાઓનો મને સંપૂર્ણ સહયોગ મળ્યો. જે વાતથી મને વધારે સંતુષ્ટિ છે, તે ભારત જોડો યાત્રા સાથે મારો સમયગાળો પૂર્ણ થઈ શકે છે. આ પાર્ટી માટે એક મહત્ત્વપૂર્ણ વળાંક છે.

ખડગેએ કહ્યું- દેશમાં નફરતનું વાતાવરણ છે. રાષ્ટ્રીય અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેએ સંબોધિત કરીને કહ્યું કે દેશમાં નફરતનું વાતાવરણ છે. સરકાર રેલ, તેલ,

...અનુસંધાન પેજ નં. 6 પર

## MP-દિલ્હીમાં અકસ્માત, કુલ 19ના મોત, 50થી વધારે લોકો ઘાયલ...

ગુજરાત | વંદન

મધ્ય પ્રદેશના સીધી જિલ્લામાં 24 ફેબ્રુઆરીની રાતે ભયંકર અકસ્માત થયો હતો. પુલ સ્પીડ આવતા ટ્રકે ત્રણ બસોને જોરદાર ટક્કર મારી હતી. આ દુર્ઘટનામાં 15 લોકોના મોત થઈ ગયા હતા, જ્યારે 50થી વધારે લોકો ઘાયલ થયા હતા. જ્યારે રાજધાની દિલ્હીમાં એક ગમખ્વાર માર્ગ અકસ્માતમાં 4 લોકોના કરૂણ મોત થયા છે.

સીધીમાં થયેલ દુર્ઘટના પર મુખ્યમંત્રી શિવરાજ સિંહ ચૌહાણે મૃતકોના પરિવારના 10-10 લાખ રૂપિયા, ગંભીર રીતે ઘાયલ લોકોને 2-2 લાખ રૂપિયા તથા સાધારણ રીતે ઘાયલ લોકોને 1-1 લાખ રૂપિયા આર્થિક સહાય આપવાની જાહેરાત કરી હતી. મૃતકોના પરિવારજનોમાંથી કોઈ સરકારી નોકરી લાયક હશે, તેને તેની યોગ્યતા અનુસાર નોકરી પણ આપવામા આવશે. રાજધાની દિલ્હીમાં આનંદ પર્વત વિસ્તારમાં એક ગમખ્વાર માર્ગ અકસ્માતમાં ચાર લોકોના કરૂણ મોત થયા છે.

### વાંકી નજરે...




## હિંડેનબર્ગ ઈફેક્ટ ! વિશ્વના ધનિકોની યાદીમાં 33મા ક્રમે પહોંચી ગયા ગૌતમ અદાણી

ગુજરાત | વંદન

હિંડેનબર્ગ રિસર્ચ ફર્મનો અહેવાલ જ્યારથી આવ્યો છે ત્યારથી અદાણી ગ્રૂપના શેરોની કિંમત સતત ગગડતી જઈ રહી છે. દિવસે ને દિવસે કંપનીને એક પછી એક આંચકા લાગી રહ્યા છે. અનેક ડીલ પણ રદ થઇ ગઈ છે. અમેરિકી શોર્ટ સેલર ફર્મ દ્વારા 24 જાન્યુઆરીએ અદાણી અંગે રિપોર્ટ જાહેર કરાયો હતો અને તેના આગામી દિવસથી જ ગૌતમ અદાણીના પડતીના પાસા શરૂ થઇ ગયા હતા. આ રિપોર્ટ જાહેર થાય તે પહેલા ગૌતમ અદાણી વિશ્વના ટોપ-10 ધનિકોની યાદીમાં બીજા



ક્રમે પહોંચી ગયા હતા અને હવે તેઓ ટોપ-10 તો શું પણ ટોપ-20 નહીં ટોપ-30થી પણ બહાર ફેંકાઈ ગયા છે. 23 જાન્યુઆરીના રોજ દુનિયાના ટોચના 10 ધનિકોની યાદીમાં ઈલોન મસ્ક, બર્નાર્ડ અર્નોલ્ટ અને જેફ બેઝોસ બાદ ચોથા ક્રમે હતા. તે સમયે તેમની નેટવર્થ લગભગ 116 અબજ ડૉલર હતી. અદાણી ગ્રૂપની માર્કેટ કેપ 12 લાખ કરોડ રૂ. સુધી ધોવાઈ ગઈ છે. હિંડેનબર્ગનો રિપોર્ટ જાહેર થયાના 15 દિવસમાં જ અદાણી વિશ્વના ધનિકોની ટોપ-20ની યાદીમાંથી પણ બહાર થઇ ગયા હતા અને હવે તેઓ ટોપ-30થી બહાર થઈને સીધા 33મા ક્રમે પહોંચી ગયા છે. હવે તેમની નેટવર્થ 35.5 અબજ ડૉલર જ રહી ગઈ છે. તેમની કંપનીના શેરોમાં 85 ટકા સુધીનો કડાકો બોલાઈ ચૂક્યો છે. તેની સાથે મુકેશ અંબાણી અને અદાણીની નેટવર્થમાં હવે 48.8 અબજ ડોલરનું અંતર થઈ ગયું છે. અંબાણીની નેટવર્થ હાલમાં 84.1 અબજ ડોલર છે અને તેઓ વિશ્વના ધનિકોની યાદીમાં 8માં ક્રમે છે.



# વિકાસ સહાય ઈન્ચાર્જમાંથી હવે ગુજરાતના કાયમી ડીજીપી બનશે



ગુજરાત | વંદન

ગુજરાતમાં નવા ડીજીપી તરીકે હવે હાલ ઈન્ચાર્જ રહેલા વિકાસ સહાયનું નામ કન્ફર્મ થઈ ગયું છે અને આગામી એક કે બે દિવસમાં તેની સત્તાવાર રીતે જાહેરાત કરવામાં આવશે અને તે બાદ તુર્ત જ રાજયમાં ટોચના પોલીસ સ્થાનોમાં ફેરફારની પણ શકયતા છે ખાસ કરીને વિકાસ સહાય ડીજીપી બનતા તેના સીનીયર અને હાલ અમદાવાદમાં પોલીસ કમિશનર તરીકે ફરજ બજાવતા સંજય શ્રીવાસ્તવને હવે વિકાસ સહાય હેઠળ કામ ન કરવું પડે તે જોવા માટે તેમને ફિલ્ડ ડયુટીમાંથી અલગ કરીને કોઈ અન્ય પોસ્ટ પર મુકવામાં આવે તેવી ધારણા છે.

જોકે શ્રીવાસ્તવ હાલ જ નિવૃત થઈ રહ્યા છે તેમ છતાં વહીવટી રીતે કોઈ મુશ્કેલી ન સર્જાય તે માટે તેમને અમદાવાદના પોલીસ કમિશ્નર પદેથી મુકત કરાશે અને તેની સાથે અમદાવાદના નવા પોલીસ કમિશ્નરની નિયુકિત કરાશે જેમાં વડોદરા, સુરત સહિતના પોલીસ કમિશ્નરમાંથી કોઈને અમદાવાદમાં ડયુટી સોંપાશે કે કેમ તેના પર સૌની નજર છે અને તેની સાથે અનેક મહાનગરો અને જિલ્લાઓમાં પોલીસ વડાઓમાં ફેરફાર થઈ શકે છે.

રાજયમાં મુખ્ય સચિવ અને નવા પોલીસ વડા બંનેએ પોતાનો ચાર્જ સંભાળી લીધો છે અને તેથી હવે વહીવટી કક્ષાએ લાંબા સમયથી આઈએએસ અને આઈપીએસની બદલી માટે જે ચર્ચા હતા તે મુજબના ફેરફાર થાય છે કે કેમ તેના પર સૌની નજર છે.

# ગુજરાતી મારી માતૃભાષા કેવી રે કેવી...? એવી રે એવી...

માતૃભાષાઃ

હું વરી કરું એ પહેલાં એક NRG મિત્રનો ભાસા માટે વરી કરતો મેસેજ આવ્યો!

વેલ...યુ સી, મને પેલ્લેથીજ આપણી માટરુ ભાસા ગુજાતી માટે ટુ મચ રિસ્પેકટ. એન્ડ યુ નો, એમા યે આજે તો મધરટંગ ડે!

અમારા ફેમિલીમાં બધાને સ્ટારટીંગથી જ મધરટંગ માટે બહુજ રિસ્પેકટ. મી, માય ફાધર, મધર, વાઈફ, માય સન, બધાજ લવ ગુજાટી...

રિસ્પેક્ટ તો હોવું પણ જોઈને! ઈફ આપણે જ આપણી ભાસાનું રિસ્પેક્ટ નહીં કરીએ ધેન અધર પીપલ પાસેથી હાવ કેન વી એક્સ્પેક્ટ?

આજ તો મોર્નિંગથી જ ડિસાઈડ કયરેલું કે આઈ હેવ ટુ ડુ સમથિંગ ફોર મધર ટંગ એન્ડ યુ નો માય નેચર વેરી વેલ...વન્સ મેં નક્કી કઈરું એટલે ડુ ઓર ડાઈ! એવરી ગુજાતી નીડ ધિસ ટાઈપનો સ્પીરીટ.

આંઈ બધું સુખ પણ સગપણ માં ગોટારા બહુ. બધે in law in law હાયલા કરે એમાં મજા નથ આવતી. હવે તું ય આંય આવી જા તો ઈન લૉ ની જગ્યાએ હરખું સમજ પડે એવા દિયર-દેરાણી, જેઠ-જેઠાણી, ફોઈ, ફુઆ, માસી, માસા જેવા શબ્દો આ ધોરીયાવને શીખવીએ.

પછી ધીરે ધીરે નણંદ, નણદોઈ, સાળી, સાઢુ, સાળાવેલી, પાટલા સાસુ, વડસાસુ જેવા શબ્દો ય શીખવી દેશું.

વાં બધા ઓરરાઈટ છો ને? લ્યો ત્યારે, ગુડ બાય.

આવી વરી કરનારા દુનિયાના ખૂણે ખૂણે વસ્યા છે ત્યાં સુધી તો ગુજરાતી ભાષાને ઉની આંચ પણ નહીં આવે, શું કહો છો તમે?

# અજબ કેસની ગજબ કહાની! છૂટાછેડા માટે 4 વર્ષ, છૂટાછેડાને રદ કરવા 8 વર્ષ!

ગુજરાત | વંદન



અદાલતોમાં વિવિધ ગુનાહોના કેસોના ભારણને લીધે સમય લાગતો હોય છે પરંતુ ફેમીલી કોર્ટમાં પણ છુટાછેડાના એક કેસનો વિચિત્ર વળાંક ત્યારે આવ્યો કે જ્યારે તેમને છુટાછેડા લેવા 4 વર્ષ રાહ જોવી પડી પરંતુ ફરીથી મનમેળ થતા કાયદાકીય રીતે છુટાછેડા કરાવવા 8 વર્ષ રાહ જોવી પડી હતી.

આ રસપ્રદ પારીવારિક કેસની વિગત એવી છે કે, પાટનગર ગાંધીનગરના એક દંપતીએ ફેમિલી કોર્ટમાં છૂટાછેડા માટે અરજી કરી હતી. જેના ચાર વર્ષ બાદ વર્ષ 2015માં દંપતીએ છૂટાછેડા ન લેવાનું મન બનાવી લીધુ હતુ. છૂટાછેડા નહીં લેવાનો કેસ 8 વર્ષ ચાલ્યો હતો. પતિ પ્રોફેસર તરીકે અને તેમની પત્ની ડોકટર તરીકે ફરજ બજાવે છે. તેમને એક સંતાન પણ છે.


આ આદેશને ગુજરાત હાઈકોર્ટમાં પડકારવામાં આવ્યો હતો, પરંતુ આ સમયગાળા દરમિયાન દંપતીનું હૃદય પરિવર્તન થતા તેમની વચ્ચેના ઝઘડાનું નિવારણ આવી ગયું હતું. ત્યારબાદ તેઓ પોતાના પુત્ર સાથે રાજી ખુશીથી રહેવા લાગ્યા હતા. આ દંપતીના છૂટાછેડાના રેકોર્ડને રદ કરવામાં આઠ વર્ષનો સમય લાગ્યો હતો.

આ દંપતીએ વર્ષ 2006માં લગ્ન કર્યા હતા અને વર્ષ 2009માં તેમના ઘરે એક પુત્રનો જન્મ થયો હતો. તેમના સંબંધમાં ખટરાગ ઊભો થવાને કારણે પતિએ અલગ થવાની માંગણી કરી હતી અને વર્ષ 2011માં ડાયવોર્સમાં માટે અરજી કરી હતી. જેની સામે પત્નીએ તેના પતિ પર આરોપો મુક્યા હતા. વર્ષ 2015માં ગાંધીનગર ફેમિલી કોર્ટે આ દંપતીના ડાયવોર્સને માન્યતા આપીને તેમને અલગ થવાની મંજૂરી આપી હતી.

પત્નીએ આ છૂટાછેડાને રદ કરવા માટે અને સાથે રહેવા માટે હાઈકોર્ટની શરણ લીધી હતી. પતિએ પત્નીની આ માંગ સામે કોઈ વાંધો ઉઠાવ્યો ન હતો અને તેનો સાથ આપ્યો હતો. જે દિવસે આ અરજી દાખલ કરવામાં આવી હતી તે દિવસે હાઈકોર્ટે ડાયવોર્સના હુકમનામા પર રોક મુકી દીધી હતી. આ અરજીને વર્ષો સુધી લંબાવવામાં આવી હતી. ત્યારબાદ ફેબ્રુઆરી 2023માં આ અરજીની સુનાવણી કરવામાં આવી હતી. આ યુગલે કોર્ટને જણાવ્યું કે, ડાયવોર્સ બાદ તેઓ એકબીજાને મળતા હતા. આ સમયે તેમનો પુત્ર પણ તેમની સાથે હતો. એક સંયુક્ત સોગંદનામામાં આ યુગલે જણાવ્યું હતું કે, તેઓ સાથે રહેતા હતા અને તમામ વિવાદોનું શાંતિપૂર્વક નિવારણ લાવી દેવામાં આવ્યું છે. આ ઉપરાંત એમ જણાવ્યુ કે, તેમની પાસે ફરીથી લગ્ન કરવાનો વિકલ્પ હતો. પરંતુ ફેમિલી કોર્ટમાં તેઓ આ રેકોર્ડ રાખવા માંગતા નથી.

# રાજ્યમાં 3.79 લાખ એકરમાં પ્રાકૃતિક ખેતી : 10 લાખથી વધુ ખેડૂતોને તાલીમ

ગુજરાત | વંદન



ગુજરાતમાં 3 લાખ, 79 હજાર એકર ભૂમિમાં પ્રાકૃતિક ખેતી થઈ રહી છે. રાજ્યની 1036 ગ્રામ પંચાયતોમાં 75 થી વધુ ખેડૂતો પ્રાકૃતિક ખેતી કરતા થયા છે.14,455 ગ્રામ પંચાયતો પૈકી 14,338 ગ્રામ પંચાયતોમાં એક થી વધારે ખેડૂતોએ પ્રાકૃતિક કૃષિ પદ્ધતિ અપનાવી છે. રાજ્યપાલ આચાર્ય દેવવ્રતએ વિધાનસભામાં પોતાના સંબોધનમાં કહ્યું હતું કે, ગુજરાતમાં 3 લાખ, 26 હજાર ખેડૂતોએ પ્રાકૃતિક ખેતી અપનાવી લીધી છે.

ભારતના તમામ ખેડૂતો પ્રાકૃતિક ખેતી પદ્ધતિ અપનાવે એવું પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીનું સપનું છે. આ સપનું સાકાર કરવા ગુજરાત સરકાર વ્યાપક અભિયાન ચલાવી રહી છે, એમ કહીને રાજ્યપાલ આચાર્ય દેવવ્રતએ કહ્યું હતું કે, અત્યાર સુધીમાં ગુજરાતમાં દસ લાખથી વધુ ખેડૂતોને પ્રાકૃતિક કૃષિ માટે પ્રશિક્ષણ આપવામાં આવ્યું છે. આ ફેબ્રુઆરી મહિનામાં જ આ જ સુધીમાં 1,116 પ્રશિક્ષણ તાલીમ વર્ગો દરમિયાન 47,305 ખેડૂતોને પ્રાકૃતિક કૃષિની તાલીમ આપવામાં આવી છે.

પ્રાકૃતિક કૃષિ માટે દેશી ગાય અનિવાર્ય છે. રાજ્ય સરકાર ખેડૂતોને દેશી ગાયના નિભાવ માટે વર્ષે રૂા.10,800 ની આર્થિક સહાય આપે છે. રૂા.1,84,000 હજાર ખેડૂતોને રૂા.320 કરોડની આવી આર્થિક સહાય આપવામાં આવી છે. ડાંગ જિલ્લાને સંપૂર્ણ રૂપે રસાયણમુક્ત જિલ્લો ઘોષિત કરવામાં આવ્યો છે. ડાંગમાં ખેડૂતોને પ્રાકૃતિક ખેતી માટે પ્રોત્સાહિત કરવા બે હેક્ટર સુધી રૂા.20,000 ની આર્થિક સહાયતા આપવામાં આવે છે. અત્યાર સુધીમાં 16,188 ખેડૂતોએ આ સહાયનો લાભ લીધો છે

રાજ્યપાલ આચાર્ય દેવવ્રતએ કહ્યું હતું કે, પ્રાકૃતિક કૃષિના વિકાસ માટે પરિણામલક્ષી પ્રયત્નો કરવા ગુજરાત પ્રાકૃતિક કૃષિ વિકાસ બોર્ડની સ્થાપના કરવામાં આવી છે. રાજ્યની પાંચ કૃષિ યુનિવર્સિટીઓમાં અલગ અલગ 12 પાકો પર પ્રાકૃતિક ખેતીના સંદર્ભે સંશોધનો થઈ રહ્યા છે. કૃષિ વિશ્વવિદ્યાલયોમાં પ્રાકૃતિક કૃષિને અભ્યાસક્રમમાં દાખલ કરવાની કાર્યવાહી કરવામાં આવી છે. અલગ અલગ શૈક્ષણિક વર્ષથી કૃષિ યુનિવર્સિટીઓ પ્રાકૃતિક કૃષિને અભ્યાસક્રમમાં આમેજ કરશે.



# મોંઘવારી વધતા મોંઘવારી ભથ્થું વધારવા રાજ્ય કર્મચારી મંડળે સરકારને લખ્યો પત્ર

ગુજરાત | વંદન

ગુજરાત રાજ્ય કર્મચારી મંડળે ફરી મુખ્યમંત્રી અને નાણાં પ્રધાને મોંઘવારી ભથ્થું વધારવાની માગને લઈ પત્ર લખ્યો છે. કર્મચારી મંડળે 4 ટકા મોંઘવારી ભથ્થાની વધારવાની માગ કરી છે. હાલ ગુજરાત રાજ્યમાં સરકારી કર્મચારીને 34 ટકા મોંઘવારી ભથ્થું મળે છે. આ પહેલા કેન્દ્ર સરકારે ગયા જુલાઈ મહિનામાં 4 ટકાનો વધારો કર્યો હતો. જેથી કેન્દ્રના કર્મચારીઓને હાલ 38 ટકા મોંઘવારી ભથ્થું મળી રહ્યું છે. મોંઘવારી ભથ્થું એને કહેવાય છે, જે સરકારી કર્મચારીઓને વધતી મોંઘવારી સામે જીવન ધોરણ ટકાવી રાખવા માટે નક્કી કરેલું એક ભથ્થું આપવામાં આવે છે. આ નાણાં સરકારી કર્મચારીઓ, જાહેર ક્ષેત્રના કર્મચારીઓ અને પેન્શનધારકોને આપવામાં આવે છે. વર્તમાન મોંઘવારી પ્રમાણે દર 6 મહિને તેની ગણતરી કરવામાં આવે છે. કર્મચારીઓને સંબંધિત પગાર ધોરણના આધારે મૂળ પગાર અનુસાર મોંઘવારી ભથ્થું ગણવામાં આવે છે.

## થોડી ઈધર કી / થોડી ઉધર કી

### લગતા હૈ, અદાણીની પાછળ એ ઉધોગપતિ કે ઉધોગપતિઓ પડી ગયા છે જેમને પંજા સાથે સારૂ બનતું હશે..?! શું લાગે છે...?



24 જાન્યુઆરી. 24 ફેબ્રુઆરી. એક મહિનો. 30 દિવસ.720 કલાક. 24 જાન્યુઆરી,2023 સુધીમાં આપમાં ગરવી ગુજરાતના ગરવા ગુજરાતી ઉદ્યોગપતિ ગૌતમ અદાણી દુનિયાના ત્રીજા સૌથી ધનિક હતા... 24મી જાન્યુ.ના રોજ અમેરિકાની કોઈ હિન્ડેનબર્ગ એજન્સીનો એવો રિપોર્ટ આવ્યો કે અદાણી હચમચી ગયા અને એક જ મહિનામાં 24 ફેબ્રુઆરીના રોજ 27મા નંબરે પહોંચી ગયા, 40.7 બિલિયન ડોલરની સંપત્તિ સાથે...

કોઈએ સાચુ જ કહ્યું છે- ન જાણ્યુ જાનકી નાથે...હાથના કર્યા હૈયે વાગે...યે ક્યા હુવા ...કબ હુવા..કૈસે હુવા.. ક્યુ હુવા...કોઈ લૌટા દે મેરે બીતે હુયે દિન...આવુ કંઈક બિચ્ચારા ગૌતમભાઈના મનમાં ચાલ્યુ હશે અને ચાલતુ હશે. અને હજુ ક્યાં સુધી ચાલશે તેઓ જ જાણે. પણ 720 કલાકમાં 8 લાખ કરોડની માર્કેટ કેપ ઘટી ગઈ. આ નુકશાન જેમણે અદાણીની કંપનીઓમાં રોકાણ કર્યું તેને અને ખુદ અદાણીને પણ થયું.

24 માર્ચ સુધીમાં અદાણી 27 નંબરેથી હજુ નીચે ઉતરશે કે વળી પાછા ત્રીજા નંબરેથી બીજે કે પહેલા સ્થાને એ તો આનેવાલા સમય હી બતાયેંગા. પણ જેના ખીલે તેઓ બજારમાં ફૂદકતા હતા...કૂદતા હતા...ઉછળતા હતા... એમણે પણ હાથ અધ્ધર કર્યા-અમારે એમની સાથે કાંઈ લેવા દેવા નથી....! ગુજરાતના અને દેશના ઉદ્યોગપતિઓના ઈતિહાસમાં અદાણીની આ સંઘર્ષ અને ઘર્ષણ ગાથાનું પ્રકરણ આલેખાઈ ગયું છે.

અદાણીએ પોતાના રાજ જ્યોતિષ પાસેથી હસ્તરેખા બતાવવી જોઈએ કે ઈબ ક્યા હોગા રે...પોર્ટ...એરપોર્ટ..ગેસ...ઉર્જા...હાથમાં રહેશે કે પછી...? લગતા હૈ કી અદાણીની પાછળ એ ઉદ્યોગપતિ કે ઉદ્યોગપતિઓ પડી ગયા છે જેમને પંજા સાથે સારૂ બનતુ હશે..?! શું લાગે છે...?!

### ‘આપ’ની સરકારને ઘર ભેગા કરવી પડે તો એ કરીને પણ પંજાબને બચાવવુ પડશે...દેર ના હો જાયે કહીં દેર ના જાયે..?!

પાંચ નદીઓના બનેલા પ્રદેશ પંજ-આબ, પંજાબમાં વળી પાછી તલવારો નિકળી રહી છે, પોલીસ મથક પર હુમલો, દેશના હોમ મિનિસ્ટરની ઈન્દિરા ગાંધી જેવા હાલ કરવાની ધાકધમકી અને એવુ બધુ થઈ રહ્યું છે કે જો ભારત સરકાર કડક નહીં થાય તો પંજાબ સળગતુ હશે...! 1980ના દાયકામાં રેલવેમાં પંજાબમાંથી પસાર થતાં બીક લાગે એવો માહોલ બને તે પહેલાં આપ પાર્ટીની સરકારને ઘર ભેગા કરવી પડે તો એ કરીને પણ પંજાબને બચાવવુ પડશે.



ઘણાં આ વાંચીને કહેશે કે એવુ તે કાંઈ હોતુ હશે...પણ જેમણે અખબારોમાં શીખ આતંકવાદી....શબ્દ વાંચ્યો હશે વર્ષો પહેલાં તેઓ જાણતા જ હશે કે એ વખતે પંજાબ કેવુ હતું. માંડ પંજાબમાં અલગતાવાદીઓ પર નિયંત્રણો મૂકાયા ત્યાં વળી સરકાર બદલાતા ખાલિસ્તાની નારાઓ...ખાલિસ્તાની ઝંડાઓ...મેદાનમાં આવી ગયા છે અને સીએમ ભગવંત માન....?

પંજાબના મતદારોએ કેજરીવાલની પાર્ટીને સત્તા સોંપી પણ બદલામાં ધીમે ધીમે શું થઈ રહ્યું છે શૂરવીરોની પંજાબની ધરા પર..? ભારતના હોમ મિનિસ્ટરના હાલ ઈન્દિરા ગાંધી જેવા કરી નાંખવા એટલે ઈન્દિરાની જેમ હત્યા કરી નાંખવાની ધમકી અને સીએમ માન મૌનીબાબાની જેમ ચુપચાપ...? અલગતાવાદીઓની સાથે મળીને કંઈક રંધાઈ તો રહ્યું નથી ને..? પ્લીઝ, કેન્દ્રીય ગુપ્તચર એજન્સીઓ સાવધાન...નજર બનાયે રખનાજી...

### યુક્રેન-રશિયા યુધ્ધને એક વર્ષ થયું..ભારતની યુધ્ધ નહીં બુધ્ધ..ની વાત નહીં માને તો..સમજો કે ત્રીજુ વિશ્વ યુધ્ધ દૂર નથી..

24 ફેબ્રુઆરી,2022ના રોજ રશિયાએ યુક્રેન પર પહેલો હુમલો કર્યો તેને એક વર્ષ થઈ ગયું. પણ યુધ્ધ હજુ ચાલુ આહે... એમાં વળી અમેરિકાના રાષ્ટ્રપતિ જો બાઈડને યુક્રેનની ધરતી પર જઈને અમે યુક્રેનની સાથે અને રશિયાની સામે એવી જાહેરાત કરી. યુધ્ધ કેવો વળાંક લેશે...એ યુક્રેનના રાષ્ટ્રપતિ ઝેલેન્સ્કીને પણ નથી.



બની શકે કે રશિયા એકાદ નાનકડો અણબોંબ ઝીંકી દે...અને ત્રીજા વિશ્વ યુધ્ધની શરૂઆત પણ થઈ શકે...બાબા વેંગાએ તો 2023માં ત્રીજા વિશ્વ યુધ્ધની આગાહી કરેલી જ છે...ક્યાંક સાચી ન પડે તો સારૂ...

યુધ્ધ ભલે નવી દિલ્હીથી હજારો કિ.મી. દૂર લડાય છે પણ તેની અસર ભારત સહિત આખી દુનિયા પર છે, ખાસ કરીને યુરોપના દેશો પર વધારે અસર છે. યુક્રેનને રશિયાના પંજામાંથી બચાવવા અમેરિકા જોર લગાવે છે. ચીન રશિયાની સાથે છે અને ધીમે ધીમે દુનિયાના દેશો બે છાવણીમાં વહેંચાઈ જશે. જેમાં ભારત...?

ભારતે તો બન્ને યુધ્ધ લડતા દેશોને શિખામણ આપી-યુધ્ધ નહીં બુધ્ધમાં માનો, હિંસા છોડો..વાતચીત કરો... કેમ કે હવે યુધ્ધનો અંત મંત્રણાથી જ આવશે અને ભારત એ આગેવાની લેવા તૈયાર છે... બસ આમંત્રણ મળે એટલી વાર...!

■ પ્રવીણ ધમંડે

# ગાંધીનગરના નાગરિકોને રિવરફ્રન્ટની મોજ માણવા અમદાવાદ સુધી લાંબા થવું નહીં પડે

■ બજેટમાં ગિફ્ટસિટી નજીક રિવરફ્રન્ટ માટે 150 કરોડ ફાળવાયા

ગુજરાત | વંદન

અમદાવાદની જેમ ગાંધીનગરમાં પણ સાબર કિનારે રિવરફ્રન્ટ બનાવવામાં આવશે પરિણામે ગાંધીનગરના નાગરિકોને રિવરફ્રન્ટ પર ટહેલવા કે મૌજ માણવા અમદાવાદ સુધી જવું નહી પડે તેમને ઘર આંગણે જ રિવરફ્રન્ટની સુવિધા પ્રાપ્ત થશે. આ અંગે રાજ્યના બજેટમાં 150 કરોડ ફાળવવામાં આવ્યાં છે.

રાજ્ય સરકારના જળસંપતિ વિભાગ માટે કરાયેલી જાહેરાતમાં સરકારે ગાંધીનગર રિવરફ્રન્ટની જાહેરાત કરી હતી. તો હવે નાગરિકોને રિવરફ્રન્ટનો આનંદ માણવા માટે અમદાવાદ સુધી લાંબુ નહીં થવું પડે. ગાંધીનગરમાં પીડીપીયુ કેબલબ્રીજથી અને શાહપુર બ્રીજ સુધી રિવરફ્રન્ટ બને તેમ છે. જેમાં રાયસણ, રાંદેસણ, ધોળેશ્વર મહાદેવ મંદિર સહિતનો વિસ્તાર આવી જશે.

## ગાંધીનગર ખાતે યુનિટી મોલ બનાવવાની જાહેરાત

ગાંધીનગરમાં પણ કેવડિયા જેવો યુનિટી મોલ બનાવવામાં આવશે. વન ડિસ્ટ્રિક્ટ વન પ્રોડક્ટ યોજના હેઠળ દરેક જિલ્લાની ખાસ ઉત્પાદિક વસ્તુઓને આંતરાષ્ટ્રીય ઓળખ ઉભી કરવા વડાપ્રધાને આહવાન કરેલું છે. પાટણના પટોળા, જામનગરની બાંધણી, કચ્છના ભરતકામને જી. આઈ. ટેગ મળેલું છે. કેવડિયા ખાતે દેશની વિવિધ રાજ્યોના ઉત્પાદનો અને હસ્તકલા ઉત્પાદનોના પ્રમોશન તથા વેચાણ માટે યુનિટીમોલ સ્થાપવામાં આવેલ છે. આજ પેટર્ન પર ગાંધીનગર ખાતે પણ યુનિટી મોલ બનાવાની જાહેરાત સરકારે બજેટમાં કરી છે.



Sakar-9, 821,Lobby-1, Ashram Rd, beside Old Reserve Bank of India, Ahmedabad, Gujarat 380009

# રાજ્યોને કેન્દ્રનો આદેશઃ ધોરણ 1માં પ્રવેશ માટેની લઘુતમ ઉંમર 6 વર્ષ કરો

■ નવી શિક્ષણ નીતિ અન્વયે કેન્દ્ર સરકારનો નિર્ણય

ગુજરાત | વંદન




કેન્દ્રીય શિક્ષણ મંત્રાલયે તમામ રાજ્યો અને કેન્દ્ર શાસિત પ્રદેશોને ધોરણ ૧માં પ્રવેશ માટેની લઘુતમ ઉંમર ૬ વર્ષ કરવાનો આદેશ આપ્યો છે તેમ અધિકારીઓએ એક નિવેદનમાં જણાવ્યું છે.

નવી શિક્ષણ નીતિ (એનઈપી) ના જણાવ્યા અનુસાર ફાઉન્ડેશન સ્ટેજમાં તમામ બાળકો (૩થી ૮ વર્ષની વચ્ચે) માટે પાંચ વર્ષ શીખવાની તકો સામેલ છે જેમાં ત્રણ વર્ષ પ્રિ પ્રાયમરી અને ત્યારબાદ ધો. ૧ અને ધો. ૨નો સમાવેશ થાય છે.

શિક્ષણ મંત્રાલયના એક વરિષ્ઠ અધિકારીના જણાવ્યા અનુસાર શિક્ષણ નીતિ આ રીતે પ્રિ સ્કૂલથી ધો. ૨ સુધીના બાળકોને સહજ શિક્ષણ અને વિકાસને વેગ આપે છે. આ ફક્ત આંગણવાડીઓ અથવા સરકારી, સરકારી સહાયતા પ્રાપ્ત, ખાનગી અને એનજીઓ સંચાલિત પ્રિસ્કૂલ કેન્દ્રોમાં ત્રણ વર્ષના ગુણવત્તાયુક્ત શિક્ષણ દ્વારા જ શક્ય બની શકે. અધિકારીએ વધુમાં જણાવ્યું હતું કે મંત્રાલયે રાજ્ય સરકારો અને કેન્દ્ર શાસિત પ્રદેશોને શિક્ષણ નીતિ અનુસાર પ્રવેશની ઉંમર નક્કી કરવા અને ધો.૧માં ૬ વર્ષ કે તેથી વધુ ઉંમરના બાળકોને પ્રવેશ આપવા જણાવ્યું છે. ઉલ્લેખનીય છે કે સુપ્રીમ કોર્ટે ગયા વર્ષે એક ચુકાદામાં જણાવ્યું હતું કે બાળકોની સાયકોલોજિકલ અને મેન્ટલ હેલ્થને ધ્યાનમાં રાખીને તેમને નાની ઉંમરમાં શાળાએ મોકલવા ન જોઈએ.

# અમૃતકાળમાં લોકોના ભાગે અમૃત ના આવ્યું, કોંગ્રેસને બજેટ જરાય પસંદ ના પડ્યું, અમિત ચાવડાનો દાવો

ગુજરાત | વંદન

ગુજરાતના બજેટ ઈતિહાસનું સૌથી મોટું બજેટ રજૂ કરવામાં આવ્યું છે. જેમાં કુલ 3 લાખ 1 હજાર 22 કરોડનું બજેટ રજૂ કરવામાં આવ્યું છે. જેમાં સૌથી વધુ શિક્ષણ માટે 43,651 કરોડ રૂપિયાની ફાળવણી કરવામાં આવી છે. જોકે, કોંગ્રેસને આ બજેટ પસંદ પડ્યું નથી. કોંગ્રેસે બજેટ પર નારાજગી વ્યક્ત કરીને લોકોની ઈચ્છા પ્રમાણેનું બજેટ ના હોવાની વાત કરી છે. ચૂંટણી ઢંઢેરા પ્રમાણેની જોગવાઈઓ બજેટમાં કરવામાં ના આવી હોવાનું પણ કોંગ્રેસ દ્વારા કહેવામાં આવી રહ્યું છે.

## લોકોની આશા ઠગારી નીવડી ...



કોંગ્રેસ પક્ષના નેતા અમિત ચાવડાએ આશાઓ વ્યક્ત કરવામાં આવી હતી તે પ્રમાણેનું બજેટ નથી તેવી પ્રતિક્રિયા સાથે જણાવ્યું છે કે, “ચોક્કસ, અમારા માટે પણ આ બજેટમાં યોજનાઓની ભરમાળ હશે, નવી ભરતીઓ આવશે, કર્મચારીઓની માગણી સંતોષાશે, ખેડૂતોની આવક બમણી થશે, ખેડૂતોના દેવા માફ થશે તેવી આશાઓ અને અપેક્ષાઓ પરિપૂર્ણ થશે તેની આશા હતી, પરંતુ અમૃતકાળમાં લોકોના ભાગે અમૃત ના આવ્યું. ચૂંટણી પૂર્ણ થઈ અને ભાષણો વચનો ભૂલાયા અને લોકોની આશા ઠગારી નીવડી તેવું આ બજેટ પ્રથમ દ્રષ્ટિએ જોઈ શકાય છે.”


## ગેનીબેન ઠાકોરે પણ નારાજગી વ્યક્ત કરી

ગેનીબેન ઠાકોરે પણ ગુજરાતના બજેટની નિંદા કરી છે, ગુજરાતની મહિલાઓને મોંઘવારીમાંથી રાહત આપવા માટે વિશેષ તો નહીં પરંતુ રાજસ્થાનની સરકાર 500 રૂપિયે ગેસ સિલિન્ડર આપે છે એ રીતે માત્ર આટલું કર્યું હોત તો પણ અમે મહિલા તરીકે બજેટને આવકાર્યું હોત અને સરકારને અભિનંદન પણ પાઠવ્યા હોત, પરંતુ એવું થયું નથી.

# ગુજરાતમાં આઈએએસ અધિકારીની 56 જગ્યા ખાલી

■ વિધાનસભામાં સરકારે આપ્યો જવાબ

ગુજરાત | વંદન




ગુજરાત રાજ્યમાં આઈએઅસની કુલ 313 જગ્યાઓ મંજૂર કરવામાં આવી છે, જે પૈકીની 56 જગ્યાઓ ખાલી છે. રાજ્યના 19 આઈએએસ અધિકારી કેન્દ્ર સરકારમાં ડેપ્યુટેશન પર છે. પોરબંદરના ધારાસભ્ય અર્જુન મોઢવાડિયાએ ગુજરાતમાં આઈએએસ અધિકારીની કેટલી જગ્યા ખાલી છે તેવા પૂછેલા પ્રશ્નના જવાબમાં મુખ્યમંત્રીએ લેખીતમાં જવાબ આપ્યો કે, ગુજરાતમાં આઈએએસ અધિકારીની કુલ 56 જગ્યા ખાલી છે.

# પાંચ માણેક થંભ રોપાઈ ગયા, ગુજરાતની ગાડી ગિયરમાં

## ભરોસાની ભાજપ સરકારે ગુજરાતના બજેટમાં આપ્યો ભરોસો - ડોન્ટ વરી બધુ સારું થશે...

ગુજરાત | વંદન

ગુજરાત વિધાનસભામાં ભૂપેન્દ્ર પટેલ સરકાર દ્વારા બજેટ રજૂ કરવામાં આ. રાજ્ય સરકારનું અમૃતકાળની થીમ પર બજેટ 2023 રજૂ કરવામાં આવ્યુ છે. ગુજરાત સરકારનું 3 લાખ 1 હજાર 22 કરોડનું બજેટ નાણામંત્રી કનુ દેસાઈએ સૌથી મોટું બજેટ રજૂ કર્યુ છે. ઉલ્લેખનીય છે કે, ગત ભૂપેનદ્ર પટેલની સરકારમાં પણ નાણાં પ્રધાન તરીકે કનુભાઈ દેસાઈ હતા એટલે ગત વર્ષનું બજેટ પણ તેમણે જ રજૂ કર્યું હતુ. આ વખતે ફરી વખત નાણાં પ્રધાન તરીકે કનુભાઈ જ નવું બજેટ રજૂ કર્યુ છે.

કનુ દેસાઈના હસ્તે બીજી વખત ગુજરાત બજેટ રજૂ કરાયુ છે. ગત બજેટ કરતા આ વખતે બજેટનું કદ અંદાજે 15થી 20 ટકા મોટુ રહે તેની પ્રબળ શક્યતા પહેલેથી જ વર્તાઈ રહી હતી. જે પ્રમાણે આ વખતે સૌથી મોટું બજેટ રજૂ કરવામાં આવ્યુ છે. આ બજેટમાં શિક્ષણ વિભાગને સૌથી વધુ બજેટ ફાળવવામાં આવ્યુ છે. આ સાથે આરોગ્ય વિભાગ અને પ્રવાસન વિભાગને પણ પ્રધાન્ય આપવામાં આવ્યુ છે. શિક્ષણની પાયાની જરુરિયાત અને શિક્ષણના વિકાસ માટે રૂપિયા 43,651 કરોડની જોગવાઈ કરવામાં આવી છે. જેમાં પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણની સાથે ઉચ્ચ શિક્ષક અને ટેક્નિકલ શિક્ષણનો સમાવેશ થાય છે.






### સૌથી વધુ બજેટ શિક્ષણ વિભાગને ફાળવાયું

રાજ્યની 6 હજાર પ્રાથમિક શાળામાં શાળા સહાયકો ઉપલબ્ધ કરાવવા માટે સરકાર દ્વારા 87 કરોડની જોગવાઇ કરવામાં આવી છે.નાણામંત્રીએ 400 જ્ઞાન સેતુ ડે સ્કૂલ માટે 64 કરોડની જોગવાની જાહેરાત કરી છે. કમિશન સ્કૂલ ઓફ એક્સલન્સ માટે 3109 કરોડ તેમજ પ્રાથમિક શાળામાં RTE એક્ટ હેઠળ અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને પ્રાઈવેટ શાળામાં અભ્યાસ માટે 50 કરોડની જોગવાઇ કરવામાં આવી છે જ્યારે ડિજિટલ લર્નિંગને પ્રોત્સાહન આપવા માટે 401 કરોડ ફાળવવામાં આવ્યા છે.

### 15મી વિધાનસભા બજેટમાં થયેલી મહત્વની જાહેરાતો

- શ્રમિકોને ભોજન આપતી યોજનોના વિસ્તાર કરવાનાં આવશે.
- વિધવા સહાય, વૃદ્ધ પેન્શનમાં વધારો કર્યો હતો, પ્રવાસન થકી રોજગારી સર્જન કરવાનું સરકારનું લક્ષ્યાંક છે
- અન્નપુર્ણા શ્રમિક યોજનાના 150 નવા કેન્દ્રો શરુ કરાશે
- મુખ્યમંત્રી આદિજાતી ઉત્કર્ષ યોજના જાહેર કરવામાં આવી છે
- સ્વાસ્થ્યની વીમાની મર્યાદા પાંચથી વધારી 10 લાખ કરવામાં આવી છે.
- 20 હજાર નવી કોમ્પ્યુટર લેબ ઊભી કરાશે.
- ઓનલાઇન શિક્ષણનો વ્યાપ વધારવા ડિજિટલ લાઇબ્રેરીની રચના કરાશે
- કેશોદ એરપોર્ટ વિસ્તરણ કરવામાં આવશે અને દ્વારકામાં નવા એરપોર્ટ બનવાની જાહેરાત કરવામાં આવી છે.
- રાજ્યમાં નવી 198 એમ્બ્યુલન્સ માટે 55 કરોડ ફાળવાશે.
- મહીસાગર, ડાંગમાં નવી મેડિકલ કોલેજની સ્થાપના થશે
- ધોલેરામાં દેશના પહેલા સેમિકંડક્ટર પ્લાન્ટની જાહેરાત કરવામાં આવી છે.

# નકલી લેટર લઈ પીએસઆઈ બનવા પહોંચેલી યુવતીની આખરે ધરપકડ



ગુજરાત | વંદન

ગાંધીનગર શહેર નજીક કરાઈ પોલીસ એકેડમીમાં નકલી લેટર લઈને પીએસઆઈની તાલીમ લેવા માટે પહોંચેલી યુવતીની આખરે ડભોડા પોલીસ દ્વારા ધરપકડ કરી લેવામાં આવી છે. આ લેટર તૈયાર કરવામાં અન્ય કોઈની મદદ લીધી હતી કે નહીં તે મામલે પોલીસ દ્વારા તપાસ કરવામાં આવનાર છે. તો હાથથી લખાયેલા આ લેટર મામલે પોલીસ એફએસએલની પણ મદદ લેશે.

પીએસઆઈ બનવા માટે બનાવટી ડોક્યુમેન્ટ બનાવી કરાઈ પોલીસ એકેડમીમાં ટ્રેનિંગ માટે પહોંચેલી યુવતીનો ભાંડો ફૂટયો હતો. પોતે પીએસઆઈની પરીક્ષાઓમાં પાસ થઈને પસંદગી પામી હોવાનું કહીને તમામ ડોક્યુમેન્ટ લઈને કરાઈ પહોંચી હતી પણ ત્યાં તાલીમાર્થીઓનું લિસ્ટ ચેક કરતાં યુવતીનું ક્યાંય નામ નહોતું અને બનાવટી ડોક્યુમેન્ટ બનાવ્યા હોવાનું માલૂમ પડતાં પોલીસે ગુનો નોંધ્યો હતો. પોલીસે યુવતીની પૂછપરછ કરતાં તેણે પોતે જ પત્ર લખી નાખ્યો હતો અને તેના ઉપર ડીજીપી વિકાસ સહાયની સહી પણ કરી લીધી હતી. પોલીસે આ મામલે યુવતીને હાજર થવા નોટિસ મોકલી હતી પણ યુવતી હાજર ન થતાં પોલીસ તેના રહેઠાણના સરનામે પહોંચી હતી.

જોકે તેણીનું ઘર બંધ મળી આવ્યું હતું. આજે આ યુવતી જવાબ આપવા માટે ડભોડા પોલીસ મથકે પહોંચી હતી જેથી પોલીસે તેની બનાવટી ડોક્યુમેન્ટ ઊભા કરવા બદલ ધરપકડ કરી લીધી હતી હવે તેની વધુ પૂછપરછ શરૂ કરવામાં આવી છે અને આ ગુનામાં અન્ય કોઈની મદદ કરી છે કે નહીં તે મામલો પણ તપાસ શરૂ કરવામાં આવી છે. બોગસ ડોક્યુમેન્ટ મામલે પોલીસ એફએસએલની પણ મદદ લેશે.

# ટેક્નોલોજીકલ યુનિવર્સિટીમાં 14 વિદ્યાર્થી ભણી રહ્યાં છે ધાર્મિક ગ્રંથો

**» સરકાર સંચાલિત GTUએ હિન્દુ ગ્રંથો આધારિત વિવિધ કોર્સ શરૂ કર્યા**

ગુજરાત | વંદન

ગુજરાત ટેક્નોલોજીકલ યુનિવર્સિટીએ ટેક્નોલોજી (જીટીયુ) ના અભ્યાસની સાથે ધાર્મિક ગ્રંથોના અભ્યાસનું કોર્સ શરૂ કર્યો અને હાલમાં 14 જેટલા વિદ્યાર્થીઓ હિન્દુ ગ્રંથ આધારિત વિવિધ અભ્યાસક્રમો ભણી રહ્યાં છે. સામાન્ય રીતે ટેક્નોલોજીકલ યુનિવર્સિટી દ્વારા આ પ્રકારના ધાર્મિક અભ્યાસક્રમો ભણાવાતા નથી. પરંતુ જીટીયુ દ્વારા આ અભ્યાસક્રમ શરૂ કરાવાયો છે.

જીટીયુએ હિન્દુ ગ્રંથો આધારિત વિવિધ કોર્સ શરૂ કર્યા છે. જે 3 મહિનાના આ કોર્ષમાં વિદ્યાર્થીઓને સર્ટિફિકેટ પણ આપવામાં આવશે. સ્કૂલ ઓફ ઈન્ડિયન નોલેજ સિસ્ટમ ધરોહર નામનો પ્રોગ્રામ શરૂ કરવામાં આવ્યો છે. જેમાં સૌથી મહત્વપૂર્ણ શ્રીમદ ભગવત ગીતા ઈન લાઈફ એટલે કે જીવનમાં શ્રીમદ ભાગવત ગીતાનો શું પ્રભાવ છે અને તેની કેટલી ઉપયોગીતા છે તે આધારિત આ અભ્યાસક્રમ શરૂ કરવામાં આવ્યો છે.

આ સિવાય વેદ, પુરાણ અને ઉપનિષદનો અભ્યાસ પણ શરૂ કરવામાં આવ્યો છે. અત્યાર સુધી 14 જેટલા વિદ્યાર્થીઓ ભણી રહ્યા છે. જેમાં સુરત, મુંબઈ, બાવળા, બરોડા, રાજકોટ, ભુજ, દ્વારકા, નોઈડા, અને મહેસાણાના થઈને 9 વિદ્યાર્થીઓ છે જ્યારે 5 અમદાવાદ શહેરનાં છે અને તેમાં કોઈ વઈ મર્યાદા પણ નથી.

## બે મહિનાના વાયદે મહિલાને આપ્યા હતા રૂ. 8 લાખ

# અમદાવાદમાં ચેક રિટર્ન કેસમાં મહિલાને એક વર્ષની કેદની સજા

ગુજરાત | વંદન

ચેક રિટર્ન એક કેસમાં ગાંધીનગરની કોર્ટે મહિલાને તકસીરવાન ઠરાવી એક વર્ષની સાદી કેદની સજા તેમજ ચેક રીટર્નની રકમ 5 ટકા વ્યાજે ચૂકવવા માટે હુકમ કર્યો છે. નોંધનીય છે કે, પતિના મિત્ર પાસેથી હાથ ઉછીના લીધેલા આઠ લાખની અવેજીમાં આપેલો ચેક રિટર્ન થવાનો કેસ ચાલી જતાં બન્ને પક્ષકારોની દલીલોનાં અંતે કોર્ટે આ આદેશ કર્યો હતો.

અમદાવાદના ચાંદખેડા દેવનંદન બંગલોમાં રહેતા લક્ષ્મણસિંહ શેખાવત ટ્રાન્સપોર્ટેશનનો વ્યવસાય કરીને પરિવારનું ગુજરાન ચલાવે છે. જેમને સાબરમતી ડી કેબીન શિલ્પા સોસાયટીમાં રહેતા દેવાંગ યાદવ સાથે મિત્રતા હોવાથી તેની પત્ની નેહા પણ ઓળખતા હતા. પોતાના અંગત કામ અર્થે આઠ લાખની જરૂરીયાત હોવાથી નેહાબેન યાદવે રૂપિયાની માંગણી કરી હતી. આથી લક્ષ્મણસિંહે રૂ. 8 લાખ બે મહિનાના વાયદે નેહાબેનને આપ્યા હતા. સમય વીતી જવા છતાં નેહાબેને રૂપિયા પરત કરવાની કોઈ દરકાર કરી ન હતી. જેથી લક્ષ્મણસિંહે રૂપિયા પરત માંગતા નેહાબેને ચેક લખી આપ્યો હતો. આ ચેક લક્ષ્મણસિંહે જમા કરાવતા તે પરત ફર્યો હતો. આથી તેમણે વકીલ મારફતે નોટિસ પણ મોકલી આપી હતી. જે નોટિસ બજી જવા છતાં નેહાબેને રૂપિયા પરત કર્યા ન હતા. આખરે લક્ષ્મણ સિંહે નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટ કલમ- 138 અન્વયે ગાંધીનગર કોર્ટમાં ફરિયાદ દાખલ કરી હતી. આ કેસ ગાંધીનગરના સાતમા એડીશ્નલ ચીફ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટની કોર્ટમાં ચાલી જતાં બન્ને પક્ષકારોની દલીલોનાં અંતે જજ કે ડી પટેલે ચેક રિટર્ન થવાના આરોપમાં નેહા બેનને તકસીરવાન ઠરાવી એક વર્ષની સાદી કેદની સજા તેમજ ચેકની રકમ ચેક રીટર્ન થયા તારીખથી 5 ટકા સાદા વ્યાજે ચૂકવવા તેમજ રૂ. 10 હજાર વળતર પણ ચૂકવવા માટે હુકમ કરવામાં આવ્યો છે.

# ધો.9ની અનુસુચિત-વિકસતી જાતિની છાત્રાઓને અપાશે નિ:શુલ્ક સાયકલ

ગુજરાત | વંદન

સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગે અનુસુચિત જાતિ અને વિકસતી જાતિની અંદાજે બે લાખ જેટલી વિદ્યાર્થીનીઓ માટે વિનામુલ્યે સાયકલ આપવા સરસ્વતી સાધના યોજના અંતર્ગત 75 કરોડ રૂપિયાની જોગવાઈ કરાઈ છે. આ અંગે વધુમાં જાણવા મળતી વિગત મુજબ અનુસુચિત જાતિ.વિચરતી અને વિમુકત જાતિ તેમજ સામાજીક અને શૈક્ષણીક આર્થિક પછાત તેમજ લઘુમતીઓનાં સામાજીક-આર્થિક શૈક્ષણીક વિકાસ માટે અનેક જોગવાઈ કરાઈ છે જે મુજબ ધો.9 માં અભ્યાસ કરતી અનુસુચિત અને વિકસીત જાતીની આશરે 2 લાખ છાત્રાઓને વિના મુલ્યે સાયકલ આપવા સરસ્વતી સાધના યોજના અંતર્ગત 75 કરોડની જોગવાઈ કરાઈ છે.

# માણસાની સ્કૂલમાં તસ્કરોનો તરખાટ રૂ. 1.84 લાખનો મુદ્દામાલ ઉઠાવી ગયા

ગુજરાત | વંદન

માણસામાં આવેલ ડી ડી પટેલ ગુજરાતી અને ઇંગ્લિશ મિડિયમ સ્કૂલમાં તસ્કરોએ ત્રાટકીને અલગ અલગ તિજોરીમાંથી 55 હજાર રોકડા તેમજ રૂ. 1.30 લાખની કિંમતના સીસીટીવીનાં ત્રણ ડીવીઆર ચોરીને તરખાટ મચાવી દીધો હતો. આ અંગે માણસા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

માણસાના રાજપુરા ગામે રહેતા અને ડી ડી પટેલ સ્કૂલમાં પ્રિન્સિપાલ તરીકે ફરજ બજાવતા દિનેશભાઈ પટેલે નોંધાવી છે કે, ગત તા. 22 મી ફેબ્રુઆરીના સાંજના છ વાગ્યાના અત્રેની અંગ્રેજી માધ્યમની સ્કુલના પ્રિન્સીપાલ રશ્મિકાબેન યોગેશકુમાર ભાવસાર સ્કુલનું લોક મારી ઘરે ગયા હતા. અને સ્કુલની ચાવીઓ બાજુમાં સમાજની વાડીના મંદિરમાં રાખી હતી.

ગઈકાલે સવારે રાબેતા મુજબ સ્કૂલનો સ્ટાફ આવ્યો હતો. ત્યારે સ્કુલની અંગ્રેજી માધ્યમની ઓફિસનું લોક તુટેલ હતુ અને ખાલી હડો મારેલ હતો અને અંદરની ઓફિસની તમામ ચીજ વસ્તુઓ વેર વિખેર પડેલ હતી. જ્યારે ઓફિસની અંદર ત્રણ તિજોરીઓ તુટેલ હાલતમાં હતી. અને તિજોરીના અંદરના લોક પણ તુટેલ હાલતમાં હતા.

આથી તિજોરીમાં તપાસ અંદરથી રૂ. 39 હજાર 123 તેમજ રૂમમાં સી.સી.ટી.વી.કેમેરા માટેનું ડિવીઆર પણ ચોરાઈ ગયેલાનું માલુમ પડયું હતું. ઉપરાંત અંગ્રેજી માધ્યમની સ્કુલની ઓફિસની સામે આવેલ ગુજરાતી મીડિયમ સ્કુલની ઓફિસનું પણ લોક તુટેલ હતુ.

## નારણપુરા સ્ટેડીયમ રોડ પરના કોમ્પ્લેક્ષમાં

# પીસીબીની રેડ : શેરનું ડબ્બા ટ્રેડીંગ અને ક્રિકેટ સટ્ટો ચલાવતો શખ્સ ઝડપાયો

ગુજરાત | વંદન

નારણપુરાના સ્ટેડીયમ રોડ પર ઓમશ્રી ગોકુલ કોમ્પ્લેક્ષમાં પીસીબીની ટીમે રેડ કરી મંગળવારે સાંજે શેર બજારનું ડબ્બા ટ્રેડીંગ અને ક્રીકેટ સટ્ટો ચલાવતા શખ્સને ઝડપી લીધો હતો. પોલીસને ઓફિસમાં ટેબલના ડ્રોઅરમાંથી દારૂની બોટલ મળી આવી હતી. સટ્ટાના સોદા સાથે સંકળાયેલા આરોપી તેમજ દારૂની બોટલ આપનાર શખ્સ સહિત ચાર જણા સામે પોલીસે ગુનો દાખલ કર્યો તેમજ દારૂની બોટલ અંગે અલગથી પ્રોહીબીશનની ફરિયાદ કરી હતી.

પોલીસ કમિશનરના તાબામાં આવતી પીસીબીના એએસઆઈ જગદેવસિંહ ગુલાબસિંહે નારણપુરા પોલીસ સ્ટેશનમાં જતીન નરેન્દ્રભાઈ સંઘવી, મિતેશ ઉર્ફ મોન્ટુ બારોટ, વિપુલ બાદશાહ અને વિકુભાઈ ટીનાભાઈ વિરૂધ્ધ ગુનો દાખલ કર્યો છે. પોલીસે બાતમી આધારે રેડ કરતા ઓમશ્રી ગોકુલ કોમ્પ્લેક્ષમાં ઓફિસ ભાડે રાખીને આરોપી જતીન સંઘવી ઓનલાઈન ક્રીકેટ સટ્ટો અને શેર બજારના ડબ્બા ટ્રેડીંગના સોદા કરતો હતો. તેના મોબાઈલ ફોનમાંથી મળી આવેલા સોફ્ટવેર અંગે પૂછપરછ કરતા અન્ય આરોપીઓના નામ ખુલ્યા હતા. આરોપી હાર-જીતના સોદા કરીને નાણાંની લેવડદેવડ આંગડીયા મારફતે કરતો હતો. પોલીસ તપાસમાં દારૂની બોટલ જતીન સંઘવીને તેના મિત્ર નવીન શાહે આપ્યાની વિગત ખુલી હતી. પોલીસે પ્રોહીબીશન એક્ટ મુજબ અલગથી ફરિયાદ નોંધી હતી. આમ, જતીન વિરૂધ્ધ બે ગુના દાખલ કરવામાં આવ્યા હતા. જેમાં તેની સાથે સંકળાયેલા આરોપીઓના નામનો પણ ફરિયાદમાં ઉલ્લેખ કરવામાં આવ્યો હતો.

## રાજ્યના ત્રણ IPS અધિકારીઓને પ્રમોશન

# અમિત વિશ્વકર્માને ATS અને દરિયાઈ સુરક્ષાના ADGP બનાવાયા

ગુજરાત | વંદન



ગુજરાત સરકાર દ્વારા આજે ત્રણ IPS અધિકારીઓને પ્રમોશન આપવામાં આવ્યુ છે. રાજ્ય સરકારના એક અધિકારીને ADGPનું પ્રમોશન અપાયુ છે જ્યારે 2 અધિકારીઓને IGPનું પ્રમોશન આપવામાં આવ્યુ છે. વર્ષ 1998 બેંચના IGPને ATS અને દરિયાઈ સુરક્ષાના ADGP બનાવવામાં આવ્યા છે.

રાજ્ય સરકારે અધિકારીઓને આપેલા પ્રમોશનમાં 2 અધિકારીઓને IGPનું અને એક અધિકારીને ADGPનું પ્રમોશન આપવામાં આવ્યુ હતું. ગુજરાત સરકારના અધિક મુખ્ય સચિવ એ. કે રાકેશ દ્વારા જાહેર કરાયેલા એક આદેશ મુજબ IGP અમિત વિશ્વકર્માને ADGPનું પ્રમોશન આપવામાં આવ્યુ છે. અમિત વિશ્વકર્માને ATS અને દરિયાઈ સુરક્ષાના ADGP બનાવવામાં આવ્યા છે. આ ઉપરાંત એમ.એસ ભરાડા અને એચ.આર. ચૌધરીને IGPનું પ્રમોશન આપવામાં આવ્યુ છે. એમ.એસ ભરાડાને અમદાવાદ સેક્ટર-2ના JCP તરીકે પ્રમોશન આપવામાં આવ્યુ છે. જ્યારે એચ. આર ચૌધરીને ઉર્જા વિભાગમાં એક્ઝીક્યુટીવ ડાયરેક્ટર તરીકે પ્રમોશન આપવામાં આવ્યુ છે.

## 2.61 કરોડના સોનાની દાણચોરીની બાતમી DRIને મળી હતી

# બાળકને પહેરાવેલા ડાયપરમાં સંતાડેલું 5 કિલો સોનું પકડાયું, મહિલા સહિત ત્રણની ધરપકડ કરાઈ

ગુજરાત | વંદન

અમદાવાદ ઈન્ટરનેશનલ એરપોર્ટ પર ડીઆરઆઈએ બાતમીને આધારે 2.61 કરોડની કિંમતનું 5 કિલોથી વધુ સોનું પકડી પાડ્યું છે. દુબઈથી આવેલી સ્પાઈસ જેટની ફ્લાઈટમાં 3 પેસેન્જર દાણચોરીથી સોનું ઘૂસાડી રહ્યા હોવાની બાતમી મળી હતી. આમાંથી એક મહિલાએ ડાયપરમાં સોનાની પેસ્ટ સંતાડી ડાયપર બાળકને પહેરાવી દીધું હતું.



સોમવારે ડીઆરઆઈના અધિકારીઓએ આ ઓપરેશન પાર પાડ્યું હતું. તપાસ દરમિયાન પેસ્ટ સ્વરૂપે લવાયેલું લગભગ 5088 ગ્રામ સોનું પકડાયું હતું. ડાયપર ઉપરાંત સોનું કમર પટ્ટામાં તેમજ પેન્ટના નીચેના ભાગમાં બનાવવામાં આવેલા પોલાણમાં છુપાવવામાં આવ્યું હતું. આ કરામતવાળું જીન્સ પેન્ટ બાળકને પહેરાવી દેવાયું હતું. સોનાની દાણચોરી માટે બાળકનો ઉપયોગ થયો હોવાનો આ પ્રથમ કેસ છે.

પોલીસે દાણચોરીના કેસમાં બે મહિલા પેસેન્જર સહિત ત્રણની ધરપકડ કરી હતી. હાલ વધુ તપાસ ચાલી રહી છે. એક વર્ષમાં ડીઆરઆઈ અમદાવાદે સોનાની દાણચોરીની સિન્ડિકેટનો પર્દાફાશ કર્યો છે. અત્રે ઉલ્લેખનીય છે કે, કેટલાક કિસ્સામાં સોનાની દાણચોરીમાં એરપોર્ટના સ્ટાફની સંડોવણી હોવાનું પણ પકડાયું હતું.

## તસ્વીર સમાચાર

(તસ્વીરો- મૌર્ય ભાગ્યવાન)



**સુમસામ:** ધમધમતા રિવરફ્રન્ટ ખાતે કોર્પોરેશન દ્વારા રમત-ગમતને પ્રોત્સાહન આપવા નવનિર્મિત સ્પોર્ટ્સ કોમ્પ્લેક્ષ અને સ્કેટીંગ કોર્ટ ભાવિ રમતવીરોની રાહ જોઈ રહ્યાં છે.



**રિ-ડેવલપમેન્ટ:** ગાંધીજીના સાબરમતી આશ્રમને રિ-ડેવલપ કરવાની કામગીરીના ભાગરૂપે આરટીઓની પાછળ અખબારનગર જતા રોડનું કામ ઝડપથી ચાલી રહ્યું છે. જે વૈકલ્પિક માર્ગ તરીકે ઉપયોગમાં લેવાશે.



**જરા હટકે એટલે હાટકેશ્વર:** શહેરના ખોખરા હાટકેશ્વર વિસ્તારમાં પચાસ વર્ષની મજબૂતી સાથે બનેલ છત્રપતિ શિવાજી મહારાજ પુલ પાંચ વર્ષમાં જ ખખડી ગયો હોય તેમ ગાબડા પડતા પુલ બંધ કરી દેવાયો છે. શું આ ભ્રષ્ટાચારની નિશાની છે ?



**જળવિહીન તરણકુંડ:** શહેરના નવરંગપુરા વિસ્તારમાં સ્ટેડિયમ નજીક બનાવવામાં આવેલ સ્વિમિંગપુલમાં પાણીના બદલે અત્ર-તત્ર-સર્વત્ર માટી જોવા મળે છે. ઉનાળો આવી પહોચ્યો છે. આ તરણકુંડમાં ધુબાકા કઈ રીતે થશે ?

## ટ્રાફિકની વિકટ સમસ્યાને હળવી કરવા માટે નિયમો કડક બનાવાયા

# BRTS કોરિડોર કે રોંગ સાઈડમાં વાહન ચલાવશો તો સીધો ઘરે આવશે ઈ-મેમો

ગુજરાત | વંદન

અમદાવાદમાં ટ્રાફિક સમસ્યા અને અકસ્માતની ઘટનાઓને નિવારવા માટે ટ્રાફિકના નિયમો વધુ કડક બનાવવામાં આવ્યા હોવાના અહેવાલ છે. અત્યારસુધી અમદાવાદમાં ત્રણ જેટલા ટ્રાફિક નિયમ કે જેને તોડવામાં આવે તો ઈ-મેમો આપવામાં આવતો હતો. પરંતુ હવે આવા 16 જેટલા ટ્રાફિક નિયમો અમદાવાદમાં બનાવવામાં આવ્યા છે. જેને તોડશો તો સીધો તમારા ઘરે ઈ-મેમો આવશે.

અમદાવાદમાં સતત વિકટ બની રહેલી ટ્રાફિક સમસ્યા તથા રોંગ સાઈડ કે પૂરપાટ ઝડપે જતા વાહનો અને ટ્રાફિક સિગ્નલ તોડવાના કારણે અકસ્માતોની ઘટનાઓ વધી રહી છે.



શહેરમાં અકસ્માતની ઘટનાઓ અટકાવી શકાય અને ટ્રાફિકની વિકટ સમસ્યાને હળવી કરવા માટે ટ્રાફિકના કેટલાક નિયમો બનાવવામાં આવ્યા છે. શહેરમાં 130 જેટલા ટ્રાફિક સિગ્નલ નક્કી કરાયા છે અને 6500ની આસપાસ સીસીટીવી કેમેરા લગાવવામાં આવ્યા છે. તેમજ જે ટ્રાફિક પોઈન્ટ પર સિગ્નલ પર કેમેરા બંધ હતા એ પણ હવે ચાલુ કરી દેવામાં આવ્યા છે. આ સીસીટીવી કેમેરા થકી નિયમ તોડનાર સામે પગલા ભરવામાં આવશે.

### અમદાવાદમાં ટ્રાફિકના આ નિયમો તોડશો તો ઘરે આવશે ઇ-મેમો


- » BRTS કોરિડોરમાં વાહન ચલાવતા હશો.
- » રિક્ષામાં વધુ પેસેન્જર હશે.
- » રિક્ષા ડ્રાઈવરની સીટ પર મુસાફર હશે.
- » કારમાં ડાર્ક ફિલ્મ લગાવી હશે.
- » રોંગ સાઈડમાં વાહન ચલાવતા હશો.
- » નિયમ કરતા વધારે વાહનોની સ્પીડ હશે.
- » નો-પાર્કિંગ ઝોનમાં પાર્કિંગ કરશો.
- » ટુ-વ્હીલર પર 2થી વધુ લોકો સવાર હશે.
- » HSRP વિનાની નંબરપ્લેટ નહીં હોય.
- » ડ્રાઈવિંગ સમયે ફોન પર વાત કરતા હશો.
- » નિયત સ્પીડ કરતા વધુ સ્પીડથી ચલાવશો.
- » કારમાં સીટ બેલ્ટ નહીં પહેર્યો હોય તો.
- » બાઈક ચાલકે હેલમેટ નહીં પહેર્યું હોય.
- » ટ્રાફિક સિગ્નલ તોડવામાં આવશે.

સાપ્તાહિક ગુજરાત વંદન **સંપાદકીય....**

# મોદીવિરોધી બીબીસીને ટેકો આપનાર પીએમ ઋષિ સુનક ભલે ભારતીય પણ તેમની માનસિકતા બ્રિટીશ હકૂમત જેવી...!

"અમે બીબીસીની સાથે ઉભા છીએ, અમે બીબીસીને નાણાં આપીશું, અમે માનીએ છીએ કે બીબીસીની વર્લ્ડ સર્વિસ મહત્વની છે અને અમે ઈચ્છીએ છીએ કે બીબીસીને તેના પત્રકારત્વની સ્વતંત્રતા હોવી જોઈએ.,,"

આ શબ્દો ઉચ્ચારમાં આવ્યાં છે બ્રિટનની સંસદમાં. બ્રિટન સરકારે બીબીસીને ટેકો આપ્યો છે. આ એ જ બીબીસી છે કે જેમણે ગુજરાતના ગોધરાકાંડ પર, હાલના વડાપ્રધાન અને તત્કાલીન મુખ્યમંત્રી નરેન્દ્ર મોદી પર ડોક્યુમેન્ટરી બનાવી છે. આ ડોક્યુમેન્ટરીમાં ગોધરાકાંડ માટે બીબીસીએ મોદીને જવાબદાર ગણાવ્યાં છે. મોદી સરકારે ભારતમાં બીબીસીની આ ડોક્યુમેન્ટરી દર્શાવવા પર પ્રતિબંધ મૂક્યો છે. બીબીસી હજુ ભારતને ગુલામ માને છે એમ ભાજપે તેની આલોચના કહ્યું હતું.




મૂળ ભારતીય મૂળના એવા ઋષિ સુનક તાજેતરમાં બ્રિટનના વડાપ્રધાન બન્યા ત્યારે ભારતમાં કેટલાય લોકો હરખપદુડા થઈને બોલવા લાગ્યા હતા કે જુઓ જે બ્રિટને ભારતને 200 વર્ષ ગુલામ બનાવ્યું એ દેશની બાગડોર એક ભારતીયના હાથમાં છે....! ભારત માટે આ એક સુવર્ણયુગ છે...! એમ ઘણાં બધાએ કહ્યુ અને સુનકને જાણે માથૂ બેસાડીને નાચ્યા. પણ જ્યારે બીબીસીની વાત આવી ત્યારે...?!

હરખપદુડાઓએ એક વાત સમજવાની છે કે બ્રિટનના વડાપ્રધાનના મૂળિયા ભલે ભારતના હોય પણ તે પોતાના દેશ બ્રિટનને અને તેના બંધારણને વફાદાર છે, નહીં કે ભારતને. સુનક વડાપ્રધાન બન્યા બાદ શું તેમણે ભારત માટે બ્રિટનના દરવાજા ખુલ્લા મૂક્યા કે આવો અને બ્રિટનમાં મોજથી રહો કેમ કે હવે હું બ્રિટનનો રાજા છું...?! અમેરિકાના વ્હાઈટ હાઉસમાં બિરાજમાન ઉપરાષ્ટ્રપતિ કમલા હેરિસનના મૂળિયા પણ ભારતમાં છે પરંતુ તેમણે ભારતની તરફેણમાં કોઈ મોટો નિર્ણય કર્યો..? આવા પદો પર બિરાજમાન મૂળ ભારતીયો તેઓ જે દેશમાં રહે છે અને જે દેશના નાગરિક છે તેને જ વફાદાર રહેશે, ભારતને નહીં.

મોદી પરની ડોક્યુમેન્ટરીના મામલે ભારતમાં બીબીસીની આકરામાં આકરી ટીકા ટીપ્પણી થઈ, તેની મિડિયા પોલીસીને ભારતવિરોધી ગણાવાઈ પણ બ્રિટનમાં ઋષિ સુનકની સરકારે આપણાં વડાપ્રધાનની વિરૂધ્ધ ડોક્યમેન્ટરી બનાવનાર બીબીસી મિડિયાનો મામલો આવ્યો ત્યારે તેને ટેકો આપ્યો, તેને નાણાકીય ફંડ આપવાની વાત કરી તેની સ્વતંત્રતાના વખાણ કર્યા અને એ વખતે તેમને એમ ન લાગ્યું કે, હું જે મૂળ દેશનો છું એ દેશના વડાપ્રધાન વિરૂધ્ધ બીબીસીએ ખોટી ડોક્યુમેન્ટરી બનાવી છે અને એવુ ન થવુ જોઈએ...ના, એવુ કાંઇ તેમની સરકાર ન બોલી અને ઉપરથી બીબીસીને ટેકો આપ્યો.

જો હાલની ભારતની એક પક્ષની રાજકીય ભાષામાં કહીએ તો. જેઓ આપણી સાથે નથી તે આપણી સામે છે અને જેઓ આપણી સામે છે એ આપણાં દુશ્મન છે અને એ દુશ્મનો પર તૂટી પડવુ જોઈએ....એ બાબતે ઋષિ સુનકનો વિરોધ કરવો જોઈએ. કેમ કે તેમણે આપણાં વડાપ્રધાનને બદનામ કરનારી ડોક્યુમેન્ટરી બનાવનારી મિડિયા કંપની બીબીસીને સંસદમાં સરકારનો ટેકો જાહેર કરીને પરોક્ષરૂપે તેમણે પણ જાણે કે સમર્થન આપ્યું કે બીબીસીએ જે કર્યું તે યોગ્ય છે...!


ઋષિ સુનકના મૂળિયા ભલે ભારતીય હોય પણ તેમની માનસિકતા બ્રિટીશ હકૂમત જેવી હોય તેવી એક છાપ ઉપસી રહી છે. ડુંગરા દૂરથી રળિયામણાં એ કહેવત અનુસાર ઋષિ સુનક દૂરથી રળિયામણાં લાગે...આપણો ભારતીય લાગે પણ જ્યારે ભારત અંગે નિર્ણય લેવાની વાત આવે ત્યારે- મેરે તો બ્રિટનધર ગોપાલ...દુજો ના કોઇ..!

**જાતિય અંગો-ઉપાંગો દ્વારા સામાવાળાને લલચાવીને ગેરકાયદે નાણાં પડાવવા એટલે સેક્સટોર્શન**

# 21 મી સદીના સેક્સટોર્શનિયા પિંઢારાઓને નાથવા ગાળિયો મજબૂત બનાવો...

**આવા જઘન્ય સાયબર ગુના માટે નવા કાયદામાં બિનજામીનપાત્ર કલમો અને આકરી સજાની જોગવાઈઓ હોવી જોઈએ**

સાપ્તાહિક ગુજરાત વંદન



બળજબરીપૂર્વક નામાં પડાવવાની કામગીરી માટે અંગ્રેજીમાં શબ્દ છે extortion-એક્સોર્ટશન. જેને ખંડણી કહેવામાં આવે છે. કેટલાક રાજ્યોમાં તેના મોટ રંગદારી શબ્દ વપરાય છે. ઈન્ટરનેટ અને ઓનલાઈન તથા વોટ્સએપમાં વિડિયોની સુવિધાના પગલે જાતિય અંગો-ઉપાંગો બતાવીને સામાવાળાને લલચાવીને તેનો વિડિયો બનાવી બદનામ કરવાની ધાકધમકી આપી ગેરકાયદે નાણાં પડાવવાની કામગીરી માટે નવો હવે શબ્દ ચલણમાં આવ્યો-સેક્સટોર્શન(sextortion). sex અને extortion શબ્દોને જોડીને નવો શબ્દ જે બન્યો તેણે ધૂમ મચાવી છે...

તાજેતરમાં અમદાવાદના એક મોટા અને આધેડવયના વેપારીને વિડિયોકોલ કરીને એક યુવતીના ગોપનીય ખુલ્લા અંગઉપાંગો દર્શાવીને તેને પણ વસ્ત્રહીન થવાની ફરજ પાડીને તેને વિડિયો ઉતારી ધાકધમકી દ્વારા અંદાજે 4 કરોડ પડાવી લેવામાં આવ્યાં હતા. સાયબર ક્રાઈમની આ ઘટનામાં મજા એ છે કે જે પકડાયો તે એક યુવક હતો અને યુવતીના અવાજમાં ઉત્તેજક મીઠી મીઠી વાતો કરીને વિડિયોકોલમાં કોઈ બીજી યુવતીના અગાઉથી રેકોર્ડ કરેલા નગ્ન દ્રશ્યો બતાવ્યાં હતા... !

અમદાવાદના પેલા આધેડને એમ લાગ્યું કે તેની સમક્ષ સામા છેડે સાચ્ચે જ કોઈ ખૂબસુરત યુવતી નગ્નાવસ્થામાં કામક્રિડા માટે લલચાવીને તેને પણ વસ્ત્રો ઉતારવા કહી રહી છે. આ સમગ્ર ગુનાની ઘટના એટલે સેક્સટોર્શન. કેમ કે એમાં સેક્સ દ્વારા ખંડણી માંગવામાં આવી હતી. આવા કિસ્સામાં જો સહેજ પણ ગફલતમાં રહ્યાં કે લાલચમાં આવી ગયા તો ગયા...! નિષ્ણાતો સલાહ આપે છે કે અજાણ્યા નંબર પરથી વિડિયોકોલ આવે તો ખોલો નકો...!! નહીંતર શિકાર બની જશો..

સેક્સટોર્શનની આવી ઘટનાઓ લગભગ એક દાયકા જૂની છે. આમાં, તમારી પરવાનગી વિના તમારી સેક્સ સંબંધિત સામગ્રી રેકોર્ડ કરવામાં આવે છે અને તે પછી તમારી પાસેથી પૈસાની માંગ કરવામાં આવે છે. તમને આટલી રકમ ચૂકવી દેવાની ધમકી આપવામાં આવે છે અન્યથા તમારો ફોટો/વિડિયો વાયરલ કરવામાં આવશે. જેમાં ડર બતાવીને છેડતી કરવામાં આવે છે.

સેક્સટોર્શન અને બ્લેકમેઈલિંગ વચ્ચે ઘણી સામ્યતાઓ છે, પરંતુ બ્લેકમેઈલિંગ માત્ર સેક્સટોર્શન જ નહીં પણ વિવિધ કેસોમાં થઈ શકે છે. સેક્સટોર્શન આજે એક મોટી સમસ્યા બની ગઈ છે. તેનું કારણ એ છે કે આજની પેઢી માત્ર ઓનલાઈન વિડીયો કોલ દ્વારા શારીરિક સંબંધો જ નથી બનાવતી પરંતુ તેને કોઈને કોઈ ઉપકરણમાં રેકોર્ડ પણ કરે છે. આ તમને સરળ શિકાર બનાવે છે. જો મોટા શહેરોની વાત કરીએ તો 25-30 ટકા લોકો સેક્સટોર્શનનો શિકાર બને છે, પરંતુ ત્રીજી કક્ષાના શહેરોમાં આ આંકડો 35થી 40 ટકા સુધી પહોંચે છે. જ્યારે ગ્રામીણ વિસ્તારોમાં આ આંકડો 10 થી 15 ટકા છે.

ભારતમાં સેક્સટોર્શનને લઈને કાયદો સંપૂર્ણ રીતે સક્ષમ નથી. ઈન્ફોર્મેશન ટેક્નોલોજી એક્ટ-2000 ની કલમ-67 માત્ર સેક્સટોર્શન પર લાગુ થાય છે જે અપૂરતી છે. સેક્સટોર્શનમાં, તમારી પાસેથી છેડતી કરવામાં આવે છે, તમને માનસિક અને સામાજિક ઈજાઓ થાય છે અને કેટલાક આ ડરને કારણે આત્મહત્યા પણ કરે છે.

માનસિક અને સામાજિક ઈજાઓ થાય છે અને કેટલાક આ ડરને કારણે આત્મહત્યા પણ કરે છે. જો આ મામલો કોર્ટમાં જાય તો પણ લોકોને વધુ સફળતા મળતી નથી. કારણ કે કોર્ટમાં ઈલેક્ટ્રોનિક પુરાવા દર્શાવવા પડે છે, જે એક મોટો પડકાર છે. આટલું જ નહીં આવા કેસમાં પોલીસનું વલણ પણ ખૂબ જ કથિત રીતે મોટાભાગના કિસ્સામાં ઢીલું હોય છે. મોટા ભાગના કિસ્સાઓમાં, પોલીસ કેસ નોંધતી નથી અને જો તેઓ કરે તો પણ તેઓ નબળા વિભાગો લાદે છે. સેક્સટોર્શનનો ભોગ બનેલી વ્યક્તિએ સૌપ્રથમ તો તે લોકો સાથેનો સંપર્ક કાપી નાખવો જોઈએ. તમારી વાંધાજનક સામગ્રી સાર્વજનિક થઈ જશે, એવી તમારે ચિંતા કરવાનું બંધ કરવુ જોઈએ. જો તમના લાગે કે તે સાર્વજનિક થઈ ગયું છે, તો જેના પર થોડા દિવસો સુધી ચર્ચા થશે અને પછી મામલો રફેદફે થઈ જશે. લોકો ભૂલી જશે. જો કે તે એટલું સરળ નથી તેથી જ આ કેસોમાં આત્મહત્યા વધી રહી છે. પરંતુ તમારે આવા પગલાં લેવાનું ટાળવું જોઈએ. બે ઘટનાઓમાં જેમાં બે અલગ-અલગ પીડિતોએ આત્મહત્યા કરી હતી. એક કિસ્સામાં મધ્યમવર્ગીય પરિવારની છોકરીએ આત્મહત્યા કરી લીધી. ખંડણી ચૂકવવા માટે યુવતી પાસે પૈસા નહોતા. તેને લાગ્યું કે તેનો વીડિયો વાયરલ થવાથી સમાજમાં તેના માતા-પિતાનું નાક કપાઈ જશે, જેના કારણે તેણે આત્મહત્યા કરી લીધી.


બીજા બનાવમાં પીડિતા ખૂબ જ હતાશ થઈ ગઈ હતી અને તેણે આત્મહત્યા કરી લીધી હતી. આમાંના મોટાભાગના કેસોમાં પીડિત છોકરીઓ હોય છે કારણ કે છોકરીઓ વધુ સંવેદનશીલ હોય છે. છોકરાઓ એટલી કાળજી લેતા નથી. આવા કિસ્સામાં આત્મહત્યાનું એક મોટું કારણ સમાજમાં બદનામીનો ડર અને દબાણ છે.

સેક્સટોર્શનના ગુનામાં આરોપીઓને કડક સજા માટે ભારતીય કાયદાઓમાં ઘણા ફેરફારો અને સુધારાની જરૂર હોવાનો મત કાયદાના નિષ્ણાતો વ્યકત કરી રહ્યાં છે. તેમજ નવા કાયદા બનાવવાની જરૂર હોવાનું કહી રહ્યાં છે.

આવી બાબતોને રાજકીય રીતે પણ ઉઠાવવી જોઈએ અને લોકોને જાગૃત કરવા જોઈએ. હવે તો બાળકોના હાથમાં પણ મોબાઈલ છે. તેથી જ પહેલા ધોરણથી બાળકોને સાયબર ક્રાઈમ શીખવવાની જરૂર છે. એટલું જ નહીં, આપણે કાઉન્સેલિંગ પર જેટલો ભાર આપીશું, તેટલી જ મજબૂતીથી આપણે તેની સામે લડી શકીશું.

**અમેરિકામાં આવા કિસ્સામાં કડક જોગવાઈ અમલમાં છે....**

નિષ્ણાતોના મતે, સેક્સટોર્શનના મામલામાં વર્તમાન ઇન્ડિયન આઈટી એક્ટ નબળો છે. એટલા માટે સરકારે ખાસ કરીને સેક્સટોર્શન જેવા સાયબર ક્રાઈમ માટે મહિલાઓ અને બાળકોને ધ્યાનમાં રાખીને નવો કડક કાયદો બનાવવો જોઈએ. તેને બિનજામીનપાત્ર ગુનો પણ બનાવવો જોઈએ જેમાં ઓછામાં ઓછી 5 થી 7 વર્ષની સજા થઈ શકે છે. વોટ્સએપ, ફેસબુક, ઈન્સ્ટાગ્રામ વગેરે જેવા ઓનલાઈન સર્વિસ પ્રોવાઈડર્સ માટે એક પેરામીટર બનાવવાની જરૂર છે, જેમાં ગેરવસૂલીને પ્રોત્સાહિત ન કરવામાં આવે અને તેમના પર નજર રાખી શકાય. અમેરિકામાં આવી જોગવાઈ છે જ્યાં મહિલાઓ અને બાળકો અંગેના કાયદા છે. યુરોપિયન દેશોમાં પણ આ માટે કાયદો મજબૂત છે, પરંતુ એશિયામાં આવી બાબતોને મહત્વ આપવામાં આવતું નથી.



**ધર્મ**

# આમલકી એકાદશી: આ ઉપાયો કરશો તો ખુલી જશે નસીબના દ્વાર

આમલકી એકાદશી ફાગણ મહિનાના શુક્લ પક્ષમાં યોજાતી ખાસ અગિયારસ છે. આ એકાદશીને આમલકી એકાદશી પણ કહેવાય છે. આ દિવસે ભગવાન વિષ્ણુની સાથે માતા લક્ષ્મીની પૂજા કરવામાં આવે છે. આ અગિયારનું ધાર્મિક મહત્વ ખૂબ રહેલું છે.

આ દિવસે તમે આ ખાસ ઉપાયો કરો છો તમને જીવનમાં અનેક જગ્યાએ સફળતા મળે છે અને સાથે ઘરમાં પડતી પૈસાની તકલીફ પણ દૂર થાય છે. દરેક અગિયારસ અને પૂનમનું શાસ્ત્રો અનુસાર અનેરું મહત્વ રહેલું હોય છે. આ માટે તમે પણ આજના દિવસે ભૂલ્યા વગર આ ઉપાયો કરો.



શાસ્ત્રો અનુસાર અગિયારસ કરવાનું ખૂબ મહત્વ રહેલું છે. આ અગિયારસે તમે ભૂલ્યા વગર 21 તાજા પીળા ફૂલની માળા બનાવો અને પછી આ ફુલની માળા ભગવાન વિષ્ણુને અર્પિત કરો. ત્યારબાદ વિષ્ણુ ભગવાનને દૂધ કે માવામાંથી બનેલી મીઠાઈનો ભોગ ધરાવો. આ ઉપાય કરવાથી તમને જીવનમાં પડતી અનેક મુશ્કેલીઓ દૂર થાય છે અને સાથે ઘરમાં પોઝિટિવિટી આવે છે. આ અગિયારસના દિવસે માતા લક્ષ્મીની પૂજા કરવી ખૂબ શુભ માનવામાં આવે છે. આ દિવસે માં લક્ષ્મીને પ્રસન્ન કરવા એકાક્ષી નારિયેળ અર્પણ કરો. આ ઉપાય કરવાથી તમારા નસીબના દ્વાર ખુલી જાય છે અને તમને માનસિક શાંતિ મળે છે. જો તમારા ઘરમાં બહુ કંકાશ થતો હોય તો તમારે આ ઉપાય અચુક કરવો જોઈએ. આમલકી એકદાશીના દિવસે આમળાનું ખૂબ મહત્વ રહેલું છે. ભૂલ્યા વગર આ અગિયારસે આમળાના ઝાડની પૂજા કરો અને સાથે જળ પણ ચઢાવો. આ ઉપાય કરવાથી તમારા ઘરમાં પોઝિટિવિટી આવે છે અને નેગિટિવિટી બહાર ફેંકાઈ જાય છે.

**પુસ્તક પરિચય**



▪ રિપલકુમાર પરીખ

સાપ્તાહિક ગુજરાત વંદન

# જીવનની નવી દિશા દર્શાવતું પુસ્તક

**"જીત અને હાર તમારાં વિચારો પર આધારિત છે, માની લેશો તો હારી જશો, જીદ કરશો તો જીતી જશો."**

દરેક વ્યક્તિ પોતાનાં જીવનમાં ક્યારેકને ક્યારેક તો નિરાશ થઈ જાય છે, હતાશ થઈ જાય છે. શું કરવું તે કંઈ સૂઝતું નથી, તેવાં કપરાં સમયે જો તે વ્યક્તિને કોઈ ટેકો મળી જાય, કોઈ તેને હિંમત આપે, કોઈ તેને તેનું લક્ષ્ય બતાવે, તેની નિરાશા અને હતાશાને દૂર કરે, તો તે વ્યક્તિ તેનાં જીવનમાં ચોક્કસ કંઈક અદ્ભુત કરી બતાવે છે. એવું કોઈક જે દરેક વ્યક્તિને હંમેશાં હિંમત આપતું રહે, પ્રેરણા આપતું રહે, તેનું લક્ષ્ય બતાવતું રહે તેવું અદ્ભુત અને પ્રેરણાદાયી હિન્દી પુસ્તક એટલે 'સફ઼લતા કી નીંવ'.

માઈન્ડ પાવર સેમિનાર, પર્સનાલિટી ડેવલોપમેન્ટ, પબ્લિક સ્પીકીન્ગ અને વેદિક મેથ્સ જેવી મગજને ફળદ્રુપ બનાવવા માટે વિવિધ ટેક્નિક શીખવતાં મોટીવેશનલ સ્પીકર, મીના અગ્રવાલ લિખિત આ 'સફ઼લતા કી નીંવ' પુસ્તક દરેક વ્યક્તિને જીવનની નવી દિશા દર્શાવતું અનોખું પુસ્તક છે.

લાઈફ મેનેજમેન્ટ કોચ શ્રી પરીક્ષિત જોબનપુત્રા આ પુસ્તક વિશે લખે છે, ' 'સફલતા કી નીંવ' ઘણું સરળ ભાષામાં લખાયેલું, જીવનનાં દરેક ક્ષેત્રને ધ્યાનમાં રાખતું, એકાગ્રતા વધારતું, નિશ્ચિત લક્ષ્ય સુધી પહોંચવા માટે, ઉત્તમ વ્યક્તિ બનવા માટે, સફળતા પ્રાપ્ત કરવા માટે અને હંમેશાં પ્રયત્નશીલ રહેવા માટે પ્રોત્સાહિત કરતું પ્રેરણાદાયી પુસ્તક છે. આ પુસ્તકનાં વાસ્તવિક અને જીવંત ઉદાહરણ, આપણી અંદરની શક્તિઓને મજબૂત કરવા માટે અસ્ત્રના રૂપે કામ કરે છે. જો તમે એક વિદ્યાર્થી છો, એક યુવાન છો, એક બિઝનેસમેન છો, એક કર્મચારી છો કે પછી એક ગૃહિણી છો, આ પુસ્તક તમારાં સૌ માટે સફળતાનાં નવાં શિખરો સર કરવા માટેની જાદુઈ અસર પેદા કરશે.' લેખિકા મીના અગ્રવાલ તેમનાં આ પુસ્તક વિશે લખે છે, ' મેં આ પુસ્તક બાળકો, યુવાનો, ગૃહિણીઓ, વેપારીઓ બધાં જ સમજી શકે એવી સરળ ભાષાનો ઉપયોગ કરીને લખ્યું છે. આ પુસ્તક કોઈ પણ વ્યક્તિનાં, વ્યક્તિત્વ વિકાસનાં બધાં જ આધારભૂત દ્રષ્ટિકોણને ધ્યાનમાં રાખીને લખવામાં આવ્યું છે. જ્યારે આપણે સમજવા લાયક થઈએ છીએ, ત્યારથી જિંદગી, આપણી સામે ઘણી બધી સંભાવનાઓનાં રસ્તાઓ ખોલી દે છે અને આપણે એ નક્કી કરવાનું હોય છે કે ક્યો રસ્તો આપણે પકડીશું? સાચો રસ્તો આપણને સફળતાનાં શિખર પર લઈ જાય છે અને ખોટો રસ્તો અસફળતાની ખાઈમાં ધકેલી દે છે. સાચાં રસ્તાની પસંદગી માટે આપણાં લોંગ ટર્મ અને શોર્ટ ટર્મ ગોલ, આપણી દ્રષ્ટિ, આપણાં વિચારો બધાંને સાચું માર્ગદર્શન મળે, તે હેતુથી આ પુસ્તક લખ્યું છે. આ પુસ્તક વ્યક્તિગત, સામાજિક અને આર્થિક વિકાસમાં તમને જરૂર મદદ કરશે. મને પુરો વિશ્વાસ છે કે આ પુસ્તક તમારી જિંદગી માટેનાં વિચારોને નવી દિશા આપશે અને તમારાં માટે ચોક્કસ ફાયદાકારક સાબિત થશે.' આ પુસ્તકમાં વ્યક્તિત્વ વિકાસનાં વિવિધ ૨૫ પ્રકરણો છે. જે દરેક પ્રકરણને લેખકે પોતાની આગવી દ્રષ્ટિએ સુવ્યવસ્થિત રીતે, ઉદાહરણો આપીને સમજાવેલ છે. આત્મછબી, સવારની આદતો, ખુશ થવાનાં કારણો, લક્ષ્ય, સંકલ્પશક્તિ, ભૂલોમાંથી શીખો, તમારી તાકાત, એકાગ્રતા વગેરે આ બધાં જ પ્રકરણો વાચકને તેમની નિરાશા અને હતાશા ખંખેરી, જીવનની નવી દિશા તરફ લઈ જાય છે. સરળ હિન્દી ભાષામાં લખાયેલું આ પુસ્તક વાંચીને દરેક વ્યક્તિ પોતાની જિંદગીમાં નવી ઉંચાઈઓ સર કરી શકશે અને એક સારો માણસ બની શકશે, તે નક્કી છે.




## પુસ્તકનાં કેટલાંક સુંદર વિચારો માણીએ

» જ્યારે પણ કોઈ તકલીફ આપણી જિંદગીમાં આવે તો, આપણાં ભગવાનને એમ ન કહો કે, હે ભગવાન, જુઓ મારી તકલીફ કેટલી મોટી છે? પરંતુ, તકલીફને એમ કહો કે, જો મારાં ભગવાન કેટલાં મોટાં છે.

» લહેરોને ચુપ જોઈને એવું ન સમજતાં કે સમુદ્રમાં કંઈ તાકાત નથી, અમે જ્યારે પણ ઉભા થઈશું, તોફાન બનીને ઉભા થઈશું. બસ, ઉભા થવાનું અમે હજુ નક્કી નથી કર્યું.

» આપણને નથી ખબર કે આપણને ક્યારે કોઈ સરસ આઈડિયા આવી જાય, જે આપણી જિંદગી બદલી નાખે અને જિંદગીની દિશા જ બદલાઈ જાય. વાસ્તવિકતા એ છે કે દરેક વ્યક્તિમાં અનંત ક્ષમતા છે. દરેક વ્યક્તિ સફળ થવા માટે જ બન્યો છે અને જો તે ઈચ્છે તો અનંત સફળતા પ્રાપ્ત કરી જ શકે છે. સફળ થવું આપણો જન્મસિદ્ધ અધિકાર છે. એક અસફળ અને નિરાશાવાદી જિંદગી જીવવી એ ઈશ્વર દ્વારા મળેલી સંપત્તિનું અપમાન કરવા બરાબર છે.

**બોધકથા**

સાપ્તાહિક ગુજરાત વંદન

# સ્માર્ટ મોબાઇલ ફોન: મિત્ર કે દુશ્મન - મનોવ્યથા એક કિશોરીની...

**ધોરણ 10માં ભણતી વૈદેહીના સ્વભાવમાં આવેલા એકાએક ઉગ્ર પરિવર્તનના પગલે એવું થયું કે....**

સુરત શહેર ની દસમાં ધોરણમાં ભણતી વૈદેહી નાનપણ થી જ ખૂબ હોંશિયાર, કાયમ વાર્ષિક પરિક્ષામાં પ્રથમ ક્રમાંક મેળવીને જ જંપે. ભણવા માટે તેને કયારે કહેવું પડતું નહતું. એને કયારે કોઈ ભણાવે પણ નહિ એની જાતેજ બધું શીખે, એકવાર માં યાદ રહી જાય તેવી યાદ શક્તિ, એટલી હોંશિયાર વૈદેહી દસમાં ધોરણ માં ૯૬ ટકા સાથે પાસ થતાં માતા પિતા ની ખુશી નો પાર ન રહ્યો. ગણિત વિષય ખૂબ પ્રિય હોવાથી વૈદેહી એ આગળ સાયન્સ લેવાનો નિર્ણય કર્યો,,અને અગિયાર માં ધોરણ માં પ્રવેશ કર્યો, અગિયાર માં ધોરણ માં સાયન્સ લેવાનું હોવાથી તેને તેણી શળા છોડવી પડી.

નવી શાળા માં વૈદેહી ખૂબ ઉત્સાહ અને નવા જોશ સાથે જવા લાગી. પહેલે થી જ ઓછું બોલનાર વૈદેહી નું મિત્ર મંડળ નહી જેવું જ હતું પરંતુ શાળા બદલાતાં તે સાવ એકલી પડી ગઈ. વર્ગ માં સાથે બેસતી છોકરી સાથે જ હવે બોલવાનુ થતુ.એવામાં, કોરાના મહામારી એ દસ્તક આપ્યા, અને હવે તો શાળાએ જવાનું પણ બંધ થઈ ગયું. વૈદેહી સાવ એકલી પડી, હવે શાળા પણ ઓનલાઈન શરૂ થઈ, ભણવાનું ઓનલાઈન તેને ગમતું નહોતું, પરંતુ એ સિવાય બીજો કોઈ વિકલ્પ પણ નહતો.હવે બધું કામ કાજ મોબાઈલ ની મદદ થી થવા લાગ્યું, લોકડાઉન નાં કારણે નોકરી ધંધા પણ બંધ, ઘરની બધી વ્યક્તિ ઘર માં જ પુરાઈ ગઈ. શરુઆતમાં તો બધાં હળીમળીને કામ કરતા, ત્યારબાદ સાથે બેસીને રમતો રમી સંપૂર્ણ કુટુંબ ખુશી થી દિવસ પસાર કરતું, અને તેની સાથે દરેક વ્યક્તિ પોતાનું કામ મોબાઈલ ફોન થી પણ કરતો, પરંતું સમયજતાં પિતા ઓફિસ નું કામ ઓનલાઈન કરી થાકી જાય પછી બીજી વાતો માટે એમનાં માં કંઈ ઈચ્છા ન રહે, બીજી બાજુ વૈદેહી ને એક મોટી બહેન,પણ હતી, તે પણ તેની સાથે બેસીને થોડો સમય પસાર કરતી, પરંતુ થોડાં દિવસ બાદ તે પણ ઓછું થઈ ગયું અને હવે વૈદેહી ફરીથી એકલી થઈ ગઈ, તેને હવે એકલતા ગમતી ન હતી. પણ હવે તે એકલી કયાં હતી, મોબાઈલ તેનો નવો સાથીદાર બન્યો હતો. વૈદેહીને હવે મોબાઈલ નો સાથ સારો લાગવા માંડયો હતો, ગમે ત્યારે તે મોબાઈલ લઈ ઓનલાઈન ગેમ રમતી, ફેસબુક થી બનાવેલા મિત્રો સાથે વાતચીત કરી સમય પસાર કરવા લાગી.

ઘરમાં કોઈ ને સાથે વાત સુધ્ધાં ન કરતી, જમાવાના સમયે આવે ને પાછી પોતાના રૂમમાં જતી રહેતી, ભણવા માં પણ તેને રસ પાડતો ન હતો, તેની અસર હવે તેનાં પરિણામ પર જોવા મળી, અગિયાર માં ધોરણની પરીક્ષા માં તેનાં ગુણ ઓછાં આવ્યાં. મહામારી પૂર્ણ થઈ ગઈ, બધુ પૂર્વવત્ ધીરેધીરે થવા લાગ્યું, , શાળા કોલેજો શરૂ થઈ, નોકરદારો કામે જતા થયા. પરંતુ વૈદેહી ની માનસિક સ્થિતિ કથળી ગઈ, એકલતા ના કારણે તેનાં મન પર ઊંડો ઘા થયો, કોઈ ને પણ દેખાઈ ન શકે તેવો અકલ્પનીય. વૈદેહી શાળા એ તો જવા લાગી, પરંત એકદમ મુક અને આવક બાની યંત્રવત્ કાર્ય કરતી, એકદિવસ તેની માતા ને વૈદેહી ન આચરણ માં કંઈક અલગ હોય તેવું લાગ્યું. માતા સુમિત્રા તેની સાથે વાતચીત કરવા માટે તેના રુમ મા ગઈ, દરવાજો ખુલ્લો હોવાથી તે સીધી અંદર દાખલ થઇ ગઇ, અચાનક માતા ને આવેલી જોઈ ને વૈદેહી ક્રોધિત થઈ ગઈ, અને જોરથી બૂમ પાડી ઉઠી, મમ્મી તમે કેમ પૂછયા વગર મારી રુમ મા આવ્યાં છો? સુમિત્રા બહેન બોલ્યાઃ બેટા, મને તારી ચિંતા થતી હતી, એટલે હું તારી સાથે વાતચીત કરવા આવી છું. વૈદેહી બોલી:તને હાલ મારી ચિંતા થઈ, અત્યાર સુધી તું ક્યાં ખોવાઈ ગઈ હતી? સુમિત્રા બહેન એકદમ ડઘાઈ ગયા, આજ સુધી ક્યારેય મોંઢા માંથી જે છોકરી નો અવાજ નહતો નીકળતો તે આજે માતા સામે મોટાં અવાજ થી બોલી ઉઠી,. થોડીવાર સુધી કંઈ પણ બોલ્યાં વગર તે ખુરશી માં બેસી રહ્યાં.વિચાર કરતા હતા, મારી દીકરી આજે અચાનક કેમ આમ ગુસ્સે થઇ ગઇ.આજ દિન સુધીમાં ક્યારે ગુસ્સે ન થનાર વ્યક્તિ અચાનક આટલો બધો ગુસ્સો પ્રદર્શિત કરે તો ચિંતા જેવી વાત ખરીને. સાંજે વૈદેહી ના પિતા સુરેશ ભાઈ આવતાં સુમિત્રા બહેન ને સવારની બધી હકીકત જણાવી, સુરેશ ભાઈ પણ વ્યથિત થઈ ગયા. પરંતુ સુમિત્રા બહેન ને શાંત રહેવા જણાવ્યું.



આઠ વાગ્યા જમવાનો સમય થયો, એટલે સુમિત્રા બહેન વૈદેહી ને બોલવા તેની રૂમ માં ગયા. ત્યારે વૈદેહી મોબાઈલ પર ગેમ રમી રહી હતી. સુમિત્રા બહેન તે જોયું અને બોલ્યાઃ બેટા ચલ જમવાનો સમય થયો બહાર આવ. પછી રમજે ગેમ્ અને બીજું કંઈ જે તારે રમવું હોય તે, સુમિત્રા બહેન નો અવાજ સાંભળતાં જ -

(અનુસંધાન પેજ નં.6પર)

Printed, Published and Owned by Editor - NIKUNJ SUDHIRKUMAR PATEL Printed at Bhaskar Printing Press, Survey No.148-P, Near Naagdevta Temple, Changodar-Bavla HighWay, Ta.Sanand, Dist. Ahmedabad, Gujarat and published from 301, Kalptaru Complex, Opp. Premchand Nagar, Jodhpur Satyagrah Chhavni Road, Ahmedabad – 380 015 Tel. 079-48987111. Co-Editor PRAVIN GHAMANDE Responsible for Selection of news under PRB Act'.

# ગેરકાયદેસર રીતે ફાયર આર્મ્સના સ્પેરપાર્ટ્સ બનાવતી ફેક્ટરી ઝડપાઈ

### » નિકોલ પોલીસને મળી મોટી સફળતા, , બે આરોપીની ધરપકડ

ગુજરાત | વંદન

અમદાવાદમાં ગેરકાયદેસર રીતે ફાયર આર્મ્સના સ્પેરપાર્ટસ બનાવતી ફેક્ટરીનો પર્દાફાશ કરીને નિકોલ પોલીસે ફેક્ટરી સંચાલક સહિત બે આરોપીની ધરપકડ કરી છે. નિકોલ પોલીસે વિવિધ કંપનીઓના સ્પેરપાર્ટસ સહિત કુલ રૂ.43,39,570નો મુદ્દામાલ કબજે કર્યો છે.

શહેર પોલીસે ગેરકાયદેસર રીતે અગ્નીશસ્ત્રો તથા દારુગોળાનુ ઉત્પાદન તથા સંગ્રહ તેમજ તેની હેરાફેરી અને વેચાણમાં સંડોવાયેલા લોકો સામે ખાસ ઝુંબેશ શરૂ કરી છે. આ ઝુંબેશ અંતર્ગત નિકોલ પોલીસ સ્ટેશનના ઈન્સ્પેક્ટર કે.ડી.જાટ તથા સાઈબર સ્કવોડમાં ફરજ બજાવતા હેડ કોન્સ્ટેબલ ચેતનકુમાર કાળાભાઈ અને પોલીસ કોન્સ્ટેબલ કિરીટસિંગને બાતમી મળી હતી કે, કાઠવાડા જીઆઈડીસી રોડ નંબર- 1 પર પ્લોટ નંબર- 4 ખાતે આવેલી મેટાબિલ્ડ ઈન્ડસ્ટ્રીઝ નામની કંપનીમાં ગેરકાયદેસર રીતે અગ્નીશસ્ત્રો ના સ્પેરપાર્ટસ બનાવવામાં આવે છે. ફાયર આર્મ્સ લાઈસન્સ મેળવ્યા વિના અને મેળવ્યા વિના ગેરકાયદેસર રીતે ફાયર આર્મ્સ બનાવવામાં આવે છે. નિકોલ પોલીસે બાતમીના આધારે કારખાનામાં દરોડો પાડ્યો હતો. જેમાં યુનિક આલ્પાઈન કંપનીની



JPR-1 કોડિયાક સ્કાઉટ રાઈફલની JPR-1 કોડિયાક સ્કાઉટ રાઈફલના વિવિધ સ્પેરપાર્ટ્સ (1)ટ્રિગર બ્લેડ (2)હોલ્ડર (3))નટ (4)ફ્લશ કપ (5)હેરિસ સહિત એડેપ્ટર (6) ઓઝીહર/એક્સટ્રેક્ટર(7)રીગેલ શેઈબે (8)સિચેરુંગ સ્વેલ (9) સ્કલોશેલ્ટર (10)શ્લેબોલઝેનફાહ્રે/ ફાયરિંગ પિન એક્સ્ટેંશન (11) મેગેઝીનહેબલ(12) ગિયરબોક્સ હાઉસિંગ(13) લીવર (14)બાર (15)SEAR (16)આ સ્પેરપાર્ટ્સ બનાવવા માટે ABZUGSBUGEL(17) TRIGGER અને ડાઈ નંગ 17 મળીને કુલ રૂ. 43,39,570નો મુદ્દામાલ જપ્ત કર્યો છે.

નિકોલપોલીસે જણાવ્યું હતું કે દરોડા દરમિયાન કારખાનાના માલિક કનવ મહેશ કુમાર છાટબાર ઉંમ્ર (39) (રહે. રાજધાની બંગલોજ, રામવાડી, ઈસનપુર અને કંપની મેનેજર સ્નેહલ શિવરામ હેડુ (રહે. F-103, માતૃ સાનિધ્ય ફ્લેટ, ન્યૂ મણિનગર, એક્સપ્રેસ હાઈવે પાછળ સીટીએમ) ની ધરપકડ કરવામાં આવી છે. જ્યારે કંપનીના જનરલ મેનેજર અશોક ભાઈ કેરાજી પ્રજાપતિ (રહે. વસ્ત્રાલ) ફરાર છે. પોલીસે જણાવ્યું કે આરોપીઓની પૂછપરછ કરવામાં આવી રહી છે. ફરાર આરોપીઓને પકડવા દરોડા પાડવામાં આવી રહ્યા છે.

# ઘરમાં સૂતેલા યુવક પર એસિડ એટેક, 6 સામે ગુનો નોંધાયો



ગુજરાત | વંદન

શહેરમાં લેઝર લાઈટ મારવા જેવી સામાન્ય બાબતમાં એક યુવક પર એસિડ અટેક કરવાની ઘટના સામે આવી છે. મળતી માહિતી મુજબ ગુજરાત હાઉસિંગ બોર્ડમાં રહેતા યુવક પર એસિડ એટેક કરવામાં આવ્યો છે. ઘરમાં ઘૂસી સૂતેલા યુવકના મો પર એસિડ ફેંકવામાં આવ્યું હતું, આ મામલે રખિયાલ પોલીસે 6 લોકો સામે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે. એસિડ એટેકને પગલે સમગ્ર વિસ્તારમાં ચકચાર મચી જવા પામી હતી.

### ગુજરાતવાસીઓ - ધકધકતી ગરમીમાં શેકાવા રહેજો તૈયાર

# હવામાન વિભાગની આગાહી આગામી દિવસોમાં વધશે 2 ડિગ્રી તાપમાન

**રાજ્યમાં તાપમાનનો પારો 35થી 37 ડિગ્રી પહોંચવાની શક્યતા**

ગુજરાત | વંદન

ગુજરાતમાં હજુ પણ વહેલી સવારે અને રાત્રે વાતાવરણમાં ઠંડક પ્રસરી જાય છે, પરંતુ બપોરે આકરી ગરમી પડવા લાગે છે. રાજ્યમાં આગામી સમયમાં ગરમી વધારે આકરી બનવાની સંભાવના વ્યક્ત કરાઈ રહી છે. ત્યારે રાજ્યમાં ગરમીને લઈને હવામાન વિભાગે મોટી આગાહી કરી છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, આગામી દિવસોમાં તાપમાન વધાવાની સંભાવના છે.

હવામાન વિભાગે ગરમી આકરી પડવાની આગાહી કરતા કહ્યું છે કે ઉત્તર-પશ્ચિમના પવનો ફૂંકાતા આગામી દિવસોમાં બે ડિગ્રી



(તસ્વીર: મૌર્ય ભાગ્યવાન)



તાપમાનમાં વધારો થઈ શકે છે. રાજ્યમાં તાપમાનનો પારો 35થી 37 ડિગ્રી પહોંચવાની શક્યતા છે. જોકે, આગામી 48 કલાક બાદ ફરી 2થી 3 ડિગ્રી વધી જશે.

રાજ્યમાં ઉત્તર પશ્ચિમના પવન ફૂંકાતા તાપમાન વધવાની આગાહી કરાઈ છે. હાલ રાજ્યના મોટાભાગના શહેરોનું લઘુતમ તાપમાન પણ 17 ડિગ્રીએ પહોચ્યું છે. હવામાન વિભાગના જણાવ્યા મુજબ, આગામી દિવસોમાં ઉતર ગુજરાતમાં તાપમાનનો પારો વધી શકે છે.

હવામાન વિભાગે એલર્ટ જાહેર કર્યું છે કે દેશના મોટા ભાગના રાજ્યોમાં આ મહિનાના અંત સુધીમાં કાળઝાળ ગરમી અત્યાર સુધીના તમામ રેકોર્ડ તોડશે.

# સાપ્તાહિક રાશિફળ

પંડિત અજય શર્મા

**મેષ** (અ.લ.ઈ)
અધરામાં અધરુ કાર્ય સરળતાથી પૂરુ કરી શકશો પણ તેના માટે દ્રઢ નિશ્ચય સાથે કામ કરવાની જરુરિયાત રહેશે. કોઈપણ નિર્ણય લેતા પહેલા પરિસ્થિતિનાં તમામ પાસાઓ ચકાસી લેવા કારણ કે, બીજાની વાતમાં આવીને લીધેલા નિર્ણયોથી તમારુ નુકશાન થઈ શકે છે.

**વૃષભ** (બ.વ.ઉ)
જો કોઈ સરકારી કાર્યવાહી ચાલી રહી છે તો આજે આપણને તેની સાથે જોડાયેલો ઉપાય મળશે. કોઈ ખાસ મિત્રને મળવાનો યોગ સર્જાય. તમારો પક્ષ મજબૂત રાખો. બીજાની અંગત પ્રવૃત્તિઓથી તમારી જાતને દૂર રાખો. તમારા વ્યક્તિગત અને પારિવારિક મામલાઓને મહત્વ આપો.

**મિથુન** (ક.છ.ઘ)
આવનાર સમય ખૂબ જ સારો રહેશે. કોઈ ખાસ કાર્યનું નિરાકરણ થવા જઈ રહ્યું છે. ફક્ત તમારા વિશે જ વિચારો અને તમારા માટે કામ કરો. કોઈ અનુભવી વ્યક્તિ સાથે જોડાયેલ પારિવારિક વિવાદનો ઉકેલ આવશે અને પરસ્પર સંબંધો ફરી મધુર બનશે.

**કર્ક** (ડ.હ)
સંજોગો તમારી તરફેણમાં સુખદ પરિવર્તન લાવી રહ્યા છે. સંબંધીઓ સાથે નબળા સંબંધોને સુધારવામાં તમારી વિશેષ ભૂમિકા રહેશે. પરિવાર સાથે પ્રવાસનો કાર્યક્રમ પણ બનાવી શકાય છે. પાડોશીઓ સાથે નકામી દલીલોથી દૂર રહેવું.

**સિંહ** (મ.ટ)
તમારી જીવનશૈલીને વધુ અદ્યતન રાખવાનો પ્રયાસ કરો. તમારા કામને નવો લુક આપવા માટે કેટલીક રચનાત્મક પ્રવૃત્તિઓમાં પણ રસ લેશો. વિદ્યાર્થીઓને સ્પર્ધા સંબંધિત પ્રવૃત્તિઓમાં અણધારી સફળતા મળી શકે છે. બીજાની અંગત બાબતથી ખુદને દૂર રાખો.

**કન્યા** (પ.ઠ.ણ)
કોઈ સંબંધી દ્વારા મહત્વના સમાચાર પ્રાપ્ત થશે. જે તમારા ભવિષ્ય માટે ખૂબ ફાયદાકારક સાબિત થશે. અટકેલાં પૈસા છૂટા થતાં આર્થિક સ્થિતિ પણ ઘણી સારી રહેશે. દિવસનાં બીજા ભાગમાં થોડી પરેશાનીઓ આવશે. અચાનક તમારી સામે કોઈ સમસ્યા ઉભી થઈ જાય.

**તુલા** (ર.ત)
તમે કોઈપણ મુશ્કેલ પરિસ્થિતિને તમારા સંતુલિત વર્તન અને આત્મવિશ્વાસથી સંભાળી શકો છો. કોઈપણ સમસ્યાનો ઉકેલ સરળતાથી મળી જશે. જો સરકાર અથવા કોર્ટ સંબંધિત કેસ અટવાયો તો આજે તેમાં સફળતા મળવાના વ્યાજબી યોગ છે.

**વૃશ્ચિક** (ન.ય)
વ્યવસ્થિત ને આયોજનબદ્ધ રીતે કાર્ય સંપન્ન કરો. ધાર્યું પરિણામ મળવાથી ખુશ રહેશો. આવક વધશે. યુવાનોને કરિયર સંબંધિત સારા સમાચાર મળી શકે છે. કામમાં અડચણ આવી શકે છે અને આ કારણે ગુસ્સો આવશે. ઘરમાં નવું કામ શરૂ કરતા પહેલાં બજેટનું ધ્યાન રાખવું જરૂરી.

**ધન** (ભ.ધ.ફ)
બાળકોના શિક્ષણ તથા કરિયર અંગે કોઈ મુશ્કેલી હશે તો તેનો ઉકેલ આવશે. વિવાદિત સંપત્તિનો કેસ છે તો કોઈ અનુભવી વ્યક્તિની મદદથી ઉકેલ આવે તેવી શક્યતા છે. તાણમાંથી રાહત મળશે. આકસ્મિક ખર્ચમાં વધારો થઈ શકે છે. ધીરજ ને સંયમથી કામ કરવું.

**મકર** (ખ.જ)
કોઈ અનુભવી વ્યક્તિના માર્ગદર્શન હેઠળ કામ પૂરા થશે અને તમારી અંદર અલગ જ એનર્જી જોવા મળશે. યુવાવર્ગ પોતાના ભવિષ્ય સંબંધિત કામો અંગે ગંભીર રહે. વધુ ખર્ચ કરવાને કારણે નાણાભીડ રહેશે. ઉધાર લીધેલા પૈસા પરત આપવાનો પ્રયાસ કરો.

**કુંભ** (ગ.સ.શ.ષ)
તમને વિશેષ ઉપલબ્ધિ મળી શકે છે. પોતાના કામોને વ્યવસ્થિત રીતે કરવાથી સફળતા મળશે. સમાજમાં માન-પાન વધશે. વિદ્યાર્થીઓની સમસ્યા દૂર થશે. અનિચ્છનીય વ્યક્તિઓથી દૂર રહેવું. તમારો ગુસ્સો બીજા માટે સમસ્યા ઊભી ના કરે તે જોવું.

**મીન** (દ.ચ.ઝ)
દિવસ સારી રીતે પસાર થશે. મિત્ર અથવા સંબંધીઓ સાથે ચાલતો વિવાદ દૂર થઈ સંબંધોમાં મધુરતા આવશે. ઘરની સાફ-સફાઈ તથા અન્ય કાર્યમાં તમારો રસ જળવાઈ રહેશે. વિદ્યાર્થીઓને સફળતા મળશે. કોઈ પણ કામ કરતા પહેલાં તે અંગે પૂરી જાણકારી મેળવો, કારણ કે અનુભવ વગર કામ ખરાબ થઈ શકે છે. કોર્ટ કેસ અથવા સંપત્તિ વિવાદને મધ્યસ્થીથી ઉકેલવાનો પ્રયાસ કરો.

### આ રોડ ટ્રાફિક માટે સૌથી વ્યસ્ત ગણવામાં આવે છે

# પૂર્વ વિસ્તારમાં બાપુનગર ભીડભંજન રોડ પર વાહન પાર્કિંગ માટે પૈસા લેવાશે

ગુજરાત | વંદન

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા શહેરમાં ટ્રાફિકની સમસ્યા ઓછી થાય તેના માટે થઈ અને પે એન્ડ પાર્ક ઉભા કરવામાં આવી રહ્યા છે. હવે ઓન સ્ટ્રીટ પાર્કિંગ પણ શરૂ થયું છે. જેમાં કોર્પોરેશન અને પોલીસ વિભાગનું અણઘડ આયોજન સામે આવ્યું છે. પૂર્વ વિસ્તારમાં બાપુનગર અને નરોડા વિસ્તારમાં ઓન સ્ટ્રીટ પાર્કિંગ નક્કી કરવામાં આવ્યા છે. બાપુનગરના સૌથી વ્યસ્ત ગણાતા એવા ભીડભંજન હનુમાન મંદિર રોડ ઉપર ઓન સ્ટ્રીટ પાર્કિંગ આપવાનું નક્કી કરવામાં આવ્યું છે. એક તરફ આ રોડ ટ્રાફિક માટે સૌથી વ્યસ્ત ગણવામાં આવે છે અને ત્યાં દિવસ દરમિયાન લોકોની સાથે વાહનોનો ટ્રાફિક હોય ત્યારે આવા બાપુનગરના ભીડભંજન રોડ ઉપર ઓન સ્ટ્રીટ પાર્કિંગ આપવાના કારણે ટ્રાફિક હળવો નહીં પરંતુ ટ્રાફિકની સમસ્યા વધુ ઊભી થશે.

હવે માત્ર શહેરના બ્રિજની નીચે પ્લોટમાં પાર્કિંગ નહીં પરંતુ હવે



ઓન સ્ટ્રીટ પાર્કિંગ પણ શરૂ કરવામાં આવ્યું છે. ત્યારે મ્યુનિસિપલ કોર્પોરેશનના એસ્ટેટ વિભાગ દ્વારા પૂર્વ વિસ્તારમાં ઉત્તર ઝોનમાં આવતા નરોડા અને બાપુનગર વિસ્તારમાં બે બ્રિજ નીચે અને છ ઓન સ્ટ્રીટ પાર્કિંગ નક્કી કરવામાં આવ્યા છે જેના ટેન્ડર બહાર પાડવામાં આવ્યા છે. બાપુનગર વિસ્તારમાં દિવસ દરમિયાન અને પીક અવર્સના સમયમાં સૌથી વધુ વ્યસ્ત અને ટ્રાફિક વાળો રોડ એવો બાપુનગર ચાર રસ્તાથી કબીર ચેમ્બર્સ એટલે કે ભીડભંજન હનુમાન મંદિર રોડ પર ઓન સ્ટ્રીટ પાર્કિંગ આપવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. એક તરફ આ રોડ સૌથી વ્યસ્ત હોય છે અને ભારે ટ્રાફિક હોય છે.

**ભીડભંજન રોડ બજાર પર પે એન્ડ પાર્ક**

વિસ્તારનું સૌથી મોટું બજાર ગણાતું એવું ભીડભંજન રોડ બજાર પર પે એન્ડ પાર્ક કરી વાહનો મૂકવામાં આવશે. તો લારી ગલ્લા ઉપરાંત બીજા વાહનો ત્યાં પાર્ક કરવામાં આવશે તો ઘણો ટ્રાફિક થશે. મ્યુનિસિપલ કોર્પોરેશન તંત્ર દ્વારા ત્યાં જે પણ લોકો વાહન પાર્ક કરે તેની પાસેથી પૈસા ઉઘરાવવા માટે થઈ અને આ પે એન્ડ પાર્ક આપવા માટેનું નિર્ણય લીધો છે. પરંતુ આ રોડ ઉપર વાહન જ પાર્ક થઈ શકે તેમ નથી.

# સર્ચમાં ગયેલા GST અધિકારી કોઈપણ વ્યક્તિની માતા-પિતા કે સંતાનની હાજરીમાં અપમાનજનક રીતે પૂછપરછ ન કરી શકે : HC

ગુજરાત | વંદન

જીએસટી અધિકારીઓ ટેક્સ ચોરી માટે સર્ચ વખતે વેપારીઓના ઘરે જઈને મનમાની કરી શકે નહીં. ગુજરાત હાઈકોર્ટે અગાઉ જીએસટી વિભાગને સ્પષ્ટ નિર્દેશો જારી કરેલા છે. તેમ છતાં કેટલાક કિસ્સામાં તેનું પાલન નહીં થતાં હાઈકોર્ટે 10 મુદ્દાની માર્ગદર્શિકાનું પાલન કરવા કડક આદેશ કર્યો છે. હાઈકોર્ટમાં આવેલા એક કિસ્સામાં એવી ફરિયાદ કરવામાં આવી છે કે, જીએસટી ચોરીની આશંકાએ ઘરે સર્ચ માટે આવેલા અધિકારીઓ તેમના સંતાનો અને માતા-પિતાની હાજરીમાં વેપારી સાથે અયોગ્ય વર્તન કર્યું હતું. જેના કારણે તેમના સંતાનો અને માતા-પિતાની માનસિક સ્થિતિ પણ કથળી હતી.

વેપારીએ હાઈકોર્ટ સમક્ષ એવી દલીલ કરી હતી કે, અગાઉ હાઈકોર્ટે કરેલા નિર્દેશો હોવા છતાં તેમના સંતાનોની હાજરીમાં અયોગ્ય રીતે વર્તન કર્યુ છે. હાઈકોર્ટે અધિકારીઓને એવી ટકોર કરી હતી કે, કોઈપણ વેપારીના ઘરે સર્ચ ચાલતી હોય ત્યારે સંતાનો અને માતા-પિતાની હાજરીમાં અયોગ્ય વર્તન કરી શકાય નહી.

### થલતેજ વિસ્તારમાં AMCના સ્ટાફ પર ગંભીર હુમલો થવાની ઘટના સામે આવી

# AMCની ટીમ પર હુમલો કરવાના બનાવમાં આરોપી સામે એટ્રોસિટી કેસ

ગુજરાત | વંદન

અમદાવાદમાં ગઈકાલે AMCના કર્મચારી પર હુમલા કરવામાં આવ્યો હતો. આ મામલે આરોપી સામે એસ્ટ્રોસીટી અંતર્ગત કેસ દાખલ કરવામાં આવ્યો છે. પોલીસ આરોપીની ધરપકડ કરશે. આરોપી AMCનાં પૂર્વ કમિશનર અને નિવૃત IAS અધિકારીનો પૂત્ર છે.

અમદાવાદમાં શુક્રવારે થલતેજ વિસ્તારમાં અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના



કર્મચારી પર AMCનાં પૂર્વ કમિશનર અને નિવૃત IAS અધિકારીના પૂત્રએ છડી વડે હુમલો કરવામાં આવ્યો હતો. આ હુમલો આશિષ ત્રિપાઠી નામના વ્યક્તિએ કર્યો હતો. આ મામલે પોલીસે તેની અટકાયત કરી છે અને તેની સામે ફરીયાદ નોંધાઈ છે. આ હુમલામાં આશિષ ત્રિપાઠી પર એસ્ટ્રોસીટિ એક્ટ હેઠળ પણ કેસ દાખલ કરવામાં આવ્યો છે. આ સમગ્ર કેસની તપાસ SC-ST સેલને સોંપવામાં આવી છે. આ મામલે પોલીસ આરોપીની ધરપકડ કરશે.

શુક્રવારે અમદાવાદના થલતેજ વિસ્તારમાં અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનનો સ્ટાફ ઉત્તર પશ્ચિમ ઝોન થલતેજમાં ટેક્સની વસૂલાત કરવા માટે ગયો હતો.

# ડ્રગ્સની હેરાફેરીના કિસ્સા સતત વધ્યા, 495 ગ્રામ એમડી ડ્રગ્સ સાથે બેની ધરપકડ

ગુજરાત | વંદન

અમદાવાદ શહેરમાં ડ્રગ્સની હેરાફેરીના કિસ્સા પણ સતત વધી રહ્યા છે. અમદાવાદમાં ફરી એકવાર લાખો રૂપિયાનું ડ્રગ્સ પકડાયું છે. આ વખતે અસલાલી હાથીજણ રોડ પરથી ડ્રગ્સ સાથે બે આરોપીઓ ઝડપાયા છે. પકડાયેલા શખ્સમાં એક રાજ્ય બહારના શખ્સનો પણ સમાવેશ થાય છે. પ્રાથમિક તપાસમાં આરોપીઓએ ચોંકાવનારા ખુલાસા કર્યા છે.

શહેરના અસલાલી વિસ્તારમાંથી 495 ગ્રામ એમડી ડ્રગ્સ સાથે બેની ધરપકડ કરવામાં આવી છે. આ કેસમાં ક્રાઈમ બ્રાન્ચે રખિયાલના આઝમખાન પઠાણ



અને યુપીના કૈફખાન પઠાણની ધરપકડ કરી છે. આરોપીઓ આ ડ્રગ્સનો જથ્થો યુપીના આઝાદ નામના શખ્સ પાસેથી લાવ્યા હોવાનું પ્રાથમિક તપાસમાં સામે આવ્યું છે. આરોપીઓ ડ્રગ્સ લઈને તેનું છૂટક વેચાણ કરી રહ્યા હતા.

શહેરમાંથી ડ્રગ્સના 500 ગ્રામ જેટલા જથ્થા સાથે બે આરોપીઓ પકડાયા છે, આ ડ્રગ્સની કિંમત 49 લાખ રૂપિયા થાય છે. આરોપીઓ કઈ રીતે યુપીથી ડ્રગ્સ લાવ્યા હતા

### ગુજરાતના યુવાનો માટે સારા સમાચાર

# ધોલેરામાં સ્થાપિત થનાર સેમિકન્ડક્ટર પ્લાન્ટ: એક લાખને રોજગારીની તકો

**ભારતની વેદાંત અને તાઈવાનની કંપની ફોક્સકોનનો સંયુક્ત સાહસ**

ગુજરાત | વંદન

ગુજરાત સરકાર દેશનો પ્રથમ સેમિકન્ડક્ટર પ્લાન્ટ સ્થાપવા માટે કટિબદ્ધ છે. જેના ભાગરૂપે ભારતીય કંપની વેદાંતા અને તાઈવાનની ઈલેક્ટ્રોનિક્સ કંપની ફોક્સકોન વચ્ચેના સંયુક્ત સાહસે ગુજરાતના અમદાવાદ શહેર નજીક ધોલેરા ખાતે ઉત્પાદન પ્લાન્ટ સ્થાપવાનું નક્કી કર્યું છે.

આ વેદાંત ગ્રુપનું અને ફોક્સકોનનું સંયુક્ત સાહસનું આઝાદી પછી કોર્પોરેટ ઈતિહાસમાં સૌથી મોટું રોકાણ છે. જેના પગલે ગુજરાતમાં 1 લાખ રોજગારીની તકો ઉભી થવાની શકયતા છે. આ બંને કંપનીઓ સંયુક્ત રીતે ગુજરાતમાં રૂ. 1,54,000 કરોડના રોકાણ સાથે સેમિકન્ડક્ટર અને ડિસ્પ્લે મેન્યુફેક્ચરિંગ પ્લાન્ટ સ્થાપશે. આ દેશનો પહેલો સેમિકન્ડક્ટર પ્લાન્ટ હશે. બંને કંપનીઓ વચ્ચેના આ રોકાણ કરાર પર ગયા વર્ષે હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા.

**ગુજરાત સરકાર દ્વારા સબસિડી અને પ્રોત્સાહનોની ઓફર**

1.50 લાખ કરોડ રૂપિયાના રોકાણ સાથે સ્થપાયેલા આ સેમિકન્ડક્ટર અને ડિસ્પ્લે મેન્યુફેક્ચરિંગ પ્લાન્ટમાંથી એક લાખ લોકોને રોજગાર મળવાની અપેક્ષા છે. ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું હતું કે આ પ્રોજેક્ટને સફળ બનાવવા માટે ગુજરાત સરકાર સંપૂર્ણ સહકાર આપશે.આ પ્રોજેક્ટને સફળ બનાવવા માટે ગુજરાત સરકાર દ્વારા સબસિડી અને પ્રોત્સાહનો ઓફર કરવામાં આવે છે, જેમાં જમીનની ખરીદી પર ઝીરો સ્ટેમ્પ ડ્યુટી, પાણી અને વીજળી પર સબસિડી વગેરેનો સમાવેશ થાય છે.

## શબ્દોની સંતાકૂકડી 50 — સાપ્તાહિક ગુજરાત વંદન

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| 1 | 2 | ■ | 3 | 4 | ■ | 5 |
| ■ | 6 | 7 | ■ | 8 | 9 | ■ |
| 10 | ■ | 11 | 12 | ■ | 13 | 14 |
| 15 | 16 | ■ | 17 | 18 | ■ | |
| ■ | 19 | 20 | ■ | 21 | 22 | ■ |
| 23 | ■ | 24 | 25 | ■ | 26 | 27 |
| 28 | | ■ | 29 | | ■ | |

**ઊભી ચાવી**

(2) હેત, પ્રેમ, વહાલ [2]
(4) શરીર, તન [2]
(7) ગયેલું, વીતેલું [2]
(9) મુશ્કેલ, અઘરું [2]
(10) ગંધ, બદબો [2]
(12) પ્રમાણ, વિસ્તાર [2]
(14) ----નું મસ ના થવું [2]
(16) ફેરો, ક્રમ [2]
(18) ભભકો, છટા [2]
(20) લક્ષ્ય, નિશાન [2]
(22) દીપક, બત્તી [2]
(23) વાયુ, અનિલ, પવન [2]
(25) માફ કરવું તે [2]
(27) નકામું, બાતલ [2]

**આડી ચાવી**

(1) ચંદ્રનો સોળમો ભાગ [2]
(3) ચુગલી, કોઈની વિરુદ્ધ અન્યને જઈ ફરિયાદ કરવી [2]
(5) પોતાના માટે વપરાતું સર્વનામ [1]
(6) કદમ, પગલું [2]
(8) થોડા વાળની સેર [2]
(11) થોડા વાળની સેર [2]
(13) તિરસ્કારનો ઉદ્ગાર [2]
(15) એક અને પા [2]
(17) હાલત, સ્થિતિ [2]
(19) વીંટો, અભિનેતાનો તે તે પાત્રગત અભિનય [2]
(21) સરિતા [2]
(24) માફી, દરગુજર કરવું [2]
(26) યુદ્ધનું અંગ્રેજી [2]
(28) એક કઠોળ [2]
(29) પાણી અને વાયુથી બનેલો પરપોટાનો સમૂહ [2]

**શબ્દોની સંતાકૂકડી-49નો ઉકેલ**

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| 1 ત | ક | 2 દી | 3 ર | ■ | 4 વા | 5 ચા |
| થા | ■ | 6 ન | ક | લ | ■ | બુ |
| 7 સ્તુ | 8 તિ | ■ | મ | ■ | 9 પા | ક |
| ■ | 10 મિ | લ | ■ | 11 લ | ય | ■ |
| 12 ચો | ર | ■ | 13 ત | વા | રી | 14 ખ |
| ર | ■ | 15 ધા | ■ | દ | ■ | જૂ |
| 16 સ | મ | તુ | લા | ■ | 17 શો | ર |

**શબ્દોની સંતાકૂકડી-50 નો ઉકેલ આવતા અંકે**

## કોયડો નં. 52 સુડોકુ — સાપ્તાહિક ગુજરાત વંદન

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | 9 | | 8 | | 5 | | |
| | 1 | | | | | | | |
| 5 | | | 4 | 3 | | 8 | | 6 |
| 9 | | 6 | | | 5 | | | 3 |
| | 5 | | | 7 | | | | |
| | 4 | | | | 8 | 1 | | 9 |
| | | 1 | 3 | | | | | 4 |
| | | 4 | | | 9 | 6 | | |
| 8 | 3 | | | 6 | | | 1 | |

ખાનાઓમાં એકથી નવના આંક એ રીતે ગોઠવાયેલા છે કે ઊભી, આડી રોમાં એક આંક એક જ વાર આવે. તે જ રીતે દરેક કોર્નરમાં નવના ચોકઠામાં પણ એકથી નવના આંક એક એકવાર જ આવવા જોઈએ. નમૂના માટે કેટલાક આંક મૂકાયા છે. ખાલી ખાનાં હવે તમે તર્ક લગાડીને ભરી કાઢો.

**સુડોકુ-52નો ઉકેલ**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 3 | 6 | 9 | 7 | 8 | 2 | 5 | 4 | 1 |
| 4 | 1 | 8 | 5 | 9 | 6 | 3 | 7 | 2 |
| 5 | 2 | 7 | 4 | 3 | 1 | 8 | 9 | 6 |
| 9 | 8 | 6 | 1 | 4 | 5 | 7 | 2 | 3 |
| 1 | 5 | 2 | 9 | 7 | 3 | 4 | 6 | 8 |
| 7 | 4 | 3 | 6 | 2 | 8 | 1 | 5 | 9 |
| 6 | 9 | 1 | 3 | 5 | 7 | 2 | 8 | 4 |
| 2 | 7 | 4 | 8 | 1 | 9 | 6 | 3 | 5 |
| 8 | 3 | 5 | 2 | 6 | 4 | 9 | 1 | 7 |

# સૌરાષ્ટ્ર, ઉત્તર અને દક્ષિણ ગુજરાત

સાપ્તાહિક ગુજરાત વંદન
gujaratvandan.com

### રાહુલ ગાંધી સામે બદનક્ષી કેસ

## વડાપ્રધાન નરેન્દ્ર મોદી અંગેના વિવાદાસ્પદ નિવેદનનો કેસ ઝડપથી ચલાવવા હાઈકોર્ટનો આદેશ

ગુજરાત | વંદન

રાહુલ ગાંધી દ્વારા ચૂંટણી પ્રચાર દરમિયાન કર્ણાટકના કોલાર ખાતે ચૂંટણી સભાને સંબોધતી વખતે નરેન્દ્ર મોદીને લઈને ટિપ્પણી કરવામાં આવી હતી. જેને લઈને સુરતના ધારાસભ્ય પૂર્ણેશ મોદી દ્વારા રાહુલ ગાંધી સામે બદનક્ષીનો દાવો માંડ્યો હતો. જેમાં હાઈકોર્ટે ટ્રાયલ કોર્ટને ઝડપથી કેસ ચલાવવા માટે આદેશ કર્યો છે. હાઈકોર્ટના જસ્ટિસ વિપુલ એમ પંચોલીએ ટ્રાયલ કોર્ટને શક્ય એટલો ઝડપી ટ્રાયલ ચલાવવા નિર્દેશ કર્યો છે.




સુરતની નીચલી અદાલતમાં કોંગ્રેસના પૂર્વ રાષ્ટ્રીય અધ્યક્ષ અને સાંસદ રાહુલ ગાંધી સામે થયેલ બદનક્ષીની ફરિયાદ મામલે ગુજરાત હાઈકોર્ટ ગાંધીને નોટિસ પાઠવી જવાબ રજૂ કરવા હુકમ કર્યો હતો. રાહુલ ગાંધીએ વર્ષ 2019માં 'મોદી અટક' સંદર્ભે ટિપ્પણી કરી હતી. જેની સામે પૂર્ણેશ મોદીએ સુરતની કોર્ટમાં કેસ દાખલ કર્યો હતો. જોકે, નીચલી અદાલતે રાહુલ ગાંધી સામે થયેલી અરજીને ફગાવી દીધી હતી.

આ બાબતે અરજદાર પૂર્ણેશ મોદીના વકીલ હર્ષિત ટોલિયા જણાવ્યું કે, ગુજરાત હાઈકોર્ટ સમક્ષ રજૂઆત કરી હતી કે CRPCની કલમ 313 પ્રમાણે આરોપીનું સ્ટેટમેન્ટ નિયમ પ્રમાણે કરવામાં નથી આવ્યું. એટલે કે રાહુલ ગાંધીને કોર્ટમાં બોલાવી તેની સામે જ સીડી બતાવી તે અંગે ઈન્ટ્રોગેશન નથી કરવામાં આવ્યું જે યોગ્ય નથી. જેને લઈને ગુજરાત હાઈકોર્ટમાં નીચલી અદાલતના હુકમ સામે અરજી કરવામાં આવી હતી.

બદનક્ષીના કેસ દરમિયાન રાહુલ ગાંધી સુરત ખાતે હાજર રહ્યા હતા. ફરિયાદી પક્ષ દ્વારા સુરત કોર્ટમાં આ સંદર્ભના સાહેદોને તપાસ કરવા માટે અરજી કરવામાં આવી હતી. જેને સુરતની ચીફ જ્યુડીશિયલ કોર્ટે ફગાવી દીધી હતી. ત્યારબાદ પૂર્ણેશ મોદી અને તેમના વકીલ દ્વારા હાઈકોર્ટમાં પિટિશન દાખલ કરી હતી. જેમાં હાઈકોર્ટે બદનક્ષીના કેસમાં જરૂર જણાય એટલા સાહેદોને તપાસ કરવા માટેની મંજૂરી આપી દીધી હતી.

### વસંત ઋતુ



અંતમાં આરંભ અને આરંભમાં
અંત.
પાનખરના હૈયામાં ટહુકે વસંત.
સોળ વરસની વય, ક્યાંક
કોયલનો લય,
કેસૂડાંનો કોના પર ઊછળે પ્રણય?
ભલે લાગે છે રંક પણ ભીતર
શ્રીમંત.
પાનખરના હૈયામાં ટહુકે વસંત.
આજે તો વનમાં કોના વિવાહ,
એક એક વૃક્ષમાં પ્રકટે દીવા.
આશીર્વાદ આપવા આવે છે સંત.
પાનખરના હૈયામાં ટહુકે વસંત.

- નરેન્દ્ર મોદી
માન.વડાપ્રધાન શ્રી

## ઈન્ચાર્જ DGPનો સપાટો બે PI અને એક PSIને કર્યા સસ્પેન્ડ

ગુજરાત | વંદન

**કચ્છના દારૂ કેસમાં PI-PSI સસ્પેન્ડ**

સ્ટેટ મોનિટરિંગ સેલે એકાદ સપ્તાહ પહેલાં ભચાઉ જીઆઈડીસી ના બંધ ગોડાઉનમાંથી કુખ્યાત બુટલેગર મામાનો 50.66 લાખનો વિદેશી દારૂ પકડ્યો હતો. પકડાયેલા આરોપીઓની પૂછપરછમાં સ્થાનિક પોલીસની મહેરબાની છતી થઈ ગઈ હતી. લિસ્ટેડ બુટલેગર કચ્છ જિલ્લા પોલીસની રહેમનજર હેઠળ વિદેશી દારૂનો વેપલો કરતો હોવાનો રિપોર્ટ થતાં વિકાસ સહાયે ભચાઉ પોલીસ સ્ટેશનના પીઆઈ ઝેડ. એન. ધાસુરા અને પીએસઆઈ કે. એન. સોલંકી ને ફરજ મોકૂફ કરી દેવા હુકમ કરી દીધો હતો.

રાજ્યના ઈન્ચાર્જ ડીજીપી વિકાસ સહાયે એક જ દિવસમાં બે પીઆઈ અને એક પીએસઆઈને સસ્પેન્ડ કરવાનો હુકમ કરતા પોલીસ બેડામાં સોપો પડી ગયો છે. ગુજરાતમાં દારૂ-જુગાર, કેમિકલ ચોરી, ગેરકાયદે ખનન, ગેસ ચોરી સહિતના અનેક અપરાધો આચરતી ટોળકીઓ સક્રિય છે અને મોટાભાગની ગેંગને પોલીસના આર્શીવાદ છે. ગેરકાયદેસર પ્રવૃત્તિ ચલાવતી પોલીસ સામે ઈન્ચાર્જ ડીજીપી સહાયે લાલ આંખ કરી છે.



હિન્દુસ્તાન પેટ્રોલિયમ અને ઈન્ડિયન ઓઈલ ના ટેન્કરોમાંથી ગેસ ચોરી કરવાના રેકેટનો સ્ટેટ મોનિટરિંગ સેલે દરોડો પાડી પર્દાફાશ કર્યો હતો. 80 લાખના મુદ્દામાલ સાથે પકડાયેલા પંકજ ભરવાડ સહિતના ચાર આરોપીઓના કબજે લેવાયેલા મોબાઈલ ફોનની તપાસમાં ચોંકાવનારી વિગતો સામે આવી હતી. દાહોદ પોલીસની પરવાનગીથી ગેસ ચોરીનું કૌભાંડ ચાલતું હોવાના પૂરાવાઓ SMC ને હાથ લાગ્યા હતા. આ મામલે SMC એ ઈન્ચાર્જ ડીજીપી સહાયને રિપોર્ટ કરી સમગ્ર હકિકતથી વાકેફ કર્યા હતા. જેના પગલે દાહોદ એલસીબી પીઆઈ આર. સી. કાનમીયાને સસ્પેન્ડ કરી દેવાનો હુકમ કર્યો હતો. આ ઉપરાંત દાહોદ એસઓજીના ASI નવઘણને સસ્પેન્ડ કરવા જિલ્લા પોલીસ વડાને આદેશ કર્યો છે.


### સુરત શહેરમાં ગયા વર્ષે

## 16 હજારથી વધુ લોકોને કૂતરાએ બચકાં ભર્યા

ગુજરાત | વંદન

સુરત શહેરમાં વિવિધ વિસ્તારોમાં રખડતા કૂતરાઓનો ત્રાસ પ્રતિદિન વધી રહ્યો છે. જોકે ગત વર્ષ 2022માં શહેરમાં વિવિધ વિસ્તારોમાં કૂતરાએ બચકા ભર્યા બાદ 1653 વ્યક્તિઓ સારવાર માટે નવી સિવિલ અને સ્મીમેર હોસ્પિટલમાં આવ્યા હતા.

પ્રાપ્ત વિગત મુજબ થોડા દિવસ પહેલા વરાછામાં માસુમ બાળકીને બાદ વેડ રોડ ખાતે એક બાળકી પર રખડતા કૂતરાએ હુમલો કર્યો હતો. ત્યારબાદ ગયા રવિવારે ખજોદ ડાયમંડ બુર્સમાં બે વર્ષીય માસુમ બાળકી પર ત્રણ ચાર કૂતરઓએ હુમલો કરતા 30 થી 40 બચકા ભરતા ચકચાર મચી જવા પામી હતી. નોંધનીય છે કે છેલ્લા કેટલાક સમયથી શહેરમાં



રાંદેર, અડાજણ, વેડ રોડ, વરાછા, નાનપુરા, કતારગામ, વરાછા, પાંડેસરા, ભેસ્તાન, લિંબાયત, ઉધના સહિતના વિસ્તારોમાં રખડતા કૂતરાઓનો ત્રાસ વધી ગયો છે. જેથી પગપાળા જતા વ્યક્તિ કે બાઈક પર જતા વ્યક્તિઓની પાછળ દોડી કુતરા બચકાં ભરે છે. જોકે વર્ષ 2022 સુરતના વિવિધ વિસ્તારોમાં 16653 કૂતરાએ બચકા ભર્યા હતા. જેમાં સારવાર અને હડકવા વિરોધી રસી મુકવા માટે નવી સિવિલમાં 9389 અને સ્મીમેર હોસ્પિટલમાં 7264 વ્યકિતઓ આવ્યા હતા.

## ઉપલેટામાં ધો. 10 પાસ ડોક્ટર ઝડપાયો, દસ વર્ષથી લોકોના સ્વાસ્થ્ય સાથે કરતો હતો ચેડાં

ગુજરાત | વંદન

ઉપલેટાના નાગવદર ગામમાંથી બોગસ ડોક્ટર ઝડપાયો છે રાજકોટ ગ્રામ્ય SOG પોલીસે ચોક્કસ બાતમીના આધારે દોરડો પાડવામાં આવ્યો હતો. ઉપલેટાના નાગવદર ગામે દોરોડ પાડી કોઈ પણ જાતની ડિગ્રી વગરના ડોક્ટરની ધરપકડ કરવામાં આવી છે. ડિગ્રી વગર ડોક્ટરની પ્રેક્ટિસ કરતા અરવિંદ નાથાભાઈ ગજેરા (ઉં.વ.56)ની ધરપકડ કરી છે. દવા અને મેડિકલના સાધનો કબ્જે કરી કાયદેસરની કાર્યવાહી હાથ



ધરી છે. આરોપીએ ધો.10 સુધી અભ્યાસ કર્યો હોવાનું અને છેલ્લા 10 વર્ષથી કોઈ પણ જાતની મેડિકલની ડિગ્રી વગર તબીબ તરીકે પ્રેક્ટિસ કરતો હોવાનું સામે આવ્યું છે. આરોપી અગાઉ પણ ડિગ્રી વગર આ ડોક્ટર પ્રેક્ટિસ કરતા પોલીસના હાથે પકડાઇ ગયો હોવાનું તપાસમાં સામે આવ્યું છે. પ્રાપ્ત વિગતો અનુસાર ઉપલેટા તાલુકાના નાગાવદર ગામ ગ્રામ્ય એ.ઓ.જી દ્વારા બાતમી મળી હતી કે નાગાવદર ગામમાં છેલ્લા કટલાય સમયથી અરવિંદભાઈ નામના વ્યક્તિ બોગસ રીતે ગામમાં દવાખાનું ધરાવે છે. લોકોના આરોગ્ય સાથે છેડા કરી રહ્યા હોવાની માહિતી મળતાની સાથે જ એ.સો.જી દ્વારા નાગાવદર ગામમાં રેડ કરવામાં આવી હતી. અરવિંદ નાથાભાઈ ગજેરાની પૂછપરછ કરતા સામે આવ્યું હતું કે તેઓ ધોરણ 10 સુધી ભણેલા છે. તેમની પાસે કોઈપણ મેડિકલ ડીગ્રી વગર છેલ્લા, 10 વર્ષથી લોકોના આરોગ્ય સાથે ચેડા કરતા હોવાનું સામે આવતા પોલીસે બોગસ ડોક્ટર ધરપકડ કરી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

## બીએસએફે સિરક્રીકમાંથી ત્રણ પાક. માછીમારોની ધરપકડ કરી

ગુજરાત | વંદન

કચ્છ માં BSF જવાનોએ પેટ્રોલિંગ કરીને સિરક્રીકમાંથી 3 પાકિસ્તાની માછીમારોની ધરપકડ કરી છે. એક ફિશિંગ બોટ જપ્ત કરી છે. BSF પેટ્રોલિંગ પાર્ટીએ સરક્રીકના પૂર્વ કિનારે હિલચાલ જોઈ અને તરત જ સ્થળ પર દોડી જઈને માછીમારોને પકડી લીધા હતા.પકડાયેલા પાક માછીમારોમાં સૈયદ ગુલામ મુર્તઝા હસન મોહમ્મદ શાહ, વિલ બાલ્દિયા, બશીર જવાદ, ગર્જે મુશાપરા, અલી અકબર અબ્દુલ ગની ભુટા કેમારીનો સમાવેશ થાય છે.



પાક માછીમારો દ્વારા જણાવવામાં આવ્યું હતું કે તેમની બોટનું એન્જીન તૂટી ગયું હતું અને ભારે ભરતી અને ભારે પવનને કારણે બોટ સિરક્રીક તરફ વહી ગઈ હતી અને તેઓ અજાણતા સરક્રીકની ભારતીય બાજુમાં પ્રવેશ્યા હતા. જપ્ત કરાયેલી બોટની સઘન તપાસ કરવામાં આવી હતી પરંતુ બોટમાંથી કે તેમના કબજામાંથી કંઈપણ શંકાસ્પદ મળ્યું ન હતું.

પ્રાથમિક પૂછપરછ બાદ આ પાકિસ્તાનીઓને નારાયણ સરોવર પોલીસના હવાલે કરવામાં આવશે જ્યાંથી તેઓને ભુજની જે.આઈ.સી.માં મોકલવામાં આવશે. જ્યાં જુદી જુદી એજન્સી તપાસ કરશે. હાલમાં જે પાકિસ્તાની શખ્સો કહી રહ્યા છે તે સત્ય છે કે કેમ તે હજુ તપાસનો વિષય બની જવા પામ્યો છે. હાલ આ કેસને લઈને તમામ એજન્સી એલર્ટ બની છે.

### બનાસકાંઠાની ડોડગામ પંચાયતનો નિર્ણય

## ગામને વ્યસનમુક્ત કરવા દારૂ-ગુટખા અને તમાકુ વેચનારને 11 હજારનો દંડ ફટકારવામાં આવશે

ગુજરાત | વંદન

સમાજમાં વધી રહેલા વ્યસનો સામે સમાજના આગેવાનો હવે વ્યસન મુક્તિ માટે પહેલ કરી રહ્યાં છે. ત્યારે એવા પણ ગામો છે જ્યાં વ્યસન કરનારાને દંડ ફટકારવામાં આવે છે તેમજ ગામમાં તમાકુના ઉત્પાદનો વેચવા પર પણ પ્રતિબંધ




લગાવવામાં આવ્યો છે. બનાસકાંઠા જિલ્લાના થરાદ તાલુકાના ડોડગામ ગ્રામ પંચાયતે ગામમાં દારૂ અને ગુટખા વેચવા પર પ્રતિબંધ લગાવી દીધો છે.

પ્રાપ્ત માહિતી પ્રમાણે થરાદ તાલુકાની ડોડગામ ગ્રામ પંચાયત દ્વારા નિર્ણય લેવામાં આવ્યો છે કે, હવેથી ગામમાં દારૂ અને ગુટખાનું વેચાણ કરનાર દંડને પાત્ર થશે. ગામમાં દારૂ વેચનારને 51 હજાર અને દારૂ લઈ જતાં પકડાય તો 5100 રૂપિયાનો દંડ થશે. તે ઉપરાંત ગુટખા અને તમાકુ વેચનારને 11 હજારનો દંડ ફટકારવામાં આવશે. આ દંડની રકમ ગૌશાળામાં અપાશે. જેનાથી પશુઓને ઘાસચારો મળી રહે.

અનુસંધાન પેજ 04 પરથી...

### દેશભક્તિ...

વૈદેહી ફરી ગુસ્સે થઇ ગઇ. અને તરતજ જોર થી બોલી ઊઠીઃ તારે મારી લાઈફ માં દખલ દેવા ની કંઈ જરૂર નથી,તું તારું કામ કર, મારો સમય થશે એટલે હું આવીશ.

તારે મારી ચિંતા કરવાની જરૂર નથી, સમજીને..

સુરેશ ભાઈએ આ વાત સાંભળી, તે તરત બોલ્યાંઃ બેટા તારી માતા છે, ચિંતા તો થાય ને? મમ્મીને સાથે આવી રીતે વાત ન કરાય બેટા. વૈદેહી ફરી એકવાર જોરથી બોલીઃ પપ્પા તમારે અમારી વચ્ચે ન પડવું.અને મમ્મી ની સાઈડતો લેતાં જ નહીં. એમ બોલીને તેણે રૂમનો દરવાજો જોરથી પછાડ્યો અને બહાર નીકળી. નીકળતાં ની સાથેજ જોર જોરથી ગમે તેમ બોલવાનુ ચાલુ કરી દીધું. રસોડાં માં જઈને વાસણ ફેકવા લાગી,જે હાથ માં આવે તે પછાડવા લાગી, સુમિત્રા બહેન તેની પાસે જવા લાગ્યાં તો તેણે જોરથી તેમને ધક્કો માર્યો, જેને કારણે તેને, ઈજા થતાં થતાં રહી ગઈ. અચાનક એટલો બધો ગુસ્સો જોઈને સુરેશ ભાઈ પણ ડઘાઈ ગયા, અને તરતજ વૈદેહી પાસે દોડી ગયાં.તેને પકડી લીધી અને સોફા પર બેસાડી.તેને શાંત થવા જણાવ્યું અને પાણી પીવડાવ્યું. ત્યારબાદ થોડું ખવડાવી ને તેની રૂમ માં લઈ ગયાં. થોડીવારમાં વૈદેહી શાંત થઈ ગઈ ને ફરી પછી મોબાઈલ લઈને બેસી ગઈ, સુરેશ ભાઈ ને સુમિત્રા બહેન ચિંતિત બની ગયા તરતજ બીજા દિવસે માનસિક રોગ ના ડોક્ટર ની મુલાકાત લીધી.

ડોકટરે માતાને શાંત રહેવા કીધું, અને વૈદેહી ને તેમની પાસે લઈ આવવા જણાવ્યું. માંડ માંડ વૈદેહી ડોક્ટર પાસે જવા તૈયાર થઈ,બસ પછી શું? ડોક્ટર સાથે વાતચીત કરતા તેમને જણાયું કે વૈદેહી માનસિક રોગ નો શિકાર બની છે,. તેમણે તેને દવા આપી અને કાઉન્સિલર સાથે વાતચીત કરવા જણાવ્યું. ત્યારબાદ થોડાં દિવસ સુધી વૈદેહી એ દવા લીધી,પણ કાઉન્સિલર પાસે જવા તૈયાર ન થઈ, વળી પાછી એક દિવસ અચાનક શાળાએ થી પાછી આવ્યાં બાદ, વૈદેહી અસ્વસ્થ દેખાતી હતી, પરંતુ માતા થી રહેવાયું નહીં અને એમણે પૂછી લીધું, સુમિત્રા બહેન બોલ્યાંઃ બેટા વૈદેહી આજે કેમ તું અસ્વસ્થ દેખાય છે? શાળાએ કંઇ થયું તો નથી ને? ત્યારે પણ અચાનક વૈદેહી જોસ થી બોલી; ફરી તું કેમ મારી લાઈફ માં દખલ કરે છે?તેને શું કામારીઆટલી ચિંતા થતી હોય છે?કે નાટક કરે છે.

એ સમયે ઘરમાં સુરેશ ભાઈ હાજર ન હતા, પરંતુ વૈદેહી ની મોટી બહેન હોવાથી તેણે મામલો થાળે પાડવાનો પ્રયત્ન કર્યો,અને વૈદેહી ને શાંત કરી તેની રૂમ માં લઈ ગઈથોડાં સમય પછી સુરેશભાઈ ઓફિસ થી ઘરે પાછા આવ્યા, ઘર નું વાતાવરણ તેમને કંઈ ઠીક ન જણાયું, તેમણે તરત સુમિત્રા બહેન ને પૂછ્યું કે ફરી કંઇ થયું છે?

સુમિત્રા બહેન રડી પડ્યા અને રડતાં રડતાં બોલયાઃ :મે શું કર્યું છે? મારી શું ભૂલ થઈ ગઈ છે? શું મે મારી દીકરી ઓને આટલાં લાડકોડ થી મોટી કરી એ મારી ભૂલ છે? મને કંઈ સમજાતું નથી હું શું કરું? એટલા માં મોટી દીકરી આવી, પિતા ને પીવા માટે પાણી આપ્યું, પાણી પીધાં બાદ સુરેશભાઈ બોલ્યાંઃ સુમિત્રા થોડી ધીરજ રાખવી પડશે, હું વૈદેહી સાથે વાત કરી તેને કાઉન્સિલર પાસે જવા માટે સમજાવું છું,તું ચિંતા ન કર., સુરેશ ભાઈ એમ કહી વૈદેહી સાથે વાતચીત કરવા માટે તેની રૂમ માં ગયાં. પિતા ને રૂમમાં આવેલા જોઈને વૈદેહીએ મોઢું ફેરવી લીધું. સુરેશભાઇ બોલ્યાઃ દીકરા મારી સાથે વાતચીત નહીં કરે? એવું તો કેમ ચાલશે? વૈદેહી બોલીઃ તમે પણ મમ્મી ની બાજુ લઈ મારી સાથે વાતચીત કરવા આવ્યાં હશો એટલે. મારે તમારી સાથે પણ નથી બોલવું. સુરેશભાઈ બોલ્યાંઃ ના, બેટા હું તો તારી ખબર પુછવા આવ્યો છું,આજે શુ કરાવ્યું શાળા માં?

વૈદેહી ને પિતા ની વાતથી થોડો દિલાસો મળ્યો અને તે તેમની સાથે ખુશી ખુશી વાત કરવાં લાગી,અને પિતા એ પણ વાત - વાતમાં તેને કાઉન્સિલર પાસે જવા માટે સમજાવી લીધી.બે દીવસ પછીની કાઉન્સિલરની એપોઇન્મેન્ટ મળી. વૈદેહી પિતા સાથે કાઉન્સિલર પાસે ગઇ કાઉન્સિલર સાથે વાતચીત કરવાથી વૈદેહી ને થોડું સારુ લાગ્યું, તેમણે હજુ ત્રણ - ચાર વખત આવવું પડશે તેમ જણાવ્યું, વૈદેહી તેમની વાત સાથે રાજી હતી. તે સાંભળી પિતાએ પણ રાહતનો શ્વાસ લીધો.

દિવસ જતા વાર ન લાગી, વૈદેહી અને કાઉન્સિલરની મિટિંગ હવે પૂર્ણ થઈ ચૂકી હતી. કાઉન્સિલર પણ તેનાં પ્રતિસાદ થી ખુશ હતાં. તેમણે વૈદેહીને તેનાં ભાવિ જીવનની શુભેચ્છાઓ સાથે વિદાય આપી. હવે વૈદેહીનાં માતા સાથે નાં સંબંધ સુધારવા લાગ્યાં. ધીરે ધીરે મોબાઈલ પણ તેનાથી દૂર થવા લાગ્યો અને એક તબક્કે તેને સમજાયું કે સ્માર્ટ મોબાઇલ ફોનનો ઉપયોગ ખપ પરતું કરીએ તો સાચો મિત્ર અને જો કોઈના દોરવાયે બીન જરૂરી તથા કોઈના બેરંગી રંગે રંગાઈને આડેધડ ઉપયોગ કરીયે તો તે ઉપયોગ નહી પણ દુરૂપયોગ કરી શકાય અને તેવા સંજોગોમાં સ્માર્ટ ફોન મિત્ર નહીં પણ વેરી બની શકે. બોધપાઠ એ છે કે, આધુનિક સમયમાં આવા સંપર્કના ઉપકરણોનો ઉપયોગ જો સમજી-વિચારીને કરીએ તો અતિ લાભદાયી કરી શકાય અન્યથા તેના ગેરલાભ તો છે જ....

સત્ય ઘટના પર આધારિત (નામ બદલેલ છે)

અનુસંધાન પેજ 1 પરથી...

### શાહની હત્યાની...

રાજકીય વર્તુળોમાં એ બાબતે પણ નવાઇ લાગી રહી છે કે દેશના હોમ મિનિસ્ટરને જાનથી મારી નાંખવાની ધમકી છતાં તેની સામે ભાજપમાંથી કોઇ પ્રતિક્રિયા આપવાને બદલે જાણે કે તેની કોઇ નોંધ જ ન લેવાઇ હોય એ પ્રકારના વલણથી પંજાબમાં ખાલિસ્તાનીઓ ગેલમાં આવી ગયા હશે.

રાજકીય સૂત્રોએ જણાવ્યું કે પંજાબમાં આપ પાર્ટીની સરકાર આવ્યાં બાદ ખાલિસ્તાની ઝંડાઓ મોટી સંખ્યામાં લહેરાઇ રહ્યાં છે. સડકો પર ખુલ્લેઆમ તલવારો નિકળી રહી છે અને ભારતના ટુકડા માટે રચાયેલ ખાલિસ્તાની સમર્થક સંગઠન "વારિસ પંજાબ દે"ના પ્રંમુખ અમૃતપાલસિંહના સાથી તુફાનસિંહની અપહરણ સહિતના ગુનામાં પંજાબ સરકારે ધરપકડ કરી ત્યારે તેમને છોડાવવા હજારો ખાલિસ્તાની સમર્થકો દ્વારા પોલીસ મથક પર હુમલો, તલવારો અને બંદૂકો સાથે પ્રદર્શન અને તેની સાથે અમૃતપાલ દ્વારા અમિતભાઇ શાહની હત્યાની જાહેરમાં ધમકી, તુફાનસિંહને સરકાર દ્વારા દબાણમાં આવીને છોડી મૂકવો વગેરે.ની ઘટનાઓ દેશ માટે ઘાતક છે.

સૂત્રોનું માનવુ છે કે, પંજાબ સરકારે ખાલિસ્તાનીઓના દબાણમાં આવીને તુફાનસિંહને છોડી મૂક્યો પણ હોમ મિનિસ્ટરની હત્યાની ધમકીના મામલે અમૃતપાલસિંહ સામે કોઇ ફરિયાદ કરવાની હિંમત પણ કરી નથી. એટલું જ નહીં કેન્દ્રીય એજન્સીઓ દ્વારા પણ આ અંગે કોઇ કાર્યવાહી ધમકી આપનારની સામે થઇ નથી.

ખાસ કરીને ભાજપના સીએમ હેમંત બિસ્વા સરમાના આસામમાં, અમિતભાઇ શાહને જાનથી મારી નાંખવાની ધમકી આપનાર અમૃતપાલસિંહની સામે આસામમાં કોઇ પોલીસ ફરિયાદ હજુ થઇ નથી.

તાજેતરમાં બનેલી ઘટનામાં પંજાબના અમૃતસરના અજનાલામાં હજારો ખાલિસ્તાની સમર્થકોએ તલવાર, બંદૂક લઇ પોલીસ સ્ટેશનને ઘેરી લીધું હતું. ખાલિસ્તાની સમર્થક સંગઠન "વારિસ પંજાબ દે"ના પ્રમુખ અમૃતપાલ સિંહના સાથી તુફાનસિંહની ધરપકડના વિરોધમાં હજારો ખાલિસ્તાની સમર્થકો રસ્તા પર ઉતરી આવ્યા હતા. આ લોકો પાસે બંદૂક, તલવાર અને લાકડી જેવા હથિયારો હતા. પોલીસે તોફાનીઓને રોકવા બેરિકે[ લગાવ્યા તે પણ તોડી નાંખ્યા હતા અને પોલીસ સ્ટેશનની અંદર ઘૂસી ગયા હતા. પોલીસકર્મીઓ પર હુમલો કર્યો હતો અને પોલીસ સ્ટેશન પર કબ્જો જમાવી લીધો હતો. મોટી સંખ્યામાં તોફાનીઓ જોઈ ફરજ પરના પંજાબ પોલીસકર્મીઓ પણ ભાગતા નજરે પડ્યા હતા. આ તમામ દ્રશ્યો ખૌફનાક અને જાણે કે પંજાબમાં સરકાર જેવુ કાંઇ છે જ નથી એવુ એક ખતરનાક ચિત્ર જોવા મળ્યું હતું.

આ અગાઉ અમૃતપાલસિંહે મોગા જિલ્લાના બુધસિંહવાલા ગામમાં જાહેરમાં સરેઆમ દેશના હોમ મિનિસ્ટર અમિતભાઇ શાહને ધમકી આપતાં કહ્યું હતું કે તત્કાલીન વડાપ્રધાન ઈન્દિરાએ પણ અમને (ખાલિસ્તાનીઓને) દબાવવાનો પ્રયાસ કર્યો હતો, શું થયું? હવે અમિત શાહ તેમની ઈચ્છા પૂરી કરશે તો તેનું પરિણામ પણ જોશે....

### રશિયા-યુક્રેન...

મંત્રાલયના સત્તાવાર પ્રવક્તાએ જણાવ્યું હતું કે બંને નેતાઓ વચ્ચેની વાતચીતનું ધ્યાન દ્વિપક્ષીય સંબંધોને મજબૂત કરવા, ટકાઉ વિકાસ ભાગીદારી અને આર્થિક સંબંધો અને સંરક્ષણ ક્ષેત્રે ગાઢ સંબંધો બનાવવા પર હતું.

ઉલ્લેખનીય છે કે, હાલમાં જ અમેરિકા બ્રિટેન સહિત અનેક દેશોએ રશિયા-યુક્રેન યુદ્ધનો અંત લાવવા માટે તૈયારી દર્શાવી હતી અને પ્રસ્તાવ પારીત કર્યું હતું.

### સોનિયા ગાંધીનું...

જેલ બધું જ પોતાના મિત્રોને વેચી રહી છે. દિલ્હી સરકારમાં બેઠેલા લોકોનો ડીએનએ ગરીબ વિરોધી છે. આજે સવારે પ્રિયંકા ગાંધી પણ રાયપુર પહોંચ્યાં. એરપોર્ટ ઉપર સીએમ ભૂપેશ બધેલે તેમનું સ્વાગત કર્યું. બહાર આવતાં જ કાર્યકર્તાઓએ તેમના ઉપર ફૂલોની વર્ષા કરી. પ્રિયંકા માટે એક કિલોમીટર સુધી રસ્તા ઉપર ગુલાબની પાંખડીઓ પાથરવામાં આવી.

અનુસંધાન પેજ 10 પરથી...

### રસઝરતા...

છે. સંવાદ અને ચર્ચાની નવી શ્રેણીને કારણે ભારતીય નૃત્યનો વારસો, તેની બદલાતી, નવી ઘડતરની શૈલીઓ, ભારતીય જ્ઞાન પરંપરા, ભારતીય કલાનું માનસ, ટેકનોલોજીની સુવિધા-દ્વિધા, ગુરુ-પરંપરાનું અસ્તિત્વ અને તેનું મહત્વ વગેરે. 'કલાવર્ત'ના રૂપમાં તૈયાર કરવામાં આવી છે.

જો આપણે યાદો પર પાછા જઈએ, તો ખજુરાહો નૃત્ય ઉત્સવની સ્થાપના પાછળ સર્જનાત્મક દ્રષ્ટિકોણ કામ કરી રહ્યું હતું. સૌપ્રથમ, આ તે સમય હતો જ્યારે મધ્ય પ્રદેશની સાંસ્કૃતિક દુનિયાની રચના થવા લાગી હતી. મત એવો હતો કે આ વર્લ્ડ હેરિટેજ સાઈટનો આ અર્થમાં ખૂબ જ પ્રભાવથી પ્રચાર થવો જોઈએ.

બીજું, ખજુરાહો અને નૃત્ય વચ્ચે આધ્યાત્મિક જોડાણ છે, તેથી ત્યાં કંઈક કરીને ઈતિહાસને આકાર આપવાનો પ્રયાસ હતો. ત્રીજી વાત એ છે કે આટલો વિશાળ વિશ્વ ખજાનો જોવા અને તેના સંરક્ષણ-વિસ્તરણ વગેરે માટે સમાજમાં જાગૃતિ વધે અને ભારતની નૃત્ય શૈલીઓ દેશ-વિદેશના કલાપ્રેમીઓ સમક્ષ ઉજાગર થાય. નૃત્ય સમારંભ તેના ઠરાવમાં સફળ થયો. કોઈપણ કલાકાર અહીં પ્રદર્શનને કલા જીવન માટે સાર્થક માને છે.

લાંબા સમય સુધી નિષ્ણાતોની પસંદગી સમિતિનો નિર્ણય લગભગ નિર્વિવાદ રહ્યો. કમનસીબે, કલાકારોની પસંદગીમાં રાજકીય અને વહીવટી દબાણ પણ વર્ચસ્વ ધરાવતું હતું અને સમારંભની ગુણવત્તા અને ગૌરવ પર ઉઝરડા પડ્યા હતા, પરંતુ તેની લોકપ્રિયતા એટલી જ રહી હતી. એ વાત સાચી છે કે ખજુરાહોના નૃત્ય સંકુલમાં ઉમટી પડેલા ઘણા દેશી અને વિદેશી કલાપ્રેમીઓ આ ઉત્સવની હસ્તકલા અને તેના કાલ્પનિક સંયોજનથી આનંદ અનુભવી રહ્યા છે.

જો કે, ખજુરાહો આવવું એ તમામ જોડાણ અને વિસંગતતા હોવા છતાં કોઈપણ પ્રવાસી માટે બુઝાઇ ગયેલી અને બોજારૂપ લાગણી નથી. 900 થી 1400 સદીના ગાળામાં બનેલી આ મૂર્તિઓમાં ધરતી-માનસના દર્શકો શરીર-મેલોડીયસનું સંગીત સાંભળી શકે છે, પરંતુ આધ્યાત્મિકતાની રીતે જોઇએ તો આ મૂર્તિઓ મોક્ષ તરફ લઈ જાય છે. નૃત્ય સાથે સંકળાયેલું આ આધ્યાત્મિક પાસું સાર્વત્રિક છે. માત્ર ભારત જ નહીં, આ પૃથ્વી પરના તમામ દેશો માટે સમાન છે જ્યાં જીવન અને નૃત્યની પારસ્પરિકતામાં આધ્યાત્મિક આનંદ છે.

નૃત્ય સમારંભના 49મા એપિસોડમાં, આ વિચારની ભૌતિક ચકાસણી માટે એક સ્થળ બનાવવામાં આવ્યું છે. આ વખતે સ્થળ પર એક ખાસ સજ્જ સંકુલ હશે જ્યાં 'કોરિયો લેબ-રિથ ફ્લો' ભારત અને અન્ય પાંચ દેશોના નૃત્ય કલાકારો દ્વારા નૃત્યની નવી ભાષાનું સંશોધન, વાર્તાલાપ અને પ્રદર્શન કરશે.

આ સંદર્ભમાં, એ જોવાની જરૂર છે કે આપણી પરંપરામાં, કળા એ માત્ર પ્રદર્શન નથી, તે ધાર્મિક વિધિઓ તેમજ આધ્યાત્મિક અભિવ્યક્તિ છે. વિચારનો વિસ્તાર કરીએ તો સમગ્ર વિશ્વમાં નૃત્ય દ્વારા માણસ પોતાના જીવનના ભાવનાત્મક ઉતાર-ચઢાવને રજૂ કરતો આવ્યો છે. યુરોપનું બેલે હોય કે જાપાનનું કાબુકી હોય કે ભારતનું કેરળનું કથકલી હોય, માણસે દરેક સમયગાળામાં નૃત્યના માધ્યમથી પોતાની સામાજિક ચિંતા વ્યક્ત કરવાના સર્જનાત્મક પ્રયાસો કર્યા છે.

વર્લ્ડ ડાન્સ એલાયન્સના સંયુક્ત પ્રયાસથી આયોજિત, વર્કશોપ 'લયપ્રવાહ' નૃત્યને સમકાલીન પરિપ્રેક્ષ્યમાં વ્યાખ્યાયિત કરવાનો બીજો પ્રયાસ હશે. આ વર્કશોપ દ્વારા શાસ્ત્રીય અને આધુનિક અને સમકાલીન શૈલીના કલાકારો સર્જનાત્મક સંવાદ સ્થાપિત કરશે. વર્કશોપનો હેતુ સમકાલીન વાતાવરણમાં શાસ્ત્રીય અને આધુનિક નૃત્ય સ્વરૂપોને સંયુક્ત પ્લેટફોર્મ પ્રદાન કરીને નૃત્યમાં નવીનતા અને નવી શક્યતાઓ શોધવાનો છે.

આ વર્કશોપના ઉદઘાટન સત્રમાં સિંગાપોરની કિરીશિમા ડાન્સ કોર્પ્સ, તાઈવાનની MAD થિયેટર, ભારતની નાકોમ આર્ટસ ફાઉન્ડેશન, દક્ષિણ કોરિયાની મ્યુટેડન્સ કંપની, કેનેડાની સાશર ઝરીફ ડાન્સ થિયેટર અને મલેશિયાની ASK ડાન્સ કંપની ભાગ લેશે. WDAAPનું પ્રતિનિધિત્વ ઉર્મિમાલા સરકાર (ભારત, પ્રમુખ-WDAAP), લુબના મરિયમ (બાંગ્લાદેશ, વાઈસ પ્રેસિડેન્ટ WDAAP), ડૉ. જોસેફ ગોન્ઝાલેસ (મલેશિયા-હોંગકોંગ, ભૂતપૂર્વ વાઈસ પ્રેસિડેન્ટ WDAAP) અને પરોમિતા સાહા (ભારત, વાઈસ પ્રેસિડેન્ટ, ડાન્સ) કરશે. તો....ચાલો ચંદેલા ગામ તમને બોલાવે છે.

અનુસંધાન પેજ 12 પરથી...

### ડીજે એટલે ડેથ...

50 ટકા ફોન ડીજે મ્યુઝિકની ફરિયાદને લગતા હતા. પાછલા સાત જ દિવસમાં વડોદરા શહેરના પોલીસ કંટ્રોલ રુમમાં 400 ફોન આવ્યા હતા. આ સમસ્યા વધવાને કારણે પોલીસે ફરિયાદ નોંધવાનું અને મ્યુઝિક સિસ્ટમ જપ્ત કરવાનું કામ શરુ કર્યું છે. વડોદરાના જાગૃત નાગરીકોએ કહ્યું કે, પોલીસ વિભાગમાં પત્ર લખીને આ સમસ્યાની જાણકારી આપી હતી. તેમણે જણાવ્યું કે, ડીજે મ્યુઝિકને કારણે સ્વાસ્થ્યને લગતી સમસ્યા પણ ઉભી થઈ શકે છે. તેણે પોલીસને વિનંતી કરી હતી કે સુપ્રીમ કોર્ટના આદેશ અનુસાર રાતના દસ વાગ્યા પછી આ પ્રકારના ઘોંઘાટને મંજૂરી ના મળવી જોઈએ. રાજકોટની વાત કરીએ તો કંટ્રોલ રુમમાં દરરોજ સરેરાશ છ ફરિયાદ આવે છે. સુરત કંટ્રોલ રુમમાં પણ 20 જેટલી ફરિયાદ દરરોજ આવતી હોય છે.

### 613 વર્ષનું...

અમદાવાદમાં આવેલી છે. તે સિવાયની નેશનલ ઈન્સ્ટીટયુટ ઓફ ડીઝાઇન, ધીરુભાઈ અંબાણી ઈન્સ્ટિટ્યુટ ઓફ કોમ્યુનિકેશન એન્ડ ઈન્ફર્મેશન ટેકનોલોજી (DA-IICT) અને પ્લાઝમા અનુસંધાન સંસ્થાન (IPR) પણ અમદાવાદમાં આવેલ છે. અમદાવાદ આજે અન્ય મેટ્રો શહેરો જેવા કે મુંબઈ, દિલ્હી, કોલકત્તા, ચેન્નાઈ ની સમકક્ષ બની ગયેલ છે.

### સુરત...

આરોપી ઝડપી સજા થાય તે માટેના પ્રયાસ ચોકબજાર પોલીસ દ્વારા હાથ ધરવામાં આવ્યા હતા અને ખૂબ જ ટૂંકા ગાળામાં કેસની ચાર્જશીટ તૈયાર કરી સુરત કોર્ટમાં ફાઇલ કરવામાં આવી હતી. જે કેસની ટ્રાયલ માત્ર બે મહિનાની અંદર જ પૂર્ણ કરી દેવામાં આવી હતી. કેસમાં કુલ 46 સાક્ષીઓની જુબાની લેવામાં આવી હતી. જે કેસમાં નામદાર કોર્ટ દ્વારા આજ રોજ નરાધમ આરોપીને દોષિત જાહેર કરવામાં આવ્યો હતો. જ્યારે સજાનું એલાન આવતીકાલ સુધી મુલતવી રાખવામાં આવી હતી. આરોપીને કેટલી સજા કરવી તે અંગે સરકારી વકીલ અને બચાવપક્ષના વકીલ આવતીકાલે કોર્ટમાં દલીલો કરશે.

### યુવકની હત્યાનો...

વ્યક્ત કરી હતી. શંકાના આધારે તે દિશામાં પોલીસે તપાસ શરૂ કરી હતી, તેમજ એફએસએલની ટીમને બોલાવીને આગળની તજવીજ હાથ ધરી હતી અને પોલીસની તપાસની અંદર સંપૂર્ણ ઘટસ્ફોટ થયો હતો. મૃતક સુરજજી ઠાકોરના તેમની જ ગામમાં રહેતા અનિલજી ઠાકોરની પત્ની સાથે સુરજજીને પ્રેમ સંબંધ બંધાઈ ગયો હતો. જ્યાં અનિલજી ઠાકોરની પત્નીને સુરેશજી ઠાકોર સાથે પ્રેમ સંબંધ બંધાવવાની ખબર પડતા અનિલ ખૂબ જ ગુસ્સે અને ક્રોધિત થઈ ગયો હતો અને નક્કી કરી લીધું કે, સુરેશજી ઠાકોરનું કાસળ કાઢી નાખવાનું જ્યાં તેઓએ પ્લાન બનાવીને અનિલે થોળ ચોકડી ઉપર સુરેશને પાછળથી પિકઅપ ડાલાવાડે ધડાકાભેર ટક્કર મારી તેની હત્યા કરી નાખી હતી.

# ઝાયડસમાં ભારતના સૌ પ્રથમ સ્થાનિક AI આધારીત સ્ટ્રોક કેર નેટવર્કની સ્થાપના

■ ગુજરાતમાં સ્ટ્રોકના દર્દીઓને માટે મદદરૂપ સાબિત થશે

ગુજરાત | વંદન

ઝાયડસ હોસ્પિટલ્સ (અમદાવાદ) અને મેડટ્રોનિક plc (NYSE: MDT) ની માલિકીની સબસિડિયરી કંપની, ઈન્ડિયા મેડટ્રોનિક પ્રાઈવેટ લિમિટેડ દ્વારા નવી ભાગીદારી જાહેર કરાઈ જેના અંતર્ગત હબ-એન્ડ-સ્પોક નેટવર્ક બનાવીને આજે ગુજરાતમાં સ્ટ્રોકના દર્દીઓને મદદ આપવા માટે કામગીરી કરાશે. આ ભાગીદારીના ભાગ રૂપે, મેડટ્રોનિક AI-સક્ષમ ટેક્નોલોજીના ઉપયોગ કરીને અને સિલેક્ટ કરવામાં આવેલ હોસ્પિટલોમાં શિક્ષણ અને તાલીમને સમર્થન આપવા માટે સાધનો અને તકનીકો પ્રદાન કરીને ઈકોસિસ્ટમ બનાવવા માટે ઝાયડસ હોસ્પિટલ્સ સાથે સહયોગ કરશે.

ભારતમાં, દર વર્ષે લગભગ 18 લાખ જેટલા દર્દીઓ સ્ટ્રોકનો ભોગ બને છે. યોગ્ય હેલ્થકેર ઈન્ફ્રાસ્ટ્રક્ચર ધરાવતા મોટા શહેરોમાં, દર્દીઓને વધુ સચોટ નિદાન તેમજ જરૂરી સારવાર મળી શકે છે. જો કે ગ્રામીણ વિસ્તારોમાં આ ક્ષેત્રે આ પ્રકારની સેવાઓ મેળવવી પડકારરૂપ હોય છે. આ ભાગીદારી દ્વારા ગુજરાતભરના દર્દીઓને સ્ટ્રોકનો સામનો અસરકારક રીતે કરવામાં મદદરૂપ સાબિત થશે. હબ-એન્ડ-સ્પોક સિસ્ટમ એક અદ્યતન AI દ્વારા કામ કરે છે જે સ્ટ્રોકના CT સ્કેનનું બારીકાઈથી અધ્યયન કરી શકે છે. ઝાયડસના સ્ટ્રોક નિષ્ણાતોની એક ટીમ જે તે હોસ્પિટલ દ્વારા કરવામાં આવેલ CT સ્કેનનું નિરીક્ષણ કરશે અને સ્થાનિક ફિઝિશિયનને આગળની સારવાર કરવા માટે શરૂઆતથી અંત સુધીનું માર્ગદર્શન પૂરું પાડશે. આ રીતે સ્થાનિક સ્ટ્રોક સેન્ટરના ફિઝિશિયનો દર્દીની જરૂરિયાતો



પ્રમાણે આગળની સારવારના પગલાં નક્કી કરવા માટે સશક્ત બનશે અને આ રીતે, દર્દીને સમયસર યોગ્ય સારવાર મળી શકશે.

ઝાયડસ હોસ્પિટલ્સના સિનિયર એન્ડોક્રાઈનોલોજીસ્ટ & મેટાબોલિક ફિઝિશિયન તેમજ માર્ગદર્શક, ડૉ. વી. એન. શાહ દર્દી-કેન્દ્રિત અભિગમ અપનાવવા પર ભાર આપતા કહે છે. “મેડિસિન ક્ષેત્ર દર્દીની આસપાસ બનેલું છે. આ અભિગમ આપણને સતત રચનાત્મક રહેવાના પથ પર લઈ જશે. ભારત જેવા દેશોમાં સ્ટ્રોક વિકલાંગતા ફેલાવનાર મુખ્ય રોગો માંથી એક છે. કોઈ પણ જાતના રોગની સારવાર હંમેશા તેના ઝડપી અને સચોટ નિદાનથી થાય છે. ગ્રામીણ સ્ટ્રોક સેન્ટરો દર્દીઓનું આયુષ્ય લાબું અને વધુ ગુણવત્તાસભર કરવામાં ચોક્સપણે મદદરૂપ થશે.”

મેડટ્રોનિક ઈન્ડિયાના ઉપ-પ્રમુખ માઈકલ બ્લેકવેલનું કહેવું છે કે, “મેડટ્રોનિક પર અમે વિવિધ પ્રકારની ટેક્નોલોજીનો ઝડપથી વિકાસ કરવાના પ્રયત્નો કરી રહ્યા છીએ જેથી દર્દીઓ કોઈ પણ રોગચાળા માંથી બહાર આવી પોતાનું જીવન પહેલાની જેમ જ વિતાવી શકે.

અમે દેશભરમાં સતત વિવિધ હોસ્પિટલો સાથે ભાગીદારી કરી ભારતમાં સ્ટ્રોકના દર્દીઓની સંભાળમાં ક્રાંતિ લાવવાના હેતુને આગળ લઈ જઈએ છીએ. આ ભાગીદારીઓ દ્વારા સાથે મળીને, અમે હેલ્થકેર ક્ષેત્રે સ્થાનિક સાર-સાંભળના અવરોધોને દૂર કરવા માટે ટેકનોલોજીને એકીકૃત કરવામાં સક્ષમ છીએ.”

## બજારોનાં અંતરંગ

### YES બેન્કે FD પર વધાર્યું વ્યાજ, FD પર મળશે 8% વ્યાજ



પ્રાઈવેટ સેક્ટરની બેન્ક યસ બેન્કે 2 કરોડ રૂપિયાથી ઓછી ફિક્સ્ડ ડિપોઝિટ પર વ્યાજ દરમાં વધારો કર્યો છે. બેન્કે FD પર વ્યાજ 0.25 ટકાથી વધારીને 0.50 ટકા કર્યું છે. બેન્કની વેબસાઈટ અનુસાર, નવા દરો 21 ફેબ્રુઆરી 2023થી લાગુ કરવામાં આવ્યા છે. બેન્કે 25 મહિના માટે FDના વ્યાજ દરોમાં સુધારો કર્યો છે. બેન્ક હવે 36 મહિનાની FD પર 8% વ્યાજ ઓફર કરી રહી છે.

### પ્રથમ ત્રણ ત્રિમાસિકમાં ઇક્વિટી FDI 15% ઘટી $36.75 બિલિયન

ડિપાર્ટમેન્ટ ફોર પ્રમોશન ઓફ ઈન્ડસ્ટ્રી એન્ડ ઈન્ટરનલ ટ્રેડ દ્વારા જારી કરાયેલા આંકડા અનુસાર, ચાલુ નાણાકીય વર્ષના પ્રથમ ત્રણ ત્રિમાસિક ગાળામાં વિદેશી ડાયરેક્ટ ઈક્વિટી ઈન્વેસ્ટમેન્ટ ફ્લો ગયા સમાન સમયગાળાની સરખામણીમાં ૧૫ ટકા ઘટીને ૩૬.૭૫ બિલિયન ડોલર થઈ ગયો છે. કુલ એફડીઆઈમાં બિન-કોર્પોરેટ સંસ્થાઓની ઈક્વિટી મૂડી, પુનઃરોકાણમાંથી કમાણી અને અન્ય મૂડીનો સમાવેશ થાય છે. એપ્રિલ-ડિસેમ્બર દરમિયાન તે ૫૫ બિલિયન ડોલર હતું, જે એક વર્ષ અગાઉની સરખામણીમાં ૬૦.૪ ટકા વધુ હતું. તેમાં ૮ ટકાનો ઘટાડો થયો છે. આ વર્ષની શરૂઆતથી જ એફડીઆઈના પ્રવાહમાં ઘટાડો થઈ રહ્યો છે.

### વૈશ્વિક મંદીને લીધે ભારતની નિકાસ વૃદ્ધિ મંદ પડવાની સરકારને ચિંતા

દેશની મુખ્ય નિકાસ બજારોમાં વર્તમાન વર્ષમાં જોરદાર મંદીના અંદાજને ધ્યાનમાં રાખતા આ વર્ષે ભારતની નિકાસ વૃદ્ધિ મંદ રહેવાનું સરકાર માની રહી છે. ૨૦૨૨માં વૈશ્વિક વેપાર વૃદ્ધિ ઘટી હતી અને ૨૦૨૩માં પણ તે નીચી રહેશે. વૈશ્વિક સ્તરે ઉત્પાદનમાં ઘટાડાને કારણે વોલ્યુમ તથા વેલ્યુ બન્ને દ્રષ્ટિએ વેપારમાં વધુ ઘટાડો જોવા મળશે એમ નાણાં મંત્રાલયના એક રિપોર્ટમાં જણાવાયું હતું. નાણાં નીતિમાં સખતાઈને કારણે વૈશ્વિક માગ મંદ પડી રહી હોવાનું હાઈ ફ્રીકવન્સી ઈન્ડીકેટર્સ જણાવી રહ્યા છે. અનેક વૈશ્વિક એજન્સીઓએ વૈશ્વિક વૃદ્ધિ મંદ પડવાની ધારણાં મૂકી છે. નાણાં નીતિમાં સખતાઈ ઉપરાંત રશિયા-યુક્રેન યુદ્ધથી વૈશ્વિક વિકાસ વધુ નબળો પડશે, એમ પણ રિપોર્ટમાં નોંધવામાં આવ્યું છે.

## હવે કપાસને “કસ્તુરી કોટન ઈન્ડિયા” તરીકે બ્રાન્ડેડ કરવામાં આવશે

# સરકાર દ્વારા કપાસ ગાંસડી માટે ક્વોલિટી કંટ્રોલ ઓર્ડરને મંજૂરી અપાઈ

ગુજરાત | વંદન

કપાસની ગાંસડી માટે QCO એટલે કે ક્વોલિટી કંટ્રોલ ઓર્ડરને સરકારે મંજૂરી આપી છે. સરકાર દ્વારા ટૂંક સમયમાં ગુણવત્તા નિયંત્રણ ઓર્ડર (QCO) ને સૂચિત કરવામાં આવશે. હવે કપાસને “કસ્તુરી કોટન ઈન્ડિયા” તરીકે બ્રાન્ડેડ કરવામાં આવશે.

કાપડ મંત્રીએ કહ્યું છે કે ખેડૂતો, ઉદ્યોગોને QCO થી ફાયદો થશે. QCO ને કોટન વેલ્યુ ચેઈનને ફાયદો થશે. અમે QCO દ્વારા કપાસના ઉત્પાદનને પણ પ્રોત્સાહન આપી રહ્યા છીએ. કપાસના બ્રાન્ડિંગથી ઉદ્યોગને ફાયદો થશે, ટેક્સટાઈલ મંત્રી કહે છે.QCO સમગ્ર કોટન વેલ્યુ ચેઈનમાં સુધારો કરે તેવી અપેક્ષા છે. ગુણવત્તાની ચકાસણી પર પણ ભાર મૂકવામાં આવી રહ્યો છે. BIS, TRA (ટેક્ષટાઈલ રિસર્ચ એસોસિએશન) આધુનિક પરીક્ષણ સુવિધાઓ પૂરી પાડશે. ઉલ્લેખનીય છે કે, આ માટે કોટન કોર્પોરેશન ઓફ ઈન્ડિયા (CCI) અને TEXPROCILએ જોડાણ કર્યું છે. ડિસેમ્બર 2022માં બંને સંસ્થાઓ વચ્ચે સમજૂતી થઈ હતી. TEXPROCIL એ નિકાસ પ્રમોશન યુનિટ છે. TEXPROCIL ચાલુ સિઝનથી કામ શરૂ કરશે.

### સરકારના નિર્ણયથી મિલો અને ખેડૂતો બંનેને ફાયદો



CAIના અતુલ ગણાત્રાએ સરકારનો નિર્ણય આવકાર્યો છે અને જણાવ્યું છે કે, સરકારના નિર્ણયથી ઉદ્યોગોને ફાયદો થશે. અતુલ ગણાત્રાએ વધુમાં જણાવ્યું હતું કે, કપાસનું પેકિંગ સારું નથી. ખરાબ પેકિંગથી મિલોને નુકસાન થાય છે. સરકારના આ નિર્ણયથી મિલો અને ખેડૂતો બંનેને ફાયદો થશે. સરકાર દ્વારા ડ્યૂટી લાદવાને કારણે આયાત ઘટી છે. આયાત ડ્યુટી લાદવામાં આવી તે પહેલા 40 લાખ કપાસની ગાંસડીની આયાત કરવામાં આવી હતી. ઉદ્યોગો કપાસ પરની ડ્યુટી હટાવવાની માંગ કરી રહ્યા છે.

## માઈક્રોસોફ્ટના સહ-સ્થાપકે પ્રશંસા કરી

# બિલ ગેટ્સ પણ ભારતની તાકાતને માની ગયા: ‘ઈન્ડિયા પાસેથી શીખો પડકાર સામે કેવી રીતે લડીને જીતવું’

ગુજરાત | વંદન



માઈક્રોસોફ્ટના સહ-સ્થાપક અને બિલ એન્ડ મેલિન્ડા ગેટ્સ ફાઉન્ડેશનના કો-ચેરમેન બિલ ગેટ્સે તેમના બ્લોગ ‘ગેટ્સ નોટ્સ’માં લખ્યું છે કે ભારત ભવિષ્ય માટે આશા આપે છે અને સાબિત કરે છે કે ભલે વિશ્વ અનેક સંકટનો સામનો કરી રહ્યું હોય, દેશ મોટામાં મોટી સમસ્યાઓને એક જ વખતમાં હલ કરી શકે છે.

બિલ ગેટ્સે તેમના બ્લોગમાં લખ્યું છે કે, હું માનું છું કે યોગ્ય ઈનોવેશન્સ અને ડિલિવરી ચેનલો સાથે વિશ્વ એક સાથે ઘણી મોટી સમસ્યાઓ પર પ્રગતિ કરી શકે છે, એક જ સમયે બંનેનો સામનો કરવા માટે પૂરતો સમય કે પૈસા નથી, તેવા સમયમાં પણ દુનિયા અનેક સંકટોનો સામનો કરે છે. પરંતુ ભારતે આ ધારણાને ખોટી સાબિત કરી છે. ગેટ્સે પોતાના બ્લોગમાં લખ્યું છે કે, ‘ભારતે જે નોંધપાત્ર પ્રગતિ કરી છે, તેનાથી વધુ સારો પુરાવો કોઈ નથી.’

બિલ ગેટ્સે આગળ લાખ્યું કે, સમગ્ર રૂપથી ભારત મને આશા આપે છે. ભારત વિશ્વમાં સૌથી વધુ વસ્તી ધરાવતો દેશ બનવા જઈ રહ્યો છે, જેનો અર્થ એ છે કે તમે અહીં મોટા ભાગની સમસ્યાઓને મોટા પાયે હલ કર્યા વિના તેનું સમાધાન ન લાવી શકો. છતાં ભારતે સાબિત કરી દીધું છે કે તે મોટા પડકારો ઝીલી શકે છે અને તેનું સમાધાન લાવી શકે છે. તેમણે કહ્યું, ભારતે પોલિયોને નાબૂદ કર્યો, HIVને ફેલાવતો અટકાવ્યો, ગરીબીને ઓછી કરી, શિશુ મૃત્યુ દરમાં પણ ઘટાડો આવ્યો અને સ્વચ્છતા તેમજ નાણાંકીય સેવાઓ સુધી સામાન્ય જનતા આસાનીથી પહોંચી શકી. ભારતે ઈનોવેશન માટે એક વિશ્વ અગ્રણી દ્રષ્ટિકોણ વિકસિત કર્યો, જે સુનિશ્ચિત કરે છે કે એ લોકો સુધી સમાધાન જલ્દી પહોંચે જેને તેની જરૂર છે.

## કાર્ડના ઉપયોગમાં મોટો ફેરફાર આવ્યો

# કોરોના મહામારી પછી ડેબિટ કાર્ડ કરતા ક્રેડિટ કાર્ડનો ઉપયોગ વધ્યો

■ રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાના ડેટામાં થયો ખુલાસો

ગુજરાત | વંદન

ગ્રાહકો હવે ડેબિટ કાર્ડ કરતાં ક્રેડિટ કાર્ડને વધારે પ્રિફર કરતા થયા છે, જે દેશમાં પેંડેમીક પછી કાર્ડના ઉપયોગમાં મોટો ફેરફાર દર્શાવે છે.

રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા (RBI) ના ડેટા દર્શાવે છે કે નાણાકીય વર્ષ (FY) 2020-21માં ક્રેડિટ કાર્ડની ચૂકવણી રૂ. 6,30,414 કરોડથી વધીને FY23ના પ્રથમ નવ મહિનામાં રૂ. 10,49,065 કરોડ થઈ છે. આ જ સમયગાળામાં ડેબિટ કાર્ડની ચૂકવણી રૂ. 6,61,385 કરોડથી ઘટીને રૂ. 5,61,450 કરોડ થઈ હતી.

વર્ષોથી ડિસેમ્બર મહિનાની ચૂકવણીનો ડેટા આ શિફ્ટનો બીજો સૂચક પૂરો પાડે છે. ક્રેડિટ કાર્ડ દ્વારા ચૂકવણી ડિસેમ્બર 2019માં રૂ. 65,736 કરોડથી વધીને ડિસેમ્બર



2022માં રૂ. 1,26,524 કરોડ થઈ જે 92 ટકાથી વધુનો વધારો છે. ડિસેમ્બર 2020માં તે રૂ. 63,487 કરોડ અને ડિસેમ્બર 2021માં રૂ. 93,907 કરોડ હતો.

બીજી બાજુ, ડેબિટ કાર્ડની ચૂકવણી, ડિસેમ્બર 2019માં રૂ. 83,953 કરોડથી ઘટીને ડિસેમ્બર 2022માં રૂ. 58,625 કરોડ થઈ હતી, જે 30 ટકાનો ઘટાડો દર્શાવે છે, RBIના તાજેતરના ડેટા દર્શાવે છે. ડિસેમ્બર 2020માં આ આંકડો રૂ. 65,178 કરોડ અને ડિસેમ્બર 2021માં રૂ. 66,491 કરોડ હતો.

આ નાણાકીય વર્ષના પ્રથમ નવ મહિનામાં (એપ્રિલથી ડિસેમ્બર 2022), ક્રેડિટ કાર્ડ પરની કુલ બાકી રકમ 22 ટકા અથવા રૂ. 32,301 કરોડ વધીને રૂ. 1,80,090 કરોડ થઈ છે.

વાર્ષિક ધોરણે, આરબીઆઈના ડેટા અનુસાર, આઉટસ્ટેન્ડિંગમાં રૂ. 38,339 કરોડનો વધારો થયો છે, જે ડિસેમ્બર 2021ની સરખામણીએ 27 ટકાનો ઉછાળો છે, જ્યારે તે રૂ. 1,41,751 કરોડ હતો. ક્રેડિટ કાર્ડની બાકી રકમ ડિસેમ્બર 2020માં રૂ. 1,10,350 કરોડ અને 2019માં રૂ. 105,905 કરોડ હતી.

# HDFC પછી ICICI બેન્કે આપી ખુશખબર, મહિનામાં બીજીવાર FD પર વધ્યો વ્યાજ દર

ગુજરાત | વંદન

પ્રાઈવેટ સેક્ટર્સની બેન્ક સતત તેના ગ્રાહકોને ભેટ આપી રહી છે. પહેલાં HDFC બેન્કે તેની FD પર વ્યાજદરમાં વધારો કર્યો, તો હવે ICICI Bankએ એકવાર ફરી FD Interest Rate વધારી દીધો છે. બેન્ક તરફથી એક મહિનામાં આ સતત બીજીવાર વધારો કરાયો છે. બેન્કે 2 કરોડ અને 5 કરોડ રૂપિયા સુધીની FDના વ્યાજમાં વધારો કર્યો છે.

ICICI બેન્કે Bulk FD પર વ્યા દરમાં 0.25 ટકા અથવા 25 બેસિસ પોઈન્ટનો વધારો કર્યો છે. આ પહેલાં 7 ફેબ્રુઆરીએ દરેક બેન્ક તરફથી વ્યાજદરમાં વધારો કરવામાં આવ્યો હતો. ICICI Bankએ FD કરાવનારા ગ્રાહકોને અત્યારે 7 દિવસ સુધી 10 વર્ષની FD પર 4.75 ટકાથી 7.15 ટકા સુધીનું વ્યાજ આપી રહી છે. સૌથી વધુ વ્યાજ 15 મહિનાની ફિક્સ્ડ ડિપોઝિટ પર મળી રહ્યું છે.

**ફેરફાર પછી આ છે નવા ભાવ** | નવા ભાવ મુજબ, ICICI Bank એફડી પર તેના ગ્રાહકોએ 7થી 14 અને 15થી 29 દિવસની એફડી પર 4.75%, 30થી 45 દિવસ પર 5.50%, 46થી 60 દિવસ પર 5.75%, 61થી 90 દિવસ પર 6% , 91થી 120 દિવસ અને 121થી 150 દિવસ, 151થી 184 દિવસ પર 6.50%, 185થી 210, 211થી 270, 271થી 189 અને 290થી એક વર્ષમાં ઓછામાં ઓછા 6.65% વ્યાજ આપી રહી છે.

## હિન્ડનબર્ગ રિપોર્ટ ઈફેક્ટ


# 1 મહિનામાં LICના રોકાણ મૂલ્યમાં 50 હજાર કરોડનો જંગી ઘટાડો

■ શેરનું મૂલ્ય સતત ઘટતા LICને રોકાણ પર નુકસાનની સંભાવના

ગુજરાત | વંદન

અદાણી ગ્રૂપની કંપનીઓના શેરમાં ઘટાડો એક મહિનાથી ચાલી રહ્યો છે. આ સમયગાળા દરમિયાન, જૂથના શેરમાં LICના રોકાણ મૂલ્યમાં રૂ. 50 હજાર કરોડથી વધુનો ઘટાડો થયો છે.

LICએ અદાણી જૂથની સાત કંપનીઓના શેરમાં રૂ. 30,127 કરોડનું રોકાણ કર્યું હતું. તે વધીને રૂ. 81 હજાર કરોડને પાર કરી ગયો હતો. પરંતુ, હવે તે 33,149 કરોડ છે. આ ઘટાડા છતાં LIC 3,000 કરોડના નફામાં છે. જે રીતે શેર સતત ઘટી રહ્યા છે, તેનાથી LICને રોકાણ પર નુકસાન થવાની સંભાવના છે. હિંડનબર્ગ રિપોર્ટ પહેલા 24 જાન્યુઆરી,



2023ના રોજ LICના રોકાણનું મૂલ્ય રૂ. 81,268 કરોડ હતું. ગુરુવારે તે ઘટીને રૂ. 33,149 કરોડ પર આવી ગયો હતો.

ગુરુવારે અદાણી ગ્રુપની 10માંથી 8 કંપનીઓના શેરમાં ઘટાડો થયો હતો. જેમાંથી ત્રણ કંપનીઓના શેર નીચલી સર્કિટમાં રહ્યા હતા. જોકે, બંને કંપનીઓના શેરમાં સતત વધારો થતો રહ્યો. શેરોમાં ઘટાડાને કારણે ગ્રુપની કુલ માર્કેટ કેપિટલ 20 હજાર કરોડ રૂપિયા ઘટીને 7.38 લાખ કરોડ રૂપિયા થઈ ગઈ છે. બુધવારે તે 7.58 લાખ કરોડ રૂપિયા હતો. છેલ્લા એક મહિનામાં ગ્રુપ કંપનીઓની મૂડીમાં રૂ. 11.82 લાખ કરોડનો ઘટાડો થયો છે.

# રિટેલ તથા નાના વ્યાપાર-ગૃહોની બેડ લોનમાં વધારો થવાની ચેતવણી

ગુજરાત | વંદન

ભારતની બેન્કોની બેડ લોન્સમાં તાજેતરના નીચા સ્તરેથી વધારો થવાની શકયતા રહેલી છે. રિટેલ તથા નાના વેપાર ગૃહોની લોન્સ નબળી પડવાની વકી છે, એમ સ્ટેટ બેન્ક ઓફ ઈન્ડિયા (એસબીઆઈ)ના એક અધિકારીએ જણાવ્યું હતું. રિટેલ તથા નાના વેપાર ગૃહને લોન્સમાં ઝડપી વૃદ્ધિ થઈ રહી છે પરંતુ આ સેગમેન્ટમાં ડીફોલ્ટની માત્રા અત્યારસુધી ઘણી ઓછી છે. આપણી પાસે એવી કોઈ વ્યવસ્થા નથી જ્યાં રિટેલ તથા નાના વેપાર ગૃહની લોન્સમાં વાર્ષિક ધોરણે વીસ ટકાનો વધારો થવા છતાં રિટેલ લોન્સની એનપીએની માત્રા ૧ ટકાથી પણ નીચી રહી શકે, એમ આ અધિકારીએ એક કાર્યક્રમને સંબોધતા જણાવ્યું હતું. આ પ્રમાણ ટકી શકે એવું નથી અને તે વ્યવસ્થા બંધબેસતુ હોવું જોઈએ. સપ્ટેમ્બર, ૨૦૨૨ના રોજ ભારતીય બેન્કોની ગ્રોસ નોન - પરફોર્મિંગ લોન્સ ઘટીને પાંચ ટકા સાથે સાત વર્ષની નીચી સપાટીએ રહી હોવાનું રિઝર્વ બેન્કના એક રિપોર્ટમાં અગાઉ જણાવાયું હતું.

# રિટેલ માર્કેટમાં માંગ વધશે, 2022માં વેચાણમાં 19 ટકાનો વધારો નોંધાયો

ગુજરાત | વંદન

કોવિડ રોગચાળાની સૌથી ખરાબ અસર શમી જવાથી, ગ્રાહક સેન્ટિમેન્ટ, વપરાશની માગ અને બ્રાન્ડ્સ અને રિટેલરો દ્વારા ઓમ્નીચેનલ અપનાવવાથી રિટેલ સેક્ટરમાં વૃદ્ધિ જળવાઈ રહે તેવી અપેક્ષા છે. મોલ ડેવલપર્સ પણ આ તેજસ્વી અંદાજને કારણે ઉત્સાહિત છે. રિટેલર્સ એસોસિએશન ઓફ ઈન્ડિયા અનુસાર, ૨૦૩૨ સુધીમાં છૂટક બજારનું કદ ૨ ટ્રિલિયન ડોલરને સ્પર્શે તેવી અપેક્ષા છે. રોગચાળા પહેલાના સ્તરને વટાવીને, ૨૦૨૨માં છૂટક વેચાણ લગભગ ૧૯ ટકા વધ્યું હતું. આ વૃદ્ધિથી ઉત્સાહિત, વિકાસકર્તાઓ આગામી ૪-૫ વર્ષોમાં ટોચના ૭ શહેરોમાં લગભગ ૨૫ મિલિયન ચોરસ ફૂટ નવી મોલ જગ્યા ઉમેરવાની યોજના ધરાવે છે; એનસીઆર અને હૈદરાબાદ કુલ નવા આવનારા પુરવઠામાં લગભગ ૪૬ ટકા હિસ્સો ધરાવે છે, જ્યારે બેંગલુરુ ૧૯ ટકાથી નજીક છે,

હાલમાં, ટોચના શહેરોમાં સમગ્ર દેશમાં ૫૧ મિલિયન ચોરસ ફૂટથી વધુ મોલ સ્ટોક છે, જેમાં એનસીઆર, મુંબઈ મેટ્રોપોલિટન રિજન, અને બેંગલુરુનો હિસ્સો છે.

કેટેગરીઝ શહેરોમાં હાઈ-એન્ડ બ્રાન્ડ્સ દ્વારા ખર્ચમાં રોગચાળા પહેલાના સમયગાળાની તુલનામાં ૫૦ ટકાથી વધુનો વધારો થયો છે. મોટા શહેરોની સરખામણીમાં મોટા જમીન પાર્સલ અને ઓછા ભાડાની ઉપલબ્ધતા અનેક બ્રાન્ડ્સને આકર્ષવામાં મહત્વની ભૂમિકા ભજવી રહી છે. ખરીદદારોની બદલાયેલી વર્તણૂક અને ‘અનુભવ’ માટે વિવિધ શહેરોના કેન્દ્રોમાં રુચિ કે જ્યાં શોપિંગ લેઝર અને એન્ટરટેઈનમેન્ટ સાથે જોડાયેલું છે.

# માર્ચમાં 12 દિવસ સુધી બંધ રહેશે બેન્ક, આ મહિને પતાવી દો તો તમારા કામ

ગુજરાત | વંદન

માર્ચ 2023માં કુલ 12 દિવસો સુધી બેન્ક બંધ રહેશે અને તેમાં વિકેન્ડ પણ સામેલ છે. એટલે મોડું કર્યા વગર તમારા બેન્ક સંબંધિત કામ સંપૂર્ણ રીતે પતાવી દો. ભારતમાં બેન્ક મહિનાના પહેલાં અને ત્રીજા શનિવારે કામ કરે છે. જ્યારે બીજા અને ચોથા શનિવારે બેન્કમાં રજા હોય છે. માર્ચ 2023માં ભારતીય રિઝર્વ બેન્ક એટલે કે, RBIના કેલેન્ડર મુજબ અંતગ અને સાર્વજનિક ક્ષેત્રની બેન્ક 12 દિવસ બંધ રહેશે. ત્યારે અમે તમને જણાવીએ કે કયા દિવસે બેન્કમાં રજા રહેશે. ભારતીય રિઝર્વ બેન્ક RBIએ રજાને ત્રણ બ્રેકેટમાં રાખી છે. 1. હોલિડે અંડર નેગોશિએબલ ઈન્સ્ટ્રુમેન્ટ્સ એક્ટ, 2. નેગોશિએબલ ઈન્સ્ટ્રુમેન્ટ્સ એક્ટ, 3.રીઅલ-ટાઈમ સેટલમેન્ટ હોલિડે.

### માર્ચ 2023માં બેન્કની રજાનું લિસ્ટ

- 3 માર્ચઃ ચાપચર કુટ, મિઝોરમ.
- 5 માર્ચ રવિવાર
- 7 માર્ચ હોળી, હોળીકા દહન
- 8 માર્ચ ધુળેટી
- 9 માર્ચ હોળી
- 11 માર્ચ મહિનાને બીજો શનિવાર
- 12 માર્ચ રવિવાર
- 19 માર્ચ રવિવાર
- 22 માર્ચઃ ગુડી પડવો, બિહાર દિવસ, તેલુગુ નવવર્ષ દિવસ, પહેલું નોરતું
- 25 માર્ચ ચોથો શનિવાર
- 26 માર્ચ રવિવાર
- 30 માર્ચ શ્રીરામ નવમી


# અમદાવાદમાં ભણેલા અજય બંગા બન્યા વર્લ્ડ બેન્કના અધ્યક્ષ

■ અમેરિકી રાષ્ટ્રપતિ જો બાઈડને તેમને અધ્યક્ષ માટે નોમિનેટ કર્યા

ગુજરાત | વંદન

દુનિયામાં છેલ્લા ઘણા વર્ષોથી ભારતની છબી બદલાઈ રહી છે. દુનિયામાં અનેક મોટી સંસ્થાઓના ઉચ્ચ પદ પર હાલમાં ભારતવંશીઓ કામ કરી રહ્યાં છે જેને કારણે ભારતનું પ્રભુત્વ દુનિયામાં વધ્યું છે. એવા સમયે ભારતીયોને ગૌરવ અપાવે તેવા સમાચાર સામે આવ્યા છે. ભારતીય મૂળની અમેરિકન નાગરિક અજયપાલ સિંહ બંગા વર્લ્ડ બેન્કના નવા અધ્યક્ષ બન્યા છે. અમેરિકી રાષ્ટ્રપતિ જો બાઈડને ગુરુવારે તેમને અધ્યક્ષ માટે નોમિનેટ કર્યા હતા. જો બાઈડન તરફથી વ્હાઈટ હાઉસે આ જાણકારી આપી હતી.

વ્હાઈટ હાઉસ દ્વારા જણાવવામાં આવ્યું હતું કે, અમેરિકા એ વર્લ્ડ બેન્કના આગામી અધ્યક્ષ માટે અજય બંગાને નોમિનેટ કર્યા છે. અજય બંગા અધ્યક્ષ બનતા જ રાષ્ટ્રપતિ બાઈડન સહિત અનેક લોકોએ તેમને શુભેચ્છાઓ આપી હતી. અજય બંગાનો જન્મ 10 નવેમ્બર 1959ના રોજ પુણેમાં થયો હતો. તેઓ દિલ્હીની સેન્ટ સ્ટીફન્સ કોલેજમાંથી અર્થશાસ્ત્રમાં સ્નાતક છે. આ સિવાય તેણે IIM અમદાવાદમાંથી MBA કર્યું



છે. તેમના પિતા હરભજન સિંહ બંગા ભારતીય સેનામાં લેફ્ટનન્ટ જનરલ રહી ચૂક્યા છે.

63 વર્ષીય બંગા હાલમાં જનરલ એટલાન્ટિકના વાઈસ ચેરમેન છે. તે પહેલા તેઓ માસ્ટરકાર્ડના પ્રમુખ અને મુખ્ય કાર્યકારી અધિકારી હતા. અજય બંગા ઓગસ્ટ 2009માં માસ્ટરકાર્ડમાં પ્રમુખ અને ચીફ ઓપરેટિંગ ઓફિસ તરીકે જોડાયા અને એપ્રિલ 2010માં કંપનીના સીઈઓ બન્યા. 1996માં સિટીગ્રુપમાં જોડાતા પહેલા, બંગાએ નેસ્લે ઈન્ડિયા સાથે 13 વર્ષ કામ કર્યું હતું અને પેપ્સિકોમાં પણ બે વર્ષ વિતાવ્યા હતા, જ્યાં તેમણે એશિયા-પેસિફિક ક્ષેત્રના CEO સહિત વિવિધ જવાબદારીઓ સંભાળી હતી. તેઓ શહેરના વરિષ્ઠ નેતૃત્વ અને કાર્યકારી સમિતિના સભ્ય પણ હતા. બંગાને 2016માં પદ્મશ્રીથી નવાજવામાં આવ્યા હતા.

# BOB ગોલ્ડન ચતુર્ભુજ દોડ પૂર્ણ કરવા બદલ મેરેથોનર કુમાર અજવાણીનું સન્માન કરાયું

■ વિકલાંગ ભારતીય સૈનિકોના પુનર્વસન માટે ભંડોળ એકત્રની ઝુંબેશ ગોલ્ડન ચતુર્ભુજ દોડનું આયોજન કરાયું હતું

ગુજરાત | વંદન

બેંક ઓફ બરોડા (બેંક)એ કુમાર અજવાણી, અલ્ટ્રા-મેરેથોનર અને સ્થાપક-નિર્દેશક, ટીમ FAB ફાઉન્ડેશન, 100 દિવસમાં આશરે 5933 કિલોમીટરનું અંતર આવરી લેતી BOB ગોલ્ડન ચતુર્ભુજ દોડ પૂર્ણ કરવા બદલ



સન્માન કર્યું.

62 વર્ષીય અજવાણીએ અનેક આંતર-શહેર અને આંતર-રાજ્ય રન પૂર્ણ કર્યા છે, સામાજિક કારણો માટે ભંડોળ એકત્ર કર્યું છે અને જરૂરિયાતમંદોને મદદ કરી છે. આ વર્ષે, તેમણે દિવ્યાંગ આર્મી સૈનિકો, આર્મી એથ્લેટ્સ/પેરા એથ્લેટ્સને ટેકો આપવા અને આદિવાસી શાળાઓને મૂળભૂત શૈક્ષણિક સુવિધાઓ પૂરી પાડવા માટે ભંડોળ એકત્ર કરવા માટે બેંક ઓફ બરોડા ગોલ્ડન ચતુર્ભુજ ઝુંબેશ શરૂ કરી છે.

આ દોડ 8 નવેમ્બર, 2022 ના રોજ મુંબઈમાં શરૂ થઈ હતી અને ત્યારબાદ મુંબઈ પાછા ફરતા પહેલા મહારાષ્ટ્ર, કર્ણાટક, તમિલનાડુ, આંધ્રપ્રદેશ, ઓડિશા, પશ્ચિમ બંગાળ, ઝારખંડ, બિહાર, ઉત્તર પ્રદેશ, હરિયાણા, દિલ્હી, રાજસ્થાન અને ગુજરાતને આવરી લીધા હતા.

# ડાયાબિટીસને કન્ટ્રોલ કરવામાં મદદ કરશે અંજીરની ખીર, બનાવો સરળતાથી રેસેપી

જ્યારે પણ તમને મીઠાઈ ખાવાનું મન થાય ત્યારે તરત જ અંજીરની ખીર તૈયાર કરી શકાય છે. અંજીર ટેસ્ટી હોવા ઉપરાંત પોષણથી ભરપૂર ફળ છે. શુગરના દર્દીઓ પણ ચિંતા કર્યા વગર અંજીરની ખીર ખાઈ શકે છે. તેમાં રહેલા તત્વો શુગરને કંટ્રોલ કરવામાં મદદ કરે છે. આ સાથે અંજીરના સેવનથી પાચનક્રિયા પણ સુધરે છે. જો તમે ભાત અથવા વર્મીસીલી ખીરને બદલે નવી મીઠી વાનગી અજમાવવા માંગતા હોવ તો અંજીરની ખિર એક સ્વાદિષ્ટ અને આરોગ્યપ્રદ વિકલ્પ બની શકે છે. તેને બનાવવામાં પણ ખૂબ જ સરળ છે. અંજીરની ખીર ગમે ત્યારે બનાવીને ખાઈ શકાય છે. તેનો સ્વાદ બાળકોથી લઈને વડીલો સુધી બધાને ગમે છે. જો તમે ક્યારેય અંજીરની ખીરની રેસિપી અજમાવી નથી તો અમારી ઉલ્લેખિત પદ્ધતિ તમારા માટે ખૂબ ઉપયોગી થઈ શકે છે.



## અંજીર ખીર કેવી રીતે બનાવવી

સ્વાદિષ્ટ અંજીર ખીર બનાવવા માટે પહેલા અંજીરને ધોઈને તેના ટુકડા કરી લો. હવે એક કડાઈમાં 2 ચમચી દેશી ઘી નાખીને મધ્યમ આંચ પર ગરમ કરો. હવે પેનમાં અંજીરના ટુકડા નાખી ધીમી આંચ પર શેકી લો. સમયાંતરે હલાવતા સમયે અંજીરને ફ્રાય કરો. હવે એક ઊંડા તળિયાના વાસણમાં દૂધ નાંખો અને તેમાં તળેલા અંજીર નાખો અને તેને 4 થી 5 કલાક પલાળી રાખો. હવે કડાઈના ઘીમાં બદામ અને ખારકના ટુકડા નાખીને તળી લો. ડ્રાય ફ્રૂટ્સને 1 થી 2 મિનિટ સુધી ચમચા વડે હલાવીને ફ્રાય કરો. ત્યાર બાદ તેને બહાર કાઢીને મિક્સર જારમાં નાખો. સાથે જ બરણીમાં લીલી ઈલાયચી નાખીને બધી સામગ્રીને પીસી લો. પીસી લીધા પછી દૂધમાં પલાળેલા અંજીરને પણ બરણીમાં નાખીને પીસી લો. આ પછી તૈયાર મિશ્રણને એક વાસણમાં કાઢી લો. હવે બાકીના ડ્રાયફ્રૂટ્સને દેશી ઘીમાં તળી લો. આ પછી બાકીનું દૂધ પેનમાં નાખો અને ઉકળે ત્યાં સુધી પકાવો. જ્યારે દૂધ ઉકળવા લાગે ત્યારે તેમાં આદુની પેસ્ટ ઉમેરો અને ચમચાની મદદથી હલાવતા જ પકાવો. આ પછી અંજીરની ખીરમાં કન્ડેન્સ્ડ મિલ્ક ઉમેરો અને ધીમી આંચ પર ખીરને ઉકળવા દો. હવે ખીરમાં સ્વાદ મુજબ ખાંડ ઉમેરો અને ચમચા વડે હલાવતા જ પકાવો. હવે એક બાઉલમાં બે ચમચી દૂધ લો અને તેમાં કેસર નાખો. દૂધમાં કેસર ઓગાળી લીધા પછી ખીરમાં કેસરનું દૂધ ઉમેરીને બરાબર મિક્ષ કરી લો. હવે ખીરને ઢાંકીને 5 મિનિટ પકાવો. આ પછી ગેસ બંધ કરી દો. સ્વાદ અને પોષણથી ભરપૂર અંજીર ખીર તૈયાર છે. તેને પિસ્તાના ટુકડા, અંજીરના ટુકડાથી ગાર્નિશ કરીને સર્વ કરો.

## અંજીર ખીર બનાવવા માટેની સામગ્રી

- અંજીર 14-15
- દૂધ - 1 લિટર
- ખરક - 5-6
- બદામ - 10-12
- કાજુ - 10-12
- પલાળેલી બદામ - 8-10
- પલાળેલા પિસ્તા - 8-10
- કેસરના દોરા - 1/4
- ચમચી લીલી ઈલાયચી - 4-5
- સમારેલી બદામ - 2
- ચમચી કન્ડેન્સ્ડ મિલ્ક - 1
- કપ દેશી ઘી - 2 ચમચી
- ખાંડ - સ્વાદ મુજબ



# નસ્કોરાથી છૂટકારો મેળવવા માટે ડાયટમાં સમાવેશ કરો 5 વસ્તુઓનો, આવશે સરસ ઊંઘ

રાત્રે નસ્કોરા બોલવા આજકાલ સામાન્ય સમસ્યા બની ગઈ છે. ઘણા લોકોને તો રાત્રે ઊંઘમાં બહુ જોર-જોરથી નસ્કોરા બોલતા હોય છે. સૂતી વખતે નસકોરા બોલવાના કારણે પોતાની અને સાથે સૂતા લોકોની પણ ઊંઘ ખરાબ થાય છે. સામાન્ય રીતે થાક, મેદસ્વિતા, બંધ નાક કે સ્લીપ એપનિયા જેવી બીમારીઓના કારણે નસકોરા બોલી શકે છે. સામાન્ય રીતે લોકો નસકોરા બોલવાની સમસ્યાને સામાન્ય સમજી નજરઅંદાજ કરે છે. પરંતુ સૂતી વખતે નસકોરા બોલવા એ કોઈ ગંભીર સ્બીમારીનો સંકેત પણ હોઈ શકે છે. એવામાં તમારે ડૉક્ટરની સલાહ લઈને ઈલાજ ચોક્કસથી કરાવવો જોઈએ. નસકોરાની સમસ્યા દૂર કરવા માટે સારું ડાયટ લેવું બહુ ફાયદાકારક ગણાય છે. આ લેખમાં અમે તમને જણાવશું કે, નસકોરાથી છૂટકારો મેળવવા માટે કયા ફૂડ્સનું સેવન કરવું જોઈએ.

## નસ્કોરાની સમસ્યા દૂર કરવા માટે સારું ડાયટ લેવું બહુ ફાયદાકારક

### મધ

મધનું સેવન કરવાથી સ્વાસ્થ્યને અનેક ફાયદા મળે છે. મધમાં એન્ટી-ઈંફ્લેમ્ટરી અને એન્ટી-માઈક્રોબિયલ ગુણો હોય છે. મધના સેવનથી શરદી-ખાંસી અને ગળાની ખારાશમાં બહુ જલદી આરામ મળે છે. મધ ગળાના સંક્રમણને દૂર કરવામાં મદદ કરે છે. મધનો ઉપયોગ કરવાથી નાકનો માર્ગ ખૂલે છે, જેના કારણે શ્વાસ લેવામાં તકલીફ નથી પડતી. નસકોરાથી છૂટકારો મેળવવા માટે રાત્રે સૂતાં પહેલાં ગરમ પાણી કે દૂધમાં એક ચમચી મધ મિક્સ કરીને સેવન કરવું જોઈએ.

### હળદર

હળદરમાં ભરપૂર માત્રામાં ઔષધીય ગુણો હોય છે. આયુર્વેદમાં હળદરના ઉપયોગથી ઘણી સમસ્યાઓ દૂર કરી શકાય છે. નસકોરાના ઈલાજ માટે હળદરનો પ્રયોગ બહુ પ્રભાવી ગણાય છે. હળદરમાં એન્ટી-ઈંફ્લેમેટરી ગુણ હોય છે, જે બંધ નાખ ખોલવાની સાથેપ્સાથે ગળાને ઠીક કરવામાં પણ મદદ કરે છે. હળદરનું સેવન કરવાથી બ્લડ સર્કુલેશન સારુ થાય છે. જેનાથી નસકોરાની સમસ્યા દૂર થાય છે. જો તમે નસકોરાથી રાહત મેળવવા ઈચ્છતા હોવ તો, રાત્રે સૂતાં પહેલાં હળદરવાળું દૂધ પીવું જોઈએ. તેનાથી અનેક સ્વાસ્થ્ય લાભ મળી શકે છે.

### ડુંગળી

નસકોરાના ઈલાજમાં ડુંગળી ખૂબજ ફાયદાકારક ગણાય છે. ડુંગળીમાં એન્ટીઑક્સિડેન્ટ ગુણ હોય છે, જે સંક્રમણ પેદા કરતા બેક્ટેરિયા સામે લડવામાં મદદ કરે છે. ડુંગળીનું સેવન કરવાથી નાક અને ગળાનો માર્ગ ખૂલે છે. નસકોરાથી છૂટકારો મેળવવા માટે ડિનરમાં રાંધેલી ડુંગળીનું સેવન કરવું જોઈએ. ડુંગળી ખાવાથી મગજને રાહત મળે છે અને તમને સારી ઊંઘ આવે છે.

### આદુ

આદુ નસકોરાની સમસ્યા દૂર કરવામાં બહુ ફાયદાકારક ગણાય છે. આદુમાં મેગ્નેશિયમ, પોટેશિયમ અને ઝિંક જેવાં પોષકતત્વો હોય છે, જે બ્લડ સર્કુલેશનને સુચારૂ કરવામાં મદદ કરે છે. આદુનું સેવન કરવાથી સ્નાયુઓ રિલેક્સ થાય છે. તો આદુ થાક અને નસકોરાની સમસ્યા દૂર કરવામાં મદદ કરે છે. નસકોરાથી છૂટકારો મેળવવા માટે સૂતાં પહેલાં આદુવાળી ચાનું સેવન કરી શકાય છે.

### સફરજન

સફરજમાં ભરપૂર માત્રામાં પોષકતત્વો હોય છે, જે શરીર માટે બહુ ફાયદાકારક ગણાય છે. રોજ એક સફરજન ખાવાથી નસકોરાની સમસ્યા દૂર કરવામાં મદદ મળી શાકે છે. વાસ્તવમાં સફરજનમાં પોટેશિયમ હોય છે, જે નસકોરાને દૂર કરવામાં મદદ કરે છે. સફરજનમાં રહેલ પોષક તત્વો બ્લડ વેસેલ્સને સારા કરવામાં મદદ કરે છે, જેના કારણે નસકોરાની સમસ્યા દૂર થાય છે.

# આ વેકેશનમાં દ્વારકાધીશના દર્શન કર્યા બાદ આસપાસના આ ખાસ પ્લેસ કરો એક્સપ્લોર



હવે ધીમે-ધીમે ઉનાળાની શરૂઆત થઈ રહી છે. થોડાક સમયમાં વિદ્યાર્થીઓની વાર્ષિક પરીક્ષા પૂર્ણ થશે અને લાંબુ વેકેશન મળશે. એવામાં કેટલાક પેરેન્ટ્સ ઉનાળામાં ક્યાં ફરવા જવું તેનું પ્લાનિંગ કરતાં હોય છે. ત્યારે આજે અમે તમને ગુજરાતના એવાં બેસ્ટ કૂલ અને ઐતિહાસિક પ્લેસ વિશે જણાવીએ કે, જ્યાં તમે બાળકો સાથે ઉનાળાના વેકેશનની મોજ માણી શકો છો. ચારધામમાંથી એક અને ગોમતી નદીના કિનારે વસેલું દ્વારાવતી એટલે કે, દ્વારકા ઐતિહાસિક અને સુંદર સ્થળ છે. અહીં મુખ્ય આકર્ષણ ભગવાન શ્રીકૃષ્ણનું દ્વારકાધીશ મંદિર છે. આ મંદિર ભગવાન કૃષ્ણના પૌત્ર વજનભ દ્વારા 4500 કરતાં પણ વધુ વર્ષ પહેલાં સ્થાપિત કરાયું હતું. આ મંદિરમાં વિરાજીત દ્વારકાધીશના દર્શન કરવા જવા માટે બે દ્વાર (સ્વર્ગ અને મોક્ષ) છે. ભગવાન શ્રીકૃષ્ણના દર્શન કરી અહીં આવતાં દર્શનાર્થીઓ સુદામા પુલ પરથી દરિયા કિનારે ચોપાટીની પણ મજા માણી શકે છે.



## નાગેશ્વરમ જ્યોતિર્લિંગ

દ્વારકામાં ભગાવન શ્રીકૃષ્ણના દર્શન કર્યા પછી દર્શનાર્થીઓ થોડેક દૂર આવેલાં નાગેશ્વરમ જ્યોતિર્લિંગના પણ દર્શને જઈ શકે છે. અહીં મંદિરની નજીક આવેલા ગોપી તળાવનું પણ અનેરું મહાત્મ્ય છે.



## બેટ દ્વારકા

દ્વારકાના દરિયાકાંઠે આવેલા એક નાનકડો ટાપુ પર વલ્લભાચાર્યએ મંદિરની સ્થાપના કરી હતી. ભગવાન દ્વારકાધીશના દર્શન કર્યા બાદ દર્શનાર્થીઓ અચૂક અહીં બેટ દ્વારકા આવે છે અને દર્શન કરી ધન્યતા અનુભવે છે.

## રૂકમણી દેવી મંદિર



2500થી વધુ વર્ષ જૂનું આ રૂકમણી મંદિર ઐતિહાસિક છે. અહીં ગર્ભગૃહમાં માતા રુકમણીની મૂર્તિ સ્થાપિત છે. મંદિર પર નરથરા એટલે કે માનવ આકૃતિઓ અને ગજથરસ એટલે કે, ગાથીની કંડારવામાં આવી છે. દ્વારકા આવવા જવા માટે અલગ-અલગ કંપનીની ટ્રાવેલ બસ દરરોજ ચાલે છે. અહીં રહેવા અને જમવાની વ્યવસ્થા માટે અલગ-અલગ હોટેલ આવેલી છે.

# ત્વચાની ચમક ખોવાઈ ગઈ હોય તો, લગાવો હળદરનાં આ ત્રણ ઉબટન

ચહેરાની ચમક માટે લોકો જાતજાતનાં બ્યૂટી ઉત્પાદનોનો ઉપયોગ કરે છે. પરંતુ ઘણીવાર સતત તડકામાં રહેવાના કારણે શરીરની ચમક ખોવાઈ જાય છે. જેનાથી ત્વચા મુરજાઈ જાય છે. એવામાં ત્વચાને ગ્લોઈંગ બનાવવા માટે હળદરના ઉબટનનો ઉપયોગ કરી શકાય છે. શરીર પર હળદરનું ઉબટન લગાવવાથી ત્વચાની ઘણી સમસ્યાઓ સરળતાથી દૂર થાય છે. ઘણા લોકો શરીરની ચમક વધારવા માટે બ્યૂટી ઉત્પાદનોનો ઉપયોગ કરે છે. આ ઉત્પાદનો મોંઘાં હોવાની સાથે-સાથે, નિયમિત તેના ઉપયોગથી ત્વચાને નુકસાન પણ થઈ શકે છે. હળદરના ઉબટનના ઉપયોગથી ત્વચા ચમકદાર બનવાની સાથે-સાથે ત્વચાની કાળાશ પણ દૂર થાય છે. તો ચાલો જાણીએ કેવી રીતે ઘરે બનાવવું હળદરનું ઉબટન.

## ઉબટન બનાવવાની રીત...

હળદર અને બેસનનું ઉબટન બનાવવા માટે આ બધી જ સામગ્રીને મિક્સ કરીને પેસ્ટ બનાવી લો. હવે આ પેસ્ટને શરીર પર લગાવી હળવા હાથે માલીશ કરો. 10 થી 15 મિનિટ સુધી શરીર પર આ ઉબટન લગાવી રાખો. ત્યારબાદ શરીરને સાદા પાણીથી ધોઈ લો. એકવાતનું ખાસ ધ્યાન રાખવું કે, ઉબટન લગાવ્યા બાદ સાબુનો ઉપયોગ ન કરવો જોઈએ. આ ઉબટનને લગાવવાથી શરીરની રંગતમાં નિખાર આવશે અને ટેનિંગ પણ દૂર થશે.

- 1 હળદર અને બેસનનું ઉબટન સામગ્રી
- 2 ચમચી - હળદર
- 1 ચમચી - બદામ પાવડર
- 1 ચમચી - ગુલાબજળ
- 2 ચમચી - બેસન
- 2 ચમચી - દૂધ

## ઉબટન બનાવવાની સામગ્રી

હળદર અને લીંબુના રસનું ઉબટન બનાવવા માટે આ બધી જ વસ્તુઓને મિક્સ કરીને મિશ્રણ તૈયાર કરો. શરીર પર આ મિશ્રણને 10-15 મિનિટ સુધી લગાવી રાખો. ત્યારબાદ શરીર પર ઉબટન લગાવતાં પહેલાં હળવા હાથે માલિશ કરો. ત્યારબાદ નવશેકા પાણીથી નહાઈ લો. આ ઉબટન લગાવવાથી શરીર અંદરથી સાફ થાય છે અને ત્વચાને

- 2 હળદર અને લીંબુના રસનું ઉબટન સામગ્રી
- 2 ચમચી - હળદર પાવડર
- 1 ચમચી - ગુલાબજળ
- 2 ચમચી - લીંબુનો રસ
- 2 ચમચી - બેસન
- 2 ચમચી - દૂધ



## પેસ્ટ લગાવી હળવા હાથે મસાજ પણ કરો

હળદર અને ચંદન પાવડરનું ઉબટન બનાવવા માટે આ બધી જ સામગ્રીને મિક્સ કરીને એક પેસ્ટ બનાવો. હવે શરીર પર આ પેસ્ટ લગાવી 10-15 મિનિટ માટે લગાવી રાખો અને હળવા હાથે મસાજ પણ કરો. આ રીતે ઉબટન લગાવવાથી શરીરની ત્વચા નીખરી ઉઠે છે અને ત્વચા ચમકી ઉઠે છે. હળદરનું આ ઉબટન શરીર માટે બહુ ફાયદાકારક ગણાય છે. પરંતુ એક વાતનું ખાસ ધ્યાન રાખવું જોઈએ કે, જો તમને જોઈ બીમારી કે એલર્જીની સમસ્યા હોય તો, બ્યૂટી એક્સપર્ટ સાથે વાત કરીને જ તેનો ઉપયોગ કરવો જોઈએ.

- 3 હળદર અને ચંદન પાવડરનું ઉબટન સામગ્રી
- 2 ચમચી - ચંદન પાવડર
- 2 ચમચી - હળદર
- 2 ચમચી - ગુલાબજળ
- 2 ચમચી - દૂધ

# આ રીતે ઘરે ફટાફટ તૈયાર કરો કીવી અને કેળાનો શેક, રેસીપી છે ખૂબ જ સહેલી

કીવી એક સુપર હેલ્ધી ફળ છે. તે સ્વાસ્થ્ય માટે ખૂબ ફાયદાકારક છે. તેમાં વિટામિન અને મિનરલ્સ હોય છે. તેથી જ તેને પોષક તત્વોનું પાવરહાઉસ કહેવામાં આવે છે. તમે આ હેલ્ધી ફળનું ઘણી રીતે સેવન કરી શકો છો. તમે એક સ્વાદિષ્ટ શેક પણ બનાવી શકો છો અને તેને તમારા આહારમાં શામેલ કરી શકો છો. તમે કેળા અને કીવીનો ઉપયોગ કરીને આ શેક બનાવી શકો છો. કીવી અને બનાના શેકનો સ્વાદ ખૂબ જ સારો છે. તો ફટાફટ નોંધી લો કીવી અને કેળાનો શેક બનાવવાની રીત.



## બનાવવાની રીત

- કેળા અને કીવીનો સ્વાદિષ્ટ શેક બનાવવા માટે સૌથી પહેલા બંને ફળની છાલ કાઢી લો. ત્યારબાદ બંનેના ટૂકડા કરીને તેને મિક્શરમાં નાખો. હવે તેમાં 2 કપ દૂધ નાખો અને ક્રશ કરો. ત્યારબાદ તેમાં મધ અને 2 કપ દૂધ નાખો અને ફરી ક્રશ કરો.
- ત્યારબાદ આ મિશ્રણમાં બરફના ટૂકડા નાખો અને જ્યાં સુધી ફળ સરસ રીત ક્રશ ન થઈ જાય ત્યાં સુધી બ્લેડ કરો. હવે એક ગ્લાસ લો અને તેમાં દાડમના દાણા નાખો, હવે ગ્લાસમાં મિક્સરમાં ક્રશ કરેલું મિશ્રણ નાખો.
- તો તૈયાર છે એકદમ ટેસ્ટી કેળા અને કીવીનો શેક. જે સ્વાદમાં તો જબરદસ્ત છે, સાથે-સાથે તે સ્વાસ્થ્ય માટે પણ ફાયદાકારક છે.

## સામગ્રી

- ઠુંડુ દૂધ- 4 કપ
- કેળા- 2
- દાડમના દાણા- 1/4 કપ
- કિવી- 2
- મધ - 2 ચમચી
- બરફના ટૂકડા- 4 ક્યૂબ્સ

# તૂટયો વર્લ્ડકપ જીતવાનો સપનો

# મહિલા T20 વર્લ્ડ કપમાં ટીમ ઈન્ડિયાની સફર ખત્મ



■ **ઓસ્ટ્રેલિયા સામેની સેમિફાઈનલ મેચમાં ભારતનો પાંચ રને પરાજય**

ગુજરાત | વંદન

મહિલા T20 વર્લ્ડ કપમાં ટીમ ઈન્ડિયાની સફર પૂરી થઈ ગઈ છે. ઓસ્ટ્રેલિયા સામેની સેમિફાઈનલ મેચમાં ભારતનો પાંચ રને પરાજય થયો હતો. આ જીત સાથે ઓસ્ટ્રેલિયાની ટીમ સાતમી વખત મહિલા T20 વર્લ્ડ કપની ફાઈનલમાં પહોંચી છે. આ મેચ પહેલા જ ભારત માટે પડકારો શરૂ થઈ ગયા હતા અને ઘણા મહત્વપૂર્ણ ખેલાડીઓ મેચ પહેલા સંપૂર્ણ રીતે ફિટ નહોતા. જોકે, જ્યારે ભારતીય ટીમ રમવા માટે ઉતરી ત્યારે યુવા ખેલાડીઓએ શાનદાર પ્રદર્શન કર્યું અને ટીમ ઈન્ડિયા મેચમાં છવાયેલી રહી. થોડા સમય માટે એવું લાગી રહ્યું હતું કે ભારત મેચ જીતી શકે છે, પરંતુ કેપ્ટન હરમનપ્રીત કૌર રિચા ઘોષ ખોટા સમયે આઉટ થઈ ગઈ અને ટીમ ઈન્ડિયા પાંચ રનથી મેચ હારી ગઈ અને ટૂર્નામેન્ટમાંથી બહાર થઈ ગઈ.

સેમીફાઈનલ મેચ પહેલા ભારતીય ટીમ મુશ્કેલીમાં મુકાઈ ગઈ હતી. પૂજા વસ્ત્રાકર બીમારીના કારણે રમી શકી ન હતી. કેપ્ટન હરમનપ્રીત, સ્મૃતિ મંધાના અને રાધા યાદવ જેવા ખેલાડીઓ મેચ પહેલા સંપૂર્ણ રીતે ફિટ નહોતા. પૂજાની જગ્યાએ સ્નેહ રાણા ટીમમાં સામેલ થઈ અને મેચ પણ રમી. પૂજા સારી બોલિંગ કરવા માટે જાણીતી છે પરંતુ સ્નેહે ચાર ઓવરમાં 33 રન આપી દીધા. તે જ સમયે, મંધાના અને રાધા યાદવ પણ કંઈ ખાસ કરી શક્યા નહીં. આ પરિબળોએ ભારતની હારમાં મહત્ત્વનું યોગદાન આપ્યું હતું, કારણ કે ફિટનેસના અભાવે પણ ભારતીય ખેલાડીઓના આત્મવિશ્વાસને નબળો પાડ્યો હતો.

રેણુકા સિંહ ભારતની સૌથી સફળ બોલર હતી. તે આ મેચમાં પણ શાનદાર પ્રદર્શન કરશે તેવી અપેક્ષા હતી, પરંતુ તે સંપૂર્ણ રીતે ફ્લોપ રહી અને તેણે ચાર ઓવરમાં કોઈ વિકેટ લીધા વિના 41 રન આપી દીધા. આ કારણે ઓસ્ટ્રેલિયન ટીમને શાનદાર શરૂઆત મળી અને અંતે રેણુકાએ રન આપી દીધા અને ઓસ્ટ્રેલિયાને 172 રન બનાવવા દીધા. હરમનપ્રીત અને રિચા ઘોષના આઉટ થયા બાદ પૂજા વસ્ત્રાકરનો કમી દેખાઈ હતી. જે બીમારીના કારણે મેચ રમી ન હતી. તેના સ્થાને આવેલી સ્નેહ રાણા 10 બોલમાં માત્ર 11 રન જ બનાવી શકી. દીપ્તિ પણ ઝડપી ગતિએ રન બનાવી શકી ન હતી અને ભારત પાંચ રનથી હારી ગયું હતું. ભારતને જીતવા માટે છેલ્લી બે ઓવરમાં 20 રનની જરૂર હતી, પરંતુ દીપ્તિ શર્મા અને સ્નેહ રાણાની જોડી આમ કરી શકી ન હતી.

# ટીમમાં જગ્યા નથી બનતી ! બોર્ડે હર્ષલ પટેલને અચાનક કર્યો બહાર

■ **હર્ષલ પટેલને પહેલ ન્યૂઝીલેન્ડ અને હવે ઓસ્ટ્રેલિયા સામે શ્રેણીમાંથી બહાર રખાયો**

ગુજરાત | વંદન



ભારત-ઑસ્ટ્રેલિયા વચ્ચે 17 માર્ચથી ત્રણ મેચની વન-ડે શ્રેણી રમાવાની છે. ઑસ્ટ્રેલિયા વિરુદ્ધ આ વન-ડે શ્રેણીમાં અચાનક એક ખેલાડીને નજરઅંદાજ કરી દેવાયો છે એટલા માટે હવે તેનું કરિયર પૂરું થઈ ગયું હોવાનું સૌ માની રહ્યા છે. વન-ડે શ્રેણી પહેલાં જ બોર્ડે ગુજરાતી ખેલાડીના હુક્કાપાણી બંધ કરી દઈને તેને બહાર કાઢી મુક્યો છે. આવનારા દિવસોમાં જો હવે તેની ટીમમાં જગ્યા નહીં બને તો તેણે આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાંથી સંન્યાસનું એલાન કરવું પડી શકે છે.

બોર્ડે અચાનક ફાસ્ટ બોલર હર્ષલ પટેલને બહાર કરી દીધો છે. પાછલા મહિને ન્યુઝીલેન્ડ વિરુદ્ધ રમાયેલી ટી-20 અને વન-ડે શ્રેણીમાં પણ હર્ષલ પટેલને પસંદગીકારોએ કોઈ ભાવ આપ્યો નહોતો અને હવે ઑસ્ટ્રેલિયા વિરુદ્ધ પણ આવું જ કર્યું છે.

પસંદગીકારોએ સંકેત આપી દીધો છે કે, ભારતીય ટી-20 ટીમ અને વન-ડે ટીમમાં હર્ષલ પટેલ તકનો હક્કદાર નથી ! હર્ષલ પટેલે ટીમ ઈન્ડિયા માટે અત્યાર સુધી 25 ટી-20 મુકાબલા રમ્યા છે જેમાં માત્ર તે 29 વિકેટ જ લઈ શક્યો છે.

હર્ષલની અત્યંત મોંઘી બોલિંગ તેને ટીમ ઈન્ડિયામાં જગ્યા અપાવી રહી નથી. 32 વર્ષીય હર્ષલના હાથમાંથી સમય હવે રેતીની જેમ લપસી રહ્યો છે. તેના સ્થાને હવે મોહમ્મદ સીરાજ, ઉમરાન મલિક, શાર્દૂલ ઠાકુર અને શિવમ માવી જેવા બોલરો ઉપલબ્ધ છે.

હર્ષલને જો હવે એકથી બે વર્ષ સુધી તક ન મળી તો તેણે મજબૂરીથી સંન્યાસની જાહેરાત કરવી પડી શકે છે. હર્ષલે પોતાના 12 ટી-20 મુકાબલામાં પાંચ વખત 40થી વધુ રન લૂંટાવ્યા છે.

# અમદાવાદમાં ઈન્ડિયા-ઓસ્ટ્રેલિયા ટેસ્ટમાં ટિકિટનો મિનિમમ ભાવ માત્ર 200 રૂપિયા

ગુજરાત | વંદન

ભારત અને ઓસ્ટ્રેલિયા વચ્ચે ચાર ટેસ્ટ શ્રેણીની અંતિમ મેચ 9 માર્ચે અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમ ખાતે રમાશે. આ મેચમાં 86 વર્ષ જૂનો રેકોર્ડ તોડવા સેક્રેટરી જય શાહે માસ્ટર પ્લાન બનાવ્યો છે. મેચમાં ટિકિટનો મિનિમમ ભાવ 200 રૂપિયા છે. આ પાછળનો હેતુ છે કે, વધુને વધુ લોકો ક્રિકેટના લોન્ગેસ્ટ અને ટુએસ્ટ ફોર્મેટને માળવા સ્ટેડિયમ આવે. તેમજ આ દરમિયાન નરેન્દ્ર મોદી સ્ટેડિયમ એક ઈન્ટરનેશનલ ટેસ્ટ મેચ દરમિયાન સૌથી વધુ દર્શકોનો રેકોર્ડ સ્થાપિત કરે.






INDIA vs AUSTRALIA
4TH TEST MATCH

| STAND | PRICE (₹) |
|---|---|
| PRESIDENT GALLERY LEVEL 3 | 2500/- |
| SOUTH PREMIUM EAST, WEST & CENTER | 1,000/- |
| BLOCK A,D,E & H (LOWER) | 350/- |
| BLOCK M & N (UPPER) | 350/- |
| BLOCK J & R (UPPER) | 200/- |
| BLOCK B,C,F & G (LOWER) | 300/- |
| BLOCK K,L,P & Q (UPPER) | 200/- |

**અમદાવાદની મેચમાં ટિકિટનો ભાવ**

અમદાવાદ ખાતે ઈન્ડિયા ઓસ્ટ્રેલિયા ટેસ્ટમાં 5 ભાવ નક્કી કરવામાં આવ્યા છે. મિનિમમ પ્રાઈસ 200 રૂપિયા છે. જ્યારે મેક્સિમમ પ્રાઈસ 2500 રૂપિયા છે, જે પ્રેસિડન્ટ ગેલેરી લેવલ-3નો ભાવ છે. એ સિવાય અન્ય ટિકિટના ભાવ 300, 350 અને 1 હજાર રૂપિયા છે.

ઓફિશિયલી એક ટેસ્ટમાં સૌથી વધુ ઓડિયન્સનો રેકોર્ડ કોલકાતાના ઈડન ગાર્ડન્સના નામે છે. ભારત-પાકિસ્તાનની 1998-99ની ટેસ્ટ દરમિયાન અહીં 4.65 લાખ દર્શકોએ હાજરી આપી હતી. જો કે, ઈએસપીએન ક્રિકઈન્ફો અનુસાર આ મેચમાં ઓફિશિયલ ફિગર્સ જાહેર કરવામાં નહોતા આવ્યા. ઓફિશિયલ જાહેર કરવામાં આવેલા આંકડા અનુસાર ટેસ્ટમાં સૌથી વધુ ઓડિયન્સનો રેકોર્ડ મેલબોર્ન ક્રિકેટ ગ્રાઉન્ડના નામે છે.

## ISSF શૂટિંગ વર્લ્ડકપ

# ભારતના ઐશ્વર્ય પ્રતાપ સિંહે ગોલ્ડ મેડલ જીત્યો



ગુજરાત | વંદન

ભારતીય શૂટર ઐશ્વર્ય પ્રતાપ સિંહે ઈજીપ્તના કાયરોમાં ચાલી રહેલા આઈએસએસએફ શૂટિંગ વર્લ્ડ કપમાં પુરુષોની 50 મીટર રાઈફલ થ્રી પોઝિશનની સ્પર્ધામાં ગોલ્ડ મેડલ જીતી લીધો હતો. ઐશ્વર્યએ શાનદાર દેખાવ કરતાં ઓસ્ટ્રીયાના એલેક્ઝાન્ડર સ્ચીમિરીલને 16-6થી હરાવ્યો હતો. ઐશ્વર્યની સફળતાને પગલે ભારતે કાયરોમાં ચાલી રહેલા શૂટિંગ વર્લ્ડકપમાં ચોથો ગોલ્ડ મેડલ જીત્યો હતો. જ્યારે ઓવરઓલ આ ભારતનો છઠ્ઠો મેડલ હતો. 22 વર્ષના ઐશ્વર્ય પ્રતાપ સિંહે ગત વર્ષે ચાંગવોંગમાં રમાયેલા વર્લ્ડકપમાં પણ ગોલ્ડ મેડલ જીત્યો હતો.

અગાઉ ભારતના 19 વર્ષના રુદ્રાંક્ષ પાટિલે 10 મીટર એર રાઈફલ ઈવેન્ટમાં ગોલ્ડન સફળતા મેળવી હતી. તાવને કારણે પરેશાન રુદ્રાંક્ષ ક્વોલિફિકેશનમાં સૌથી છેલ્લો રહ્યો હતો. જોકે તેણે ફાઈનલમાં ગોલ્ડન સફળતા હાંસલ કરી હતી. તેણે અને નર્મદાની જોડીએ મિક્સ ટીમ ઈવેન્ટમાં પણ ગોલ્ડ જીત્યો હતો.

## બન્યો પ્લેયર ઓફ ધ ટૂર્નામેન્ટ

# સૌરાષ્ટ્રના અર્પિતએ 75ની એવરેજથી આ સીઝનમાં સૌથી વધુ રન ફટકાર્યા

ગુજરાત | વંદન

સૌરાષ્ટ્રની ટીમે રણજી ટ્રોફી 2022-23ની ફાઈનલમાં બંગાળને 9 વિકેટે હરાવીને ટાઇટલ પોતાના નામે કર્યું છે. આ ફાઈનલ કોલકાતાના ઈડન ગાર્ડન્સ ખાતે રમાઈ હતી. આ મેચમાં 9 વિકેટ ઝડપવા બદલ કેપ્ટન જયદેવ ઉનડકટ પ્લેયર ઓફ ધ મેચ બન્યો હતો. જ્યારે આ આખી ટુર્નામેન્ટમાં જેની સૌથી વધુ ચર્ચા થઈ હતી તે અર્પિત વસાવડા છે. અર્પિતે રણજી ટ્રોફીની ફાઈનલ મેચમાં શાનદાર ઈનિંગ રમીને પોતાની ટીમને મુશ્કેલીમાંથી બહાર કાઢી હતી. અર્પિતે આ સમગ્ર શ્રેણીમાં શાનદાર પ્રદર્શન કર્યું છે. આ માટે તેને પ્લેયર ઓફ ધ સિરીઝ તરીકે પણ પસંદ કરવામાં આવ્યો છે. સૌરાષ્ટ્રે રણજી ટાઇટલ જીત્યા બાદ અર્પિત વસાવતાએ જણાવ્યું હતું કે આ સફળતાનું કોઈ સિક્રેટ નથી. ટીમને જ્યારે જરૂર હતી, ત્યારે હું રમી શક્યો એટલે ખુશ છું અને પોતાને નસીબદાર માનું છું. ડિફેન્સિવ ટેક્નિક મારી તાકાત છે. હું તેના પર ફોકસ કરું છું અને વધુ પડતા શોટ્સ નથી રમતો. બધાએ સારી રીતે કન્ટ્રીબ્યુટ કર્યું. અમે બહુ કોન્ફિડન્ટ હતા. મેં ગઈ વખતે પણ સારો દેખાવ કર્યો હતો અને આ વખતે પણ પરફોર્મ કરી શક્યો એની ખુશી છે.



**કર્નાટકના મંયક અગ્રવાલ પછી સૌથી વધારે રન**

અર્પિતે ટૂર્નામેન્ટની 9 મેચમાં 3 સદીની મદદથી 75.09ની એવરેજથી 826 રન બનાવ્યા હતા. આ દરમિયાન તેણે 85 ફોર અને 2 સિક્સ મારી હતી. તેણે આજની ફાઈનલમાં બંગાળ સામે 81 રનની મહત્ત્વની ઈનિંગ્સ રમી હતી.અર્પિત વસાવડાએ પ્રથમ દાવમાં 11 ચોગ્ગાની મદદથી 81 રન બનાવ્યા હતા. આ સિઝનમાં આ તેની ત્રીજી અડધી સદી હતી. તેણે આ સિઝનમાં 10 મેચમાં 75.58ની એવરેજથી 907 રન બનાવ્યા છે. તે પોતાની ટીમ તરફથી સૌથી વધુ રન બનાવનાર ખેલાડી હતો. માત્ર કર્ણાટકના કેપ્ટન મયંક અગ્રવાલે (990) તેના કરતા વધુ રન બનાવ્યા હતા. તેણે પોતાની ફર્સ્ટ ક્લાસ કારકિર્દીમાં અત્યાર સુધીમાં 4,500થી વધુ રન બનાવ્યા છે.

**અર્પિતનું બેકગ્રાઉન્ડ?**

અર્પિતના પપ્પા રેલવેમાં સરકારી કર્મચારી હતા અને રિટાયર છે, મમ્મી હાઉસવાઈફ છે. અર્પિતના દાદા નેવીમાં હતા, અર્પિતના લગ્ના થઈ ગયા છે, તેનો 7 વર્ષનો એક દિકરો પણ છે.

## ટૂંક સમયમાં કોલકાતામાં શરૂ થશે ફિલ્મનું શૂટિંગ

# ભારતીય ક્રિકેટ ટીમના 'દાદા'નું પાત્ર ભજવશે રણબીર કપૂર

ગુજરાત | વંદન





ભારતીય ક્રિકેટ ટીમના પૂર્વ કેપ્ટન અને BCCIના પૂર્વ અધ્યક્ષ સૌરવ ગાંગુલી પર બનનારી બાયોપિકની સ્ક્રિપ્ટ તૈયાર થઇ ચૂકી છે. છેલ્લા ઘણા સમયથી આને લઈને ચર્ચાઓ ચાલી રહી હતી. બાયોપિકનું એલાન ઘણા સમય પહેલા જ કરી દેવામાં આવ્યું હતું. સૌરવ ગાંગુલી પહેલા ભારતીય ક્રિકેટ ટીમના પૂર્વ કેપ્ટન મહેન્દ્રસિંહ ધોની, અઝહરુદ્દીન અને કપિલ દેવ પર પણ બાયોપિક બની ચૂકી છે. લવ ફિલ્મસ હેઠળ બનનાર આ ફિલ્મની સ્ક્રિપ્ટને સૌરવ ગાંગુલીએ મંજૂરી આપી દીધી છે.

હવે ફિલ્મમાં ભારતીય ક્રિકેટ ટીમના 'દાદા'નું પાત્ર કોણ ભજવશે તેને લઈને સમાચાર સામે આવી રહ્યા છે. સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ આ ફિલ્મમાં રણબીર કપૂર સૌરવ ગાંગુલીનું પાત્ર ભજવી શકે છે. થોડાક દિવસ અગાઉ, સૌરવ ગાંગુલીએ મુંબઈ આવીને પોતાની બાયોપિકની સ્ક્રિપ્ટને મંજૂરી આપી હતી. ટૂંક સમયમાં જ આ ફિલ્મનું શૂટિંગ કોલકાતામાં શરૂ કરવામાં આવશે.

સૂત્રોએ વધુમાં જણાવ્યું હતું કે, રણબીરને પહેલા ડેટ્સને લઈને સમસ્યા હતી પરંતુ હવે તેને આ ફિલ્મને મંજૂરી આપી દીધી છે. જો કે, હજી સુધી આ વિશે કોઈ સત્તાવાર પુષ્ટિ થઇ નથી. લવ ફિલ્મ્સ અને સૌરવ ગાંગુલી દ્વારા 9 સપ્ટેમ્બર, 2021ના રોજ આ બાયોપિક ફિલ્મની જાહેરાત કરવામાં આવી હતી. બે વર્ષના રિસર્ચ પછી આ ફિલ્મની સ્ક્રિપ્ટ તૈયાર થઈ છે. આ ફિલ્મનું બજેટ આશરે 250 કરોડ રૂપિયા હશે.

## લદ્દાખમાં બરફથી જામી ગયેલા પેંગોંગ તળાવ પર થઈ મેરેથોન



લદ્દાખના પેંગોંગ તળાવ પર હાફ મેરેથોનનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં માઈનસ 20 ડિગ્રી ટેમ્પરેચરમાં રનર્સ બરફથી જામી ગયેલા આ તળાવ પર દોડ્યા હતા. લદ્દાખનું આ તળાવ સમુદ્રની સપાટીથી 13,862 ફૂટ ઉપર છે. આ મેરેથોનને ગિનીઝ રેકોર્ડમાં રજીસ્ટર કરવામાં આવી છે. આ દુનિયામાં સૌથી ઉપર જામી ગયેલા તળાવ પર આયોજીત મેરેથોન હતી.

## ICC વર્લ્ડ કપ ઈવેન્ટ હશે જે સંપૂર્ણપણે ભારત દ્વારા હોસ્ટ કરવામાં આવશે

# રોહિત મહાન ખિલાડી પણ ફિટનેસ પર કામ કરવું જરૂરી છેઃ કપિલ

ગુજરાત | વંદન





ભારતના ભૂતપૂર્વ કેપ્ટન કપિલ દેવે સ્પષ્ટપણે કહ્યું છે કે, "ફિટ હોવું ખૂબ જ જરૂરી છે. ખાસ કરીને એક કેપ્ટન માટે. જો તમે ફિટ ન હોવ તો તે શરમજનક છે. રોહિતને તેના માટે થોડી મહેનત કરવાની જરૂર છે." ભારતીય સુકાની રોહિત શર્માની ફિટનેસ વિશે એક ન્યૂઝ ચેનલના ઈન્ટરવ્યુમાં પૂછવામાં આવેલા પ્રશ્નનો જવાબ આપતા કપિલ દેવે કહ્યું.

કપિલ દેવે કહ્યું કે, રોહિત એક મહાન બેટ્સમેન છે પરંતુ જ્યારે તમે તેની ફિટનેસ વિશે વાત કરો છો, તો તે ટીવી પર થોડો ઓવરવેઈટ દેખાય છે. હા, કોઈને ટીવીમાં જોવો અને વાસ્તવિક જીવનમાં જોવો અલગ છે. રોહિત એક મહાન ખેલાડી અને મહાન કેપ્ટન છે, પરંતુ તેને ફિટ થવાની જરૂર છે. કપિલે આગળ કહ્યું, વિરાટને જુઓ, જ્યારે પણ તમે તેને જુઓ છો, તમે કહો છો, 'વાહ, ગજબ ફિટનેસ છે!' અગાઉના એક ઈન્ટરવ્યૂમાં 1983 વર્લ્ડ કપ વિજેતા સુકાનીએ કહ્યું હતું કે, જ્યારે તેની ક્રિકેટ કુશળતાની વાત આવે છે ત્યારે રોહિત શ્રેષ્ઠમાંનો એક છે, પરંતુ તેની ફિટનેસ વિશે તેવું કહી શકાય નહીં.

રોહિત શર્મામાં કોઈ ખામી નથી. તેની પાસે બધુ જ છે પરંતુ મને અંગત રીતે લાગે છે કે, તેની ફિટનેસ પર એક મોટું પ્રશ્ન ચિહ્ન છે. શું તે પૂરતો ફિટ છે? કારણ કે એક કેપ્ટન એવો હોવો જોઈએ જે અન્ય ખેલાડીઓને ફિટ થવા માટે પ્રોત્સાહિત કરે, ટીમના ખેલાડીઓએ તેમના કેપ્ટન પર ગર્વ અનુભવવો જોઈએ, કપિલે કહ્યું હતું.

રોહિત શર્માના નેતૃત્વમાં ભારત 2023 ODI વર્લ્ડ કપની યજમાની માટે તૈયારી કરી રહ્યું છે. તે મેન્સ 50-ઓવરના વર્લ્ડ કપની 13મી આવૃત્તિ હશે જે ઓક્ટોબર-નવેમ્બર 2023માં રમવામાં આવશે. ઉલ્લેખનીય છે કે, આ પ્રથમ ICC વર્લ્ડ કપ ઈવેન્ટ હશે જે સંપૂર્ણપણે ભારત દ્વારા હોસ્ટ કરવામાં આવશે.

# મહિલા પ્રીમિયર લીગનું ટાઈટલ સ્પોન્સર બન્યું TATA, જય શાહે ટ્વીટ કરી આપી જાણકારી

ગુજરાત | વંદન

ઈન્ડિયર પ્રિમિયર લીગના રાઈટ્સ મેળવ્યા બાદ TATA ગૃપે મુંબઈમાં 4 માર્ચથી શરૂ થનારી મહિલા પ્રિમિયર લીગના ટાઈટલ રાઈટ્સ મેળવી લીધાં છે. BCCI સેક્રેટરી જય શાહે ટ્વીટ કરીને તેની જાણકારી આપી. મળતી વિગતો અનુસાર પ્રથમ મહિલા પ્રિમિયર લીગના પાંચ વર્ષ માટેના ટાઈટ્સ ટાટા ગૃપે મેળવ્યા છે.

ભારતીય ક્રિકેટ બોર્ડના સચિવ જય શાહે ટ્વીટ કરીને જણાવ્યું કે, મને તે જાહેરાત કરતા ખુબ ખુશી થઈ રહી છે કે ટાટા સમુહે પહેલી મહિલા પ્રિમિયર લીગના ટાઈટલ સ્પોન્સર હશે તેમના સહયોગથી અમને પુરો વિશ્વાસ છે કે અમે મહિલા ક્રિકેટને આગલા સ્તર સુધી લઈ જઈશું. જણાવી દઈએ કે મહિલા પ્રમિયર લીગની મેચો મુંબઈના બે સ્ટેડિયમ બ્રેબોર્ન અને ડી.વાઈ.પાટીલમાં રમાશે. જોકે ટાઈટલ સ્પોન્સર કોન્ટ્રેક્ટ કેટલામાં થયો તેનો હજું ખુલાસો થયો નથી.

**પાંચ ટીમો વચ્ચે રમાશે WPL**




વિમેન્સ પ્રીમિયર લીગની પ્રથમ સિઝનમાં પાંચ ટીમો ભાગ લઈ રહી છે. જેમાં મુંબઈ, અમદાવાદ, લખનૌ, દિલ્હી અને બેંગલુરુની ટીમો સામેલ છે. હરાજીમાં 449 ખેલાડીઓ પર બોલી લગાવવામાં આવશે, જેમાં 200થી વધુ ખેલાડીઓ ભારતીય છે. જ્યારે બહારની ટીમોમાં ઓસ્ટ્રેલિયા અને ઈંગ્લેન્ડના ખેલાડીઓની સંખ્યા સૌથી વધુ છે.

સાપ્તાહિક ગુજરાત વંદન
gujaratvandan.com

# ચીન સરકારની ચિંતા વધારી રહી છે દેશ જતી ઘટતી વસ્તી

■ હવે દેશમાં જન્મ દર વધારવા માટે નવી યોજનાઓ અમલમાં

ગુજરાત | વંદન

ચીનની ઘટતી વસ્તીએ જિનપિંગ સરકારની ટેન્શનમાં વધારો કર્યો છે. દેશમાં જન્મ દર વધારવા માટે હવે નવી યોજનાઓ લાવવામાં આવી રહી છે. આ ક્રમમાં, ચીને નવા પરિણીત યુગલો માટે એક અદ્ભુત યોજના લાવી છે, જે હેઠળ આ યુગલોને 30 દિવસની પેઈડ મેરેજ લીવ આપવામાં આવશે જેથી કરીને પતિ-પત્ની એકબીજા સાથે સમય વિતાવી શકે અને વસ્તી વધારવામાં ભાગીદાર બની શકે. ઉલ્લેખનીય છે કે આ પહેલા ચીનમાં લગ્ન માટે માત્ર ત્રણ દિવસની પેઈડ લીવ મળતી હતી. પરંતુ જ્યારે અહીં વસ્તી ઝડપથી ઘટવા લાગી ત્યારે સરકારને તેની નીતિ બદલવાની ફરજ પડી.

પરિવર્તનનો ઉદ્દેશ્ય યુવાન યુગલોને લગ્ન કરવા અને બાળકો પેદા કરવા પ્રોત્સાહિત કરવાનો છે. ચીનના કેટલાક પ્રાંતોમાં 30 દિવસની લગ્નની રજા આપવામાં આવી રહી



છે, જ્યારે અન્યમાં લગભગ 10 દિવસની રજાની જોગવાઈ છે. ગાંસુ અને શાંક્સી પ્રાંત 30 દિવસ આપે છે, જ્યારે શાંઘાઈ 10 અને સિચુઆન હજુ માત્ર ત્રણ દિવસ આપે છે. મીડિયા રિપોર્ટ્સ પ્રમાણે સાઉથવેસ્ટર્ન યુનિવર્સિટી ઓફ ફાઈનાન્સ એન્ડ ઈકોનોમિક્સના સોશિયલ ડેવલપમેન્ટ રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટના ડીન યાંગ હૈયાંગે જણાવ્યું હતું કે લગ્નની રજા વધારવી એ પ્રજનન દર વધારવાનો એક અસરકારક માર્ગ છે.

એક બાળકની કડક નીતિના અમલીકરણને કારણે 1980 થી 2015 દરમિયાન ચીનની વસ્તીમાં ઘટાડો થયો હતો. 2022 માં, ચીને 1,000 લોકો દીઠ 6.77 જન્મનો તેનો સૌથી ઓછો જન્મ દર નોંધ્યો હતો, જે નિષ્ણાતો માને છે કે દેશની અર્થવ્યવસ્થા પર નાણાકીય અસર પડી છે. દેશ અભૂતપૂર્વ અને ઝડપથી વધતી વસ્તીના બોજારૂપ પડકારનો પણ સામનો કરી રહ્યો છે. ચીન દ્વારા જાહેર કરાયેલ વસ્તી અંદાજ મુજબ, ગયા વર્ષે તેની વસ્તીમાં 8.5 લાખનો ઘટાડો થયો હતો. ચીનની વસ્તીમાં આટલો ઘટાડો 1960 પછી પ્રથમ વખત થયો છે.

## ઈતિહાસના પાનામાંથી...

26 ફેબ્રુઆરીની મહત્વની ઘટનાઓ...

- 1994 ઉ.કોરિયા આંતરરાષ્ટ્રીય નિરીક્ષણ માટે તેના પરમાણુ પ્લાન્ટ ખોલવા સંમત.
- 1995 કોપીરાઈટ મુદ્દે સંયુક્ત રાષ્ટ્ર. અમેરિકા અને ચીન વચ્ચે કરાર.
- 1999 રેપ ગાયક લૌરીન હિલે પાંચ ગ્રેમી એવોર્ડ જીતીને નવો રેકોર્ડ બનાવ્યો.
- 2001 ક્રિકેટના મહાન ખેલાડી સર ડોન બ્રેડમેનનું અવસાન.
- 2002 અફઘાનિસ્તાનના પીએમ હામિદ કરઝાઈ ભારતની મુલાકાતે
- 2004 મેસેડોનિયાના રાષ્ટ્રપતિ બેરિસ ટ્રેજ કોવસ્કીનું વિમાન દુર્ઘટનામાં મોત
- 2006 ઈરાન અને રશિયામાં પરમાણુ શુદ્ધિકરણ પર કરાર.
- 2007 નેપાળ સરકાર દ્વારા રાજાની મિલકતના રાષ્ટ્રીયકરણની જાહેરાત.
- 2008 રેલવે મંત્રી લાલુ યાદવે સંસદમાં વર્ષ 2008-09નું રેલવે બજેટ રજૂ કર્યું.

26 ફેબ્રુઆરીએ જન્મેલ વ્યક્તિઓ...

- 1994 બજરંગ પુનિયા - પ્રખ્યાત ભારતીય કુસ્તીબાજ.
- 1959 સંજય ધોત્રે - ભાજપના નેતા.
- 1946 મૃણાલ પાંડે, પત્રકાર અને લેખક
- 1925 પ્રકાશ મેહરોત્રા - કોંગ્રેસના રાજકારણી
- 1908 લીલા મજુમદાર, બંગાળી લેખિકા
- 1903 કૈલાશનાથ વાંચુ - ભારતના દસમા મુખ્ય ન્યાયાધીશ હતા.
- 1896 ગોપાલ સ્વરૂપ પાઠક - ભારતના ભૂતપૂર્વ ઉપરાષ્ટ્રપતિ

26 ફેબ્રુઆરીના રોજ અવસાન થયું...

- 2004 શંકરરાવ ચવ્હાણ -કોંગ્રેસના રાજકારણી
- 1966 વિનાયક દામોદર સાવરકર, ભારતીય સ્વાતંત્ર્ય સેનાની
- 1887 આનંદી ગોપાલ જોશી - ભારતની પ્રથમ મહિલા ડૉક્ટર
- 1886 નર્મદ - ગુજરાતી ભાષાના યુગ પ્રવર્તક ગણાતા સર્જક.
- 1712 બહાદુર શાહ- દિલ્હીનો સાતમો મુઘલ સમ્રાટ

# જાપાનના દરિયા કિનારે જોવા મળ્યો રહસ્યમય ગોળો: જોઈને વિશ્વ ચોંકી ગયું

ગુજરાત | વંદન



અમેરિકન એર સ્પેસ પર ચીને કથિત રીતે 3 સ્પાઈ બલૂન મોકલ્યા હતા. જો કે ચીને સ્વીકારી લીધું છે કે તે બલૂન તેના જ હતા પરંતુ તેના સ્પાઈ હોવાનો ઈનકાર કર્યો હતો. અમેરિકા અને ચીનના આ તણાવ વચ્ચે જાપાનના દરિયા કિનારે ધાતુથી બનેલો એક વિશાળ રહસ્યમય ગોળો મળી આવ્યો છે. બલૂનની આકૃતિ જેવા આ ગોળાએ જાપાન સરકારને ચોંકાવી દીધી છે. આ રહસ્યમય ધાતુ અંગે તપાસ શરૂ કરવામાં આવી છે. આ સાથે જ સ્થાનિક લોકોથી લઈને રાજકારણીઓમાં પણ ચર્ચા શરૂ થઈ ગઈ છે કે આ શું છે? UFO, બોમ્બ, સ્પાઈ બલૂન અથવા કંઈક બીજું.

મળતી માહિતી પ્રમાણે, જાપાનના હમામાત્સૂમાં આ રહસ્યમયી ગોળાને પ્રથમ વખત એક સ્થાનિક મહિલાએ જોયો હતો. તે એન્શુ બીચ પર જોવા મળ્યો હતો. માહિતી મળતા જ પોલીસ ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી અને મામલાની તપાસ શરૂ કરી હતી.

એક રિપોર્ટ પ્રમાણે, એક્સ-રે ટેસ્ટમાં તે ખોખલી હોવાનું જાણવા મળ્યું હોવાથી તે 1.5 મીટર વ્યાસ ધરાવતો રખડતો પદાર્થ હોવાનો અંદાજ છે. નિષ્ણાંતોએ એવો પણ દાવો કર્યો છે કે તેનો ઉપયોગ પાડોશી દેશો ઉત્તર કોરિયા અને ચીન દ્વારા જાસૂસી કરવામાં આવ્યો નથી. તેના બદલે અધિકારીઓનું માનવું છે કે તે રહસ્યમયી વસ્તુ એક mooring buoy હોઈ શકે છે. આ ગોળાની સપાટી પર બે ઉભા હેન્ડલ્સની હાજરીના કારણે આ વાતની શંકા વધુ છે.


અન્ય એક રિપોર્ટ પ્રમાણે, જાપાની સશસ્ત્ર બળો અને દરિયા કિનારાના રક્ષકોને તેની તપાસ માટે ફોટા મોકલવામાં આવ્યા છે. અહેવાલો અનુસાર, હજુ પણ સ્પષ્ટ થયું નથી કે આ વસ્તુ હકીકતમાં શું છે, જ્યારે કેટલાય લોકો અનુમાન લગાવી રહ્યા છે કે તે એક અને શંકાસ્પદ વસ્તુ છે. જે રીતે હાલમાં સંયુક્ત રાજ્ય અમેરિકામાં જોવા મળ્યું હતું. લોકોનું માનવું છે કે તે સ્પાઈ બલૂન હોઈ શકે છે.

આ દરમિયાન દરિયા કિનારે દરરોજ ફરનારા એક વ્યક્તિએ દાવો કર્યો હતો કે આ રહસ્યમયી ગોળો એક મહિનાથી ત્યાં હતો અને કોઈને સમજાતું નથી કે તે શા માટે અચાનક ચર્ચાનો વિષય બની ગયો છે.

ભૂકંપ પછી અલગ અલગ બીમારીમાં વધારો

# તુર્કેઈમાં વિનાશક ભૂકંપથી 15 લાખ લોકો થયા બેઘર, 4 લાખથી વધુ મકાન ધરાશાયી: UNDP

ગુજરાત | વંદન



યુનાઈટેડ નેશન્સ ડેવલપમેન્ટ પ્રોગ્રામ (UNDP)ના એક અધિકારીના અનુમાન મુજબ તાજેતરના ભૂકંપના કારણે તુર્કેઈમાં 15 લાખ લોકો ઘરવિહોણ થઈ ગયા છે. તેમણે આશંકા વ્યક્ત કરી છે કે, દેશમાં લગભગ 5 લાખ આવાસ એકમોનું પુનર્નિર્માણ કરવું પડશે.

UNDP તુર્કેઈના નિવાસી પ્રતિનિધિ લુઈસા વિન્ટને ગઈકાલે ઓનલાઈન પ્રેસ બ્રીફિંગમાં જણાવ્યું કે, દેશની સરકારે ભૂકંપથી પ્રભાવિત લગભગ 70 ટકા ઈમારતોનું નિરીક્ષણ કર્યું છે. જેમાંથી 4,12,000 મકાનો ધરાશાયી થયાની માહિતી મળી છે.

તુર્કેઈના ઈતિહાસની સૌથી મોટી કુદરતી આફત - લુઈસા વિન્ટન

એક ન્યૂઝ એજન્સીના અહેવાલ મુજબ, ભૂકંપના કારણે ત્યાં વિશાળ કાટમાળનો ઢેર ઉભો થયો છે જેને સાફ કરવાની જરૂર છે. તેમજ UNDP પણ આ જોખમી કચરાના જોખમને ઘટાડવાનો પ્રયાસ કરી રહી છે. વિન્ટનના મતે, પ્રથમ ભૂકંપના બે અઠવાડિયા પછી, તેને તુર્કેઈના ઈતિહાસની સૌથી મોટી કુદરતી આફત ગણાવી છે.

લુઈસા વિન્ટને જણાવ્યું હતું કે, સરકારે રવિવારે ભૂકંપ માટે શોધ અને બચાવનો પ્રથમ તબક્કો પૂરો કર્યો હતો અને લગભગ 300 કલાક પછી કાટમાળમાંથી છેલ્લી વ્યક્તિને બહાર નીકળી બચાવવામાં આવી હતી. ત્યારબાદની પરિસ્થિતિની વાત કરવામાં આવે તો ત્યાં, શ્વસન સંબંધી રોગો, કોલેરા, હેપેટાઈટિસ A અને ઓરીનું જોખમ વધારે છે.

થર્મલ પાવર પ્લાન્ટમાં કોલસાના વર્ગીકરણ દરમિયાન..

# ઝાંસીમાં કોલસામાં હીરા જેવો પથ્થર મળી આવ્યો: મજૂરથી માંડી ઈજનેરોની દાનત બગડી



ગુજરાત | વંદન

અહીં ઝાંસી થર્મલ પાવર પ્લાન્ટ (પીટીપીપી)માં કોલસાના વર્ગીકરણ દરમિયાન એ 2 કિલો વજનનો હીરા જેવો ચમકીલો પથ્થર મળી આવતા આ હીરો મેળવવા મજૂરોમાં હોડ મચી ગઈ હતી અને હીરા જેવા પથ્થરના ટુકડા કરીને લઈ ગયા હતા જયારે આ મામલે ઈજનેરો અને અધિકારીઓને જાણ થતા તેમની નિયત પણ બગડી હતી.

આ મામલો પોલીસમાં જતા પોલીસે બે આરોપીને રાઉન્ડ અપ કરી લીધા છે. જયારે પ્લાન્ટના જનરલ મેનેજરે જણાવ્યું હતું કે આ હીરાનું લેબોરેટરી પરીક્ષણ થશે. હીરો કઠોર હોય છે જે આ હીરાની ગુણવતા નથી. આ અંગેની વિગત મુજબ ઝાંસીમાં પારીછા થર્મલ પાવર પ્લાન્ટમાં કોલસાના વર્ગીકરણ દરમિયાન બે કિલો વજનનો હીરા જેવો દેખાતો ચમકીલો પથ્થર મળી આવ્યો હતો. જે મેળવવા મજૂરો આપસમાં મારામારી પર આવી ગયા હતા. બાદમાં બબાલ વધતા કંપનીના એન્જિનીયરો અને અધિકારીઓ તપાસના નામે હીરા જેવા પથ્થરને પોતાના કબજામાં લીધો હતો બાદમાં તેમની નિયત બગડતા હીરા જેવા પથ્થર લઈ ફરાર થઈ ગયા હતા. મજૂરોએ આ હીરા જેવો પથ્થર તોડીને તેના ટુકડા ગપચાવી લીધા હતા. બાદમાં સાઈટ ઈન્ચાર્જ પાસેથી આ હીરા જેવા દેખાતા પથ્થરના ટૂકડા જપ્ત કરાયા હતા. આ મામલે પોલીસે બે આરોપીઓની પુછપરછ હાથ ધરી છે.

પ્લાન્ટના જનરલ મેનેજર મનોજ સચાને જણાવ્યું હતું કે પ્રારંભિક તપાસમાં આ પથ્થર હીરો હોવાની સંભાવના નથી. તેમાં હીરાની ગુણવત્તા નથી. હીરો કઠોર હોય છે. જોકે અમે સરકાર દ્વારા પ્રમાણિત લેબોરેટરીમાં પરીક્ષણ કરાવશું.

# અદાણી ગ્રુપ અંગે મીડીયા રિપોર્ટીંગ રોકવાની અરજી ફગાવતી સુપ્રીમકોર્ટ

■ અમે પુરી પારદર્શક રીતે આગળ વધવા માંગીએ છીએ કોઈ પ્રતિબંધના આધારે નહી: કેન્દ્ર પાસેથી પણ સીલબંધ કવર સ્વીકાર્યું નથી

ગુજરાત | વંદન



સુપ્રીમ કોર્ટે આજે ઉદ્યોગપતિ ગૌતમ અદાણી અને તેમના કોર્પોરેટ ગ્રુપ અંગે મીડીયા રિપોર્ટ પર પ્રતિબંધ મુકવાની અરજી ફગાવી હતી. હિડનબર્ગ વિવાદ પર કોર્ટે જણાવ્યું કે અમે ફકત આ વિવાદમાં મેરીટ પર રહેલી અરજીઓ પર જ વિચારણા કરવા માંગીએ છીએ. મુખ્ય ન્યાયમૂર્તિ ડી.વાય.ચંદ્રચૂડના ખંડપીઠ દ્વારા ધારાશાસ્ત્રી ડી.એલ.શર્માની અરજી પર વિચારણા કરવાનો જ ઈન્કાર કરી દીધો હતો. અને જણાવ્યું કે મીડીયા રિપોર્ટીંગ પર રોક લગાવવા માંગતા નથી. જો કે બીજી તરફ સર્વોચ્ચ અદાલતે મંતવ્ય વ્યક્ત કર્યુ હતું કે અદાણી ગ્રુપના શેરમાં થયેલા કડાકા અંગે તથા નિયમન એજન્સીઓની કામગીરી અંગે કેન્દ્ર સરકારે બંધ કવરમાં જે દરખાસ્ત આપી હતી અને સૂચનો કર્યા હતા તે બંધ કવર પણ અમે સ્વીકાર્યુ નથી. કારણ કે અમે પુરી પારદર્શક રીતે આગળ વધવા માંગીએ છીએ. હિડનબર્ગ રિપોર્ટ આવ્યા બાદ અદાણી ગ્રુપના શેરોમાં જે કડાકા થયા હતા તે અંગે એક જાહેરહિતની અરજી પર સુપ્રીમ કોર્ટે પોતાનો ચુકાદો મુલત્વી રાખ્યો છે.

# તુર્કેઈ અને સીરિયામાં આવેલા ભૂકંપમાં મૃત્યુઆંક 50 હજારને પાર, અનેક ઈમારતો નાશ પામી



ગુજરાત | વંદન

તુર્કેઈ અને સીરિયામાં આવેલા વિનાશક ભૂકંપમાં મૃત્યુઆંક વધી રહ્યો છે. ગત 6 ફેબ્રુઆરીએ તુર્કેઈ અને સીરિયામાં આવેલા વિનાશક ભૂકંપમાં મૃત્યુઆંક 50 હજારને વટાવી ગયો છે. આ વિનાશક ભૂકંપમાં તુર્કેઈ અને સીરિયાની અનેક ઈમારતો નાશ પામી છે. તુર્કેઈ અને સીરિયામાં આવેલા ભૂકંપમાં એકલા તુર્કેઈમાં 44,218 લોકોના મોત થયા છે જ્યારે સીરિયામાં મૃત્યુઆંક 5,914 છે. આ ઉપરાંત 1 લાખ 60 હજારથી વધુ ઈમારતો ધરાશાયી થઈ ગઈ છે. તુર્કી અને સીરિયાના ઘણા શહેરો ખંડેરમાં ફેરવાઈ ગયા છે. એક જ ઝાટકે હજારો જીવન નાશ પામ્યા. તુર્કેઈમાં ભૂકંપનો સિલસિલો ચાલુ છે. બે દિવસ પહેલા 5.0ની તીવ્રતાનો ભૂકંપ આવ્યો હતો. આ વિનાશક ભૂકંપમાં કાટમાળમાં દટાયેલા લોકોને શોધવા અને બચાવની કામગીરી લગભગ પૂરી થઈ ગઈ છે. ભૂકંપથી પ્રભાવિત 11માંથી નવ પ્રાંતોમાં બચાવ કાર્ય પૂર્ણ થઈ ગયું છે.

તુર્કેઈ અને સીરિયામાં આવેલા ભૂકંપ બાદ અનેક લોકોના જીવ નાશ પામ્યા હતા. આ વિનાશક ભૂકંપમાં અનેક લોકોએ પોતાનું ઘર ગુમાવ્યું તો ઘણા પરિવારના તમામ સભ્યો ભૂકંપમાં મૃત્યુ પામ્યા છે.

# ખતરનાક ક્રુઝ મિસાઈલ તૈયાર કર્યા બાદ ઈરાને ધમકી આપી, 'અમે ડોનાલ્ડ ટ્રમ્પને મારી નાખીશું'

ગુજરાત | વંદન

ઈરાને 1,650 કિમીની રેન્જ ધરાવતી ક્રુઝ મિસાઈલ વિકસાવી છે. ઈરાનના ટોચના કમાન્ડર અમીરાલી હાજીઝાદેહે આ જાહેરાત કરી હતી. આ દરમિયાન તેણે દાવો કર્યો છે કે અમે અમેરિકાના પૂર્વ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પને મારવા માટે સૌથી ખતરનાક મિસાઈલ વિકસાવી છે.

ઈરાને ધમકીભર્યા સ્વરમાં કહ્યું છે કે ટૂંક સમયમાં તેઓ તેમના કમાન્ડરની હત્યાનો બદલો લેશે. ઈરાનના ટોચના કમાન્ડરની ધમકી બાદ અમેરિકા સહિત પશ્ચિમી દેશોની ચિંતા વધી ગઈ છે કે રશિયા-યુક્રેન યુદ્ધમાં રશિયા ઈરાની ડ્રોનની મદદથી કિવ પર સતત બોમ્બમારો કરી રહ્યું છે. તે જ સમયે, અમેરિકા આ યુદ્ધમાં ખુલ્લેઆમ યુક્રેનની સાથે ઉભું છે.

ઈરાનના રિવોલ્યુશનરી ગાર્ડ્સ એરોસ્પેસ ફોર્સના વડા અમિરાલી હાજીઝાદેહે સરકારી ટીવીને જણાવ્યું કે ઈરાનના ઈસ્લામિક રિપબ્લિક ઓફ ઈરાનના મિસાઈલ શસ્ત્રાગારમાં 1,650 કિમીની રેન્જ ધરાવતી અમારી ક્રૂઝ મિસાઈલ ઉમેરવામાં આવી છે. આ સાથે તેણે ધમકી આપી હતી કે આ મિસાઈલનો ઉપયોગ ઈરાનના ટોચના ઈરાની કમાન્ડરની હત્યાનો બદલો લેવા માટે કરવામાં આવશે.

## નિર્દોષ સૈનિકોને મારવાનો કોઈ ઈરાદો નથી: ઈરાન



હાજીઝાદેહે કહ્યું કે ઈરાનનો ઈરાદો ત્યારે પણ નિર્દોષ સૈનિકોને મારવાનો ન હતો, પરંતુ જ્યારે તેણે (યુએસ) 2020માં બગદાદમાં ઈરાની સૈન્ય કમાન્ડર કાસિમ સુલેમાનીને ડ્રોન હુમલામાં મારી નાખ્યો ત્યારે તેણે બદલો લેતા અમેરિકી દળો પર બેલેસ્ટિક મિસાઈલો છોડીને હુમલો કરવો પડ્યો.

ખજુરાહો જેના પરથી ગુજરાતના રાજકારણમાં "ખજુરિયા" શબ્દનો પ્રયોગ શરૂ થયો...

# રસઝરતા કામશિલ્પો સમક્ષ નૃત્યાંગનાઓની પાયલનો ઝનકાર રણકશે...!

ગુજરાત | વંદન

ગુજરાતના રાજકારણમાં અને ખાસ કરીને ભાજપમાં એક સમયે ખજુરિયા શબ્દનો પ્રયોગ ભાજપમાં 1995માં બળવો કરનાર શંકરસિંહબાપુના ટેકેદારો માટે થતો હતો. સામાપક્ષે હજુરિયા શબ્દનો ઉપયોગ થતો હતો. ખજુરિયા શબ્દની ઉત્પતિ એ રીતે થઈ કે બાપુ એ સમયે બળવાખોર ધારાસભ્યોને લઈને રાતોરાત ચાર્ડર પ્લેનમાં મધ્યપ્રદેશના ખજુરાહો શહેરમાં લઈ ગયા અને હોટેલ ચંદેલામાં રાખ્યા હતા. ખજુરાહો પરથી એ ધારાસભ્યોને અને બાપુના ટેકેદારો માટે ખજુરિયા કહીને ઠેકડી ઉડાડવામાં આવતી હતી. અત્યારે તો ભાજપમાં એવો કોઈ શબ્દપ્રયોગ થતો નથી. ભૂલી ગયા. પણ ખજુરાહોની જે વિરાસત છે એ કદાપી વિસરાય તેમ નથી અને જ્યાં સુધી પત્થરમાં જાન ફૂંકનારા કામસુત્રના એ ઈરોટિક શિલ્પો છે ત્યાં સુધી ખજુરાહો અમર છે.

ભારતીયોને એ શિલ્પો જોવામાં કંઈક શરમ આવતી હોય તે સ્વાભાવિક છે પણ વિદેશીઓ એ કામશિલ્પો જોવા માટે નિયમિત આવતા હોય છે. કામક્રિડાના વિવિધ આસનોને વિશાળ પત્થરો પર કંડારીને એ શિલ્પીઓએ એક રીતે ખજુરાહો અને કામસુત્રને સદાકાળ માટે જીવંત રાખવાનું કામ કર્યુ છે. ખજુરાહો... જ્યાં કારીગરોએ પથ્થરોની ખરબચડી સપાટી પર પ્રેમની મૂર્તિઓ બનાવતી વખતે ક્યારેય વિચાર્યું પણ નહીં હોય કે મંદિરની દીવાલોમાંથી ઉછળતા ઉતંગ શિખરો સમગ્ર બ્રહ્માંડ માટે માનવીય શાલીનતાનો સંદેશ બની જશે....

ગુજરાતમાં મોઢેરા સૂર્યમંદિરમાં ઉત્તરાર્ધ ઉત્સવમાં મંદિર પરિસરમાં શાસ્ત્રીય નૃત્યોનો કાર્યક્રમ દર વર્ષે યોજાય છે તેમ મધ્યપ્રદેશમાં ખજુરાહોના મંદિર પરિસરમાં નૃત્ય સમારોહનું આયજન થાય છે. આ વખતે 20 થી 26 ફેબ્રુઆરી દરમિયાન, ભારતીય શાસ્ત્રીય નૃત્ય શૈલીઓના પ્રદર્શન સાથે, ખજુરાહો પ્રવાસીઓ અને સ્થાનિક લોક પ્રેમીઓ માટે એક ભવ્યતા બની રહેશે. જીવન જો ઉત્સાહનો છલકતો સાગર છે, તો તેના દરેક મોજા પર પ્રેમની કવિતા વાંચી શકાય છે. ચંદેલા ગામ આ માન્યતા પર મહોર લગાવે છે. જાણે આખું જગત ધૂન અને રંગના આ પ્રવાહમાં કેદ થવા આતુર છે....મધ્યપ્રદેશનો સાંસ્કૃતિક પ્રયાસ ભાગ્યશાળી છે કે તેણે નવા યુગમાં આ દિવ્ય નાટક રચીને અડધી સદી પૂર્ણ કરી છે. ખજુરાહો નૃત્ય સમારંભે ખ્યાલ, રચના અને વિગતની દ્રષ્ટિએ ચોક્કસપણે એક અનોખો દાખલો બનાવ્યો છે. અહીં લલિત કળાની દુનિયા રહે છે જ્યાં જીવન અને કલાના અખાડાના તમામ રંગો છવાઈ જાય છે. જો તમે ઊંડાણમાં જાઓ છો, તો આ રંગો આત્માને સ્પર્શે છે. ઉસ્તાદ અલાઉદ્દીન ખાન સંગીત ઈવમ કલા અકાદમીએ 49મા ઉત્સવનું આયોજન કરતી વખતે તે તમામ શૈલીઓ અને વિદ્યાશાખાઓને સ્થાન આપ્યું છે જ્યાં સર્જનાત્મકતા ખરેખર માનવતાના આદર્શને હાંસલ કરવા માંગે છે. ચોક્કસપણે, શક્યતાઓના દ્વાર પર તેનું મહત્વ પુરવાર કરતો જલસા ફરી એકવાર નવા સમયની હાકલ કરી રહ્યો છે.

ભરતનાટ્યમ, કથક, કથકલી, મોહિનીઅટ્ટમ, ઓડિસી, કુચીપુડી અને સત્રિયા જેવી મુખ્ય શાસ્ત્રીય નૃત્ય શૈલીઓ આ કલર પેલેટ પર તેમના રૂપકો બનાવશે. આ એવી શૈલીઓ છે જે વર્ષોની પ્રેક્ટિસ પછી વારસા દ્વારા બનાવવામાં આવી છે. સાંસ્કૃતિક પરંપરાનો એક ભાગ. તાલીમ અને પ્રેક્ટિસ વચ્ચે આવનારી જાતિઓનું સંવર્ધન કર્યું. પ્રયોગ અને નવીનતા માટે કલ્પનાને નવી પાંખો આપી. કલાના જાણકારોને રસ, જિજ્ઞાસા અને સ્વાદની નવી જમીન મળી. દર વર્ષે ખજુરાહોનું મંદિર સંકુલ આ બધા સંદર્ભોની આસપાસ એક નવી ઝલક બનાવે છે.

કલ્પના, સંયોજન અને વિસ્તરણના અનોખા આયામોનું સર્જન કરીને, આ સમારોહના કારીગરોએ સમગ્રતામાં નૃત્યની પરંપરામાં તેની સાંસ્કૃતિક ચિંતાઓને જોવા અને તપાસવા માટે એક નવું મેદાન તૈયાર કર્યું

(અનુસંધાન પેજ નં.6 પર)



વિવિધ દેશોની નૃત્યાંગનાઓની કામુક અંગમુદ્રાઓ નિહાળવા...ચંદેલા ગામ બુલા રહા હૈ...

# કિયારા અને સિદ્ધાર્થે શેર કરી લગ્નની ખાસ તસવીરો...

કિયારા અડવાણી અને સિદ્ધાર્થ મલ્હોત્રાએ લગ્નના 15 દિવસ બાદ કેટલીક ખાસ તસવીરો શેર કરી છે. આ તસવીરો સિદ્ધાર્થ અને કિયારાના લગ્ન પહેલાના ફંક્શનની છે. કિયારા અડવાણી અને સિદ્ધાર્થ મલ્હોત્રાએ આ વર્ષે 7 ફેબ્રુઆરીએ જેસલમેરના સૂર્યગઢ પેલેસમાં ધામધૂમથી લગ્ન કર્યા હતા. કિયારા અને સિદ્ધાર્થે સમયસર લગ્નની તસવીરો શેર કરી હતી, જેની ચાહકો આતુરતાથી રાહ જોઈ રહ્યા હતા.

બંનેએ લગ્નના બીજા દિવસે એટલે કે 8 ફેબ્રુઆરીએ સોશિયલ મીડિયા પર કેટલીક સુંદર તસવીરો શેર કરી અને ચાહકોને કહ્યું કે તેઓ હવે પતિ-પત્ની બની ગયા છે. હવે તેની સંગીત સેરેમનીની નવી તસવીરો સામે આવી છે. જો કે લગ્નના 15 દિવસ પછી જ્યાં તેમના લગ્નને લઈને ચાહકોમાં ક્રેઝ હવે ઠંડો પડ્યો છે, ત્યાં કિયારા અને સિદ્ધાર્થે પોતપોતાના ઈન્સ્ટાગ્રામ પર સંગીત સેરેમનીની તસવીરો બતાવી છે. સંગીત પાર્ટીની આ ઝલક પર લોકો આ કપલના જોરદાર વખાણ કરી રહ્યા છે.

લગ્નના લગભગ એક અઠવાડિયા પછી સિદ્ધાર્થ અને કિયારાએ કેટલીક વધુ તસવીરો શેર કરી. પ્રી વેડિંગ ફંક્શનની આ તસવીરોમાં બધું યલો થીમમાં જોવા મળે છે. આ તસવીરો શેર કરીને તેણે કેપ્શનમાં પણ કહ્યું હતું- પ્યાર કા રંગ ચડા હૈ. હલ્દી સેરેમનીના અવસર પર બંને પીળા કલરના આ ડ્રેસમાં ખૂબ જ સુંદર લાગી રહ્યા હતા. સૂર્યગઢ પેલેસની અંદર અદભૂત ફોટોશૂટ કરાવ્યું હતું.

**લોકોએ સંગીત પાર્ટીના ફોટાઓના વખાણ કર્યા**



# અક્ષય કુમારના નામે વધુ એક ખિતાબ ઉમેરાયો...




બોલિવૂડના ખેલાડી એટલે કે અક્ષય કુમાર આ દિવસોમાં પોતાની ફિલ્મ 'સેલ્ફી'ને લઈને ચર્ચામાં છે. પરંતુ આ દરમિયાન અભિનેતા સાથે જોડાયેલા આવા સમાચાર સામે આવ્યા છે. જેણે સૌને ચોંકાવી દીધા છે. બોલિવૂડને ઘણી સુપરહિટ ફિલ્મો આપનાર અક્ષય કુમારે હાલમાં જ ગિનિસ વર્લ્ડ રેકોર્ડ તોડ્યો છે. અભિનેતા તાજેતરમાં જ તેની ફિલ્મ 'સેલ્ફી' ના પ્રમોશન માટે મુંબઈ પહોંચ્યો હતો. આ પ્રમોશન ઈવેન્ટમાં અક્ષય કુમારને મળવા મોટી સંખ્યામાં તેના ફેન્સ પણ પહોંચ્યા હતા. આ દરમિયાન અક્ષયે ત્રણ મિનિટમાં લેવામાં આવેલા સૌથી વધુ સેલ્ફ પોર્ટ્રેટ ફોટોગ્રાફ્સ (સેલ્ફી) માટે ગિનીસ વર્લ્ડ રેકોર્ડ તોડ્યો હતો. એક્શન માટે પ્રખ્યાત અક્ષય કુમારે હવે 3 મિનિટમાં 184 સેલ્ફી લઈને ગિનિસ વર્લ્ડ રેકોર્ડમાં પોતાનું નામ નોંધાવ્યું છે. ઉલ્લેખનીય છે કે, અક્ષય કુમારની ફિલ્મ 'સેલ્ફી'માં ઈમરાન હાશ્મી પણ જોવા મળશે. બંને પહેલીવાર એક ફિલ્મમાં સાથે કામ કરશે.

# એકતા કપૂરની સુપરહિટ સિરિયલમાં જોવામાં મળશે ટીવી ક્વીન સુમ્બુલ તૌકીર



બિગ બોસ 16 ફેમ અભિનેત્રી સુમ્બુલ તૌકીર ખાન ટૂંક સમયમાં એકતા કપૂરની સુપરહિટ સિરિયલમાં જોવા મળશે. જ્યારે સુમ્બુલ બિગ બોસના ઘરમાં હતી ત્યારે એકતા કપૂર શોમાં પહોંચી હતી. સમાચાર આવ્યા કે એકતા કપૂરની સિરિયલ નાગિન 7 માટે સુમ્બુલની પસંદગી કરવામાં આવી છે. આ પછી, તાજેતરમાં સમાચાર આવ્યા હતા કે સુમ્બુલ ખતરોં કે ખિલાડી સીઝન 13 માં જોવા મળશે, પરંતુ એવું નથી, હકીકતમાં સુમ્બુલ ટૂંક સમયમાં એકતા કપૂરની અન્ય સુપરહિટ સીરિયલમાં જોવા મળશે. ટીવી ક્વીન એકતા કપૂર સુમ્બુલની એક્ટિંગથી એટલી પ્રભાવિત થઈ હતી કે તેણે તેને તેની હિટ સિરિયલમાં બ્રેક આપ્યો હતો. હા, એકતા કપૂરે થોડાક શબ્દોમાં કહ્યું કે સુમ્બુલ સૌથી લોકપ્રિય શોમાં જોવા મળશે. મીડિયા રિપોર્ટ્સનું માનીએ તો સુમ્બુલ તૌકીર 'કુંડલી ભાગ્ય'માં જોવા મળશે. ઝી ટીવીના આ શોમાં એક મોટી છલાંગ આવવાની છે. શ્રદ્ધા આર્ય અને શક્તિ અરોરાની છલાંગ પછી, સુમ્બુલ તૌકીર શોમાં જોવા મળશે. જો કે હજુ સુધી આ અંગે કોઈ સત્તાવાર પુષ્ટિ કરવામાં આવી નથી. તમને જણાવી દઈએ કે સુમ્બુલ તૌકીરે બિગ બોસ 16ના ઘરમાં પોતાની એક્ટિંગ અને ડાન્સથી ઘણી હેડલાઈન્સ બનાવી હતી. અગાઉ, સુમ્બુલ સ્ટાર પ્લસની સીરિયલ 'ઈમલી' થી ઘર-ઘરમાં જાણીતું નામ બની ગયું હતું.

# બોલિવૂડ એક્ટ્રેસ સની લિયોનીએ કરાવ્યું ફોટોશૂટ




બોલિવૂડ એક્ટ્રેસ સની લિયોનીની ફેશન સેન્સ ખૂબ જ પસંદ કરવામાં આવે છે. સની લિયોને હાલમાં જ તેની કિલર તસવીરો શેર કરી છે. આ તસવીરોમાં તે ખૂબ જ સુંદર લાગી રહી છે. સની લિયોન દરરોજ તેના ફોટા શેર કરતી રહે છે અને તે દરેક ફોટામાં આકર્ષક લાગે છે. સની લિયોન સોશિયલ મીડિયા પર ખૂબ જ લોકપ્રિય છે. સની લિયોને ભારતમાં સલમાન ખાનના શો બિગ બોસથી લોકપ્રિયતા મેળવી હતી. સની લિયોને બિગ બોસ સીઝન 5 માં ભાગ લીધો હતો. ઉલ્લેખનીય છે, કે વર્ષ 2012 માં સનીએ જિસ્મ 2 સાથે બોલિવૂડમાં એન્ટ્રી કરી હતી. જિસ્મ 2 પછી સની લિયોને હેટ સ્ટોરી -2, રાગિની એમએમએસ -2, મસ્તીઝાદે જેવી ફિલ્મોમાં કામ કર્યું હતું.

# કિસિંગ સીનના કારણે પિતા અકળાયા હતા : શમિતા શેટ્ટી



શિલ્પા શેટ્ટીની બહેન શમિતા શેટ્ટીએ પણ બહેનના કરિયરને ફોલો કરતાં બોલિવૂડમાં એન્ટ્રી કરી હતી. ફિલ્મ 'મોહબ્બતેં;થી ડેબ્યૂ કરનારી અભિનેત્રીના અભિનયના અને ગ્લેમરસ લૂકના પહેલી જ ફિલ્મમાં વખાણ થયા હતા. શમિતાની લેટેસ્ટ ફિલ્મ 'ધ ટેનેન્ટ' ગત 10 ફેબ્રુઆરીએ જ રિલીઝ થઈ છે. કરિયરમાં અનેક ઉતાર-ચઢાવ જોનારી આ અભિનેત્રી બોલિવૂડમાં પોતાનું આગવું સ્થાન બનાવી શકી નથી પરંતુ, હંમેશા તેની લવ લાઈફને લઈને અથવા તો પાર્ટીઓમાં સામેલ થઈને લાઈમલાઈટમાં રહે છે. શમિતાને તેની પહેલી ફિલ્મના કિસિંગ સીન પર તેના પિતાનું રિએક્શન કેવું હતું તેના અંગે ખુલાસો કર્યો છે. શમિતા 'મોહબ્બતેં'માં અનેકવાર એક્ટર ઉદય ચોપરા સાથે લિપ લોક કરતી નજર આવી હતી અને તેનું કહેવું છે કે, તેના પિતાએ આ જોયા પછી તેની સાથે એક મહિના સુધી વાતચીત નહોતી કરી. હું તેના વર્તનના કારણે અપસેટ થઈ ગઈ હતી કારણકે હું તેમની ખૂબ જ નજીક હતી. તેમનું કહેવું હતું કે, કોણ ફિલ્મમાં આટલા બધા કિસિંગ સીન્સ કરે છે? પણ ઈન્ડસ્ટ્રીમાં હવે આ વાત કોમન થઈ ગઈ છે. મારા પિતા પણ થોડા દિવસ પછી મારા એપ્રોચને સમજી ગયા હતા પણ ત્યારપછી મેં એક પણ ફિલ્મમાં કિસિંગ સીન પરફોર્મ નથી કર્યો. હવે, હું એ વિચારું છું કે, શું ખરેખર સ્ક્રિપ્ટમાં કિસિંગ સીન જરૂરી છે કે નહીં જો નથી તો તેને પરાણે ફિલ્મમાં ઉમેરવો જરૂરી પણ નથી હોતું. આ સાથે જ શમિતાએ જણાવ્યું હતું કે, મારા વિશે અનેક અફવા અને નેગેટિવિટી ફેલાતો રહી છે પણ હું તેનાથી દૂર રહેવામાં માનું છું.



# હિન્દી ફિલ્મોના પોલીસ કમિશનર એટલે ઈફ્તિખાર

'ભાગને કી કોશિશ મત કરના. હમને તુમ્હે ચારો તરફ સે ઘેર લિયા હૈં. ભલાઈ ઈસી મેં હૈ કિ તુમ અપને આપ કો કાનૂન કે હવાલે કર દો.' શાંત સ્વરમાં બોલાયેલો ઈફ્તિખારનો ડાયલોગ આજે પણ લોકોને યાદ હશે જે. બોલીવુડમાં ન જાણે અત્યાર સુધી કેટલા કલાકારોએ ફિલ્મોમાં પોલીસની ભૂમિકા ભજવી છે, પરંતુ આજે પણ પોલીસ યુનિફોર્મમાં કોઈ ચેહરો સામે આવે છે તો એ ઈફ્તિખારનો ચેહરો સામે આવે છે. એવું કહી શકીએ છે કે એ હિન્દી ફિલ્મોના પોલીસ કમિશનર હતા. તેમણે દર્શકોના દિલ-દિમાગ પર એક અલગ જ છાપ છોડી છે.

તે સિંગર બનવા માંગતા હતા પણ નસીબે તે અભિનેતા બની ગયા હતા, પરંતુ તેમને ફિલ્મોમાં અલગ-અલગ પાત્રો ભજવવાની તક ભાગ્યે જ મળતી, કારણ કે મોટાભાગની ફિલ્મોમાં તે પોલીસ અધિકારી અથવા પોલીસ કમિશનરની ભૂમિકામાં જોવા મળ્યા. વાસ્તવમાં, તેણે તેની આખી ફિલ્મી કારકિર્દીમાં પોલીસ ઈન્સ્પેક્ટર અને કમિશનરની ભૂમિકા ભજવી હતી. પોલીસ કમિશનરની ભૂમિકા સંખ્યામાં વધુ છે. જ્યારે પણ તેના ચાહકો તેને યાદ કરે છે ત્યારે પોલીસના યુનિફોર્મમાં સજ્જ ઈફ્તેખારની તસવીર તેમના મગજમાં તાજી થઈ જાય છે. તેણે ઘણી ફિલ્મોમાં નેગેટિવ પાત્રો પણ ભજવ્યા હતા, પરંતુ પોલીસ તરીકેની તેમની ઈમાનદાર ઈમેજ પ્રેક્ષકોના દિલમાં વસી ગઈ હતી અને ફિલ્મોમાં તેઓ ઈમાનદાર પોલીસ ઓફિસર તરીકે જાણીતા હતા. તેણે ફિલ્મોમાં પોલીસનું પાત્ર એટલી ઈમાનદારી અને કડકાઈથી ભજવ્યું કે ખલનાયકો પણ તેનાથી ડરી ગયા.

ઈફ્તિખારનો જન્મ 22 ફેબ્રુઆરી 1920ના રોજ પંજાબના જલંધરમાં થયો હતો. અભિનેતાનું પૂરું નામ સૈયદના ઈફ્તિખાર અહેમદ શરીફ હતું. અભિનેતા કાનપુરની એક ખાનગી કંપનીમાં ઉચ્ચ અધિકારીના પુત્ર હતા. તેઓને નાનપણથી જ કલા પ્રત્યે આકર્ષણ હતું. તેણે 10મા સુધી અભ્યાસ કર્યું, ત્યારબાદ તેમણે લખનૌ યુનિવર્સિટીમાંથી પેઈન્ટિંગમાં ડિપ્લોમા કર્યું. જો કે તેના દિલમાં સિંગર બનવાનું સપનું હતું. તે કેએલ સહગલને પોતાનો આદર્શ માનતા હતા. તેઓ 1942માં કલકત્તા (હાલ કોલકાતા) ગયા. તેણે પ્રખ્યાત સંગીતકાર કમલ દાસગુપ્તાનું ઓડિશન આપ્યું હતું. કમલ અભિનેતાની ગાયકીથી એટલો પ્રભાવિત થયા કે તેણે તરત જ ગીતોના બે આલ્બમ બહાર પાડ્યા.

## 'ડોન'થી લઈને 'ગેમ્બલર' સુધીને લીધા છે સકંજામાં

યશ ચોપરીની અમિતાભ બચ્ચન અભિનીત ફિલ્મ 'દીવાર'માં તેમના કામની ખૂબ પ્રશંસા કરવામાં આવી હતી. આ સિવાય અમિતાભ સ્ટારર પ્રકાશ મહેરાની ફિલ્મ 'જંજીર'માં પણ તેની ભૂમિકાને યાદ કરવામાં આવી હતી. આમાં પણ તેણે પોલીસ ઈન્સ્પેક્ટરની ભૂમિકા ભજવી હતી. આ બધામાં એક એવી ફિલ્મ આવી જે તેના ચાહકો અને તેને યાદ કરનારાઓ માટે માઈલસ્ટોન સાબિત થઈ. આ ફિલ્મ અમિતાભ બચ્ચનની 'ડોન' હતી. આમાં તેણે ડોનને પકડવાનો પૂરો પ્રયાસ કર્યો હતો. એ જ રીતે, તેણે 'ગેમ્બલર'માં પણ સારો દેખાવ કર્યો હતો.

ઈફ્તેખારે 1940 થી 1990 સુધીની પોતાની ફિલ્મી કરિયરમાં 400 થી વધુ ફિલ્મોમાં કામ કર્યું હતું. 1960 થી 1970 ના વર્ષોમાં તેમને ઘણી સફળતા મળી. તેણે બંદિની, સાવન ભાદો, ખેલ ખેલ મેં અને એજન્ટ વિનોદ જેવી ફિલ્મોમાં કામ કર્યું હતું. ઈફ્તેખારે જોરુ કા ગુલામ, મહેબૂબ કી મહેંદી, ધ ટ્રેન, ખામોશી, સફર, રાજા રાની, ઈત્તેફાક, રાજપૂત અને આવામ જેવી કેટલીક શ્રેષ્ઠ ફિલ્મોમાં અભિનય કર્યો હતો. હિન્દી ફિલ્મો સિવાય તેણે અમેરિકન ટીવી સિરીઝ 'માયા' (1967) પણ કરી હતી. 1970માં 'બોમ્બે ટોકી' અને 1992માં 'સિટી ઑફ જોય'માં પણ કામ કર્યું. 1 માર્ચ 1995ના રોજ 73 વર્ષની વયે મુંબઈમાં તેમનું અવસાન થયું હતું.

# બ્લેક ડ્રેસમાં નેહા મલિકે ફેન્સને કર્યા મદહોશ...

## ખુલ્લા વાળમાં પોઝ આપી લોકોને પોતાના દિવાના બનાવ્યાં



પંજાબી સિનેમાના મ્યૂઝિક આલ્બમ્સમાં નજર આવી ચૂકેલી અભિનેત્રી નેહા મલિકે હાલમા તેના બ્લેક ડ્રેસમાં આપેલી તસવીરોને લઈને ચર્ચામાં છે. નેહા મલિક સોશિયલ મીડિયામાં એક્ટીવ રહે છે. સમયાંતરે તે પોતાના ફોટાઓ સોશિયલ મીડિયામાં શેર કરતી રહે છે. એવી રીતે જે હાલમાં જ તેણે પોતાના ફોટાઓ સોશિયલ મીડિયામાં શેર કર્યા છે. આ તસવીરોમાં અભિનેત્રી અલગ-અલગ અંદાજમાં બોલ્ડ પોઝ આપતી જોવા મળે છે.

નેહાએ બ્લેક કલરના ડ્રેસમાં ખૂબ જ શાનદાર તસવીરો શેર કરી છે. આ તસવીરોમાં નેહા ખૂબ જ સુંદર લાગી રહી છે. બ્લેક ડ્રેસમાં નેહા મલિકના ફોટામાં તેનો મદહોશ અંદાજ દેખાઈ રહ્યો છે. બ્લેક ડ્રેસમાં તેણે કેટલાંક પોઝ આપ્યા છે. જેમા તેનો ગ્લેમરસ અંદાજ ઝલકી રહ્યો છે. તેની ખુબસૂરતી જોઈને લોકોની નજર હટતી નથી. બ્લેક ડ્રેસમાં તેણે ખુલ્લા વાળ રાખી લોકોને પોતાના દિવાના બનાવી રહી છે. તેની તસ્વીરો વાયરલ થઈ રહી છે. નેહા મલિકનો આ ગ્લેમરસ અંદાજ ફેન્સને પસંદ આવ્યો છે. ફેન્સ નેહાની તસવીરોને લાઈક કરી રહ્યા છે.

# ડીજે એટલે ડેથ: એ દિવસો દૂર નથી જ્યારે ડીજેના અવાજ પ્રદૂષણથી હૃદય રોગના હુમલાઓ વધશે..!



■ રાજ્યભરમાં ડીજેના ઘોંઘાટ સામે વધી રહ્યો છે વિરોધ, પોલીસમાં ફરીયાદોનો મારો

ગુજરાત | વંદન

તાજેતરમાં ગુજરાતમાં એવા બનાવો બન્યા કે, ક્રિકેટ રમતાં-રમતાં 5થી 6 છોકરાઓ હાર્ટ એટેકના ભોગ બન્યા અને મૃત્યુ પામ્યાં. એ દિવસો દૂર નથી કે જ્યારે ડીજેની સામે નાચતા-નાચતા લોકો ભોગ બનશે....! નવરાત્રિમાં ધ્વનિ પ્રદૂષણના મામલે નિયમ છે પરંતુ લગ્ન અને અન્ય પ્રસંગોમાં ડીજે વેનના કાનના પડતા ફાડી નાંખે એવા આવાજથી જે અસર થાય છે. તેના વિશે તાકીદે નિયંત્રણ મુકવા પડે તેવી ગંભીર પરિસ્થિતિ સર્જાઈ રહી છે. કેમકે, ડીજેના આ ઘોંઘાટ અને વિશાળ આવાજથી માનવ શરીર ઉપર પણ અવળી અસર જોવા મળે છે. જો આ ડીજે સ્પીકર સામે ઉભા રહીએ તો માનવ શરીરના લોહી પરિભ્રમણ પર અસર થાય છે અને તેનાથી હૃદયના ધબકારા પણ અનિયમિત થઈ જતા હોય છે.

રાજ્યભરમાં પાછલા થોડા સમયથી ડીજેને લગતી ફરિયાદ સતત વધી રહી છે. લગ્ન સહિતના વિવિધ પ્રસંગોમાં લોકો એટલા મોટેથી મ્યુઝિક વગાડતા હોય છે કે પરેશાન લોકોએ પોલીસની મદદ લેવી પડતી હોય છે. અત્યારે જ્યારે લગ્નની સિઝન ચાલી રહી છે ત્યારે કંટ્રોલ રૂમમાં આ પ્રકારની ફરિયાદો ખૂબ જ આવી રહી છે.

ઉલ્લેખનીય છે કે પાછલા 18 મહિનામાં એટલે કે જાન્યુઆરી, 2021થી લઈને અત્યાર સુધી અમદાવાદ શહેરની પોલીસને ધ્વનિ પ્રદૂષણની 10,277 ફરિયાદ મળી ચૂકી છે. જો કે, આ ફરિયાદ પર કાર્યવાહીની વાત કરવામાં આવે તો અત્યાર સુધી માત્ર બે વાહન જપ્ત કરવામાં આવ્યા છે. તેના સિવાય કોઈ પણ વ્યક્તિ વિરુદ્ધ કાર્યવાહી કરવામાં નથી આવી. નોંધનીય છે કે ડિસેમ્બર 2019માં ગુજરાત પોલ્યુશન કંટ્રોલ બોર્ડ તરફથી એક નોટિસ જાહેર કરવામાં આવી હતી. જ્યારે ગુજરાત હાઈકોર્ટે આ સૂચનાના અમલીકરણને લગતો પ્રશ્ન કર્યો તો અમદાવાદ પોલીસે જાન્યુઆરી 2023માં પાંચ FIR દાખલ કરી હતી

20મી જાન્યુઆરીના રોજ અમદાવાદ શહેરના પોલીસ કમિશનરે જાહેર સ્થળોએ ધ્વનિ પ્રદૂષણ ઘટાડવા માટે પ્રતિબંધો લાગુ કર્યા હતા. આ સિવાય ધાર્મિક સ્થળોને પણ આદેશ આપવામાં આવ્યો હતો કે પોતાની સાઉન્ડ સિસ્ટમનો અવાજ ધીમો રાખે તેમજ અમુક વિસ્તારથી દૂર તેનો અવાજ ના જવો જોઈએ. આ સિવાય માઈક સિસ્ટમ સહિત અન્ય વાદ્યોના જાહેરમાં ઉપયોગ પર પણ પ્રતિબંધ મૂકવામાં આવ્યો હતો. ઉપયોગ કરવા માટે અમુક શરતોનું પાલન કરવાનું રહેશે.

ધાર્મિક સ્થળોની વાત કરીએ તો, અમદાવાદ પોલીસે પરિપત્રમાં જણાવ્યું છે કે, મંદિર, ચર્ચ અને મસ્જિદોમાં માઈકનો અવાજ મર્યાદિત હોવો જોઈએ અને તે પરિસરની બહાર અવાજ ના જવો જોઈએ. વડોદરાની વાત કરવામાં આવે તો, પાછલા થોડા મહિનામાં વડોજરાના પોલીસ કંટ્રોલ રૂમમાં

...અનુસંધાન પેજ નં. 6 પર

## હવે નાની પાર્ટીમાં પણ ડીજેનો ક્રેઝ



વડોદરાના પોલીસ કમિશનર શમશેર સિંહ જણાવે છે કે, શહેરી વિસ્તારોમાં આ એક મોટી સમસ્યા છે. અમને દરરોજ ડઝન જેટલી ફરિયાદ આ બાબતની આવતી હોય છે. અન્ય એક પોલીસ અધિકારી જણાવે છે કે, હવે નાની પાર્ટી હોય તો પણ ડીજે બોલાવવામાં આવે છે. આને કારણે બાકીના લોકો ખૂબ ડિસ્ટર્બ થાય છે. પાછલા ચાર દિવસમાં પોલીસે દરરોજ ચાર ફરિયાદ નોંધી છે.

# 613 વર્ષનું થયું આપણું ઐતિહાસિક અમદાવાદ...!

■ 26 ફેબ્રુઆરી 1411માં થઈ હતી ધુળીયા શહેર અમદાવાદની સ્થાપના

ગુજરાત | વંદન

જબ કુત્તે પે સસ્સા આયા, તબ અહમદશાહને શહર બસાયા.. અમદાવાદ શહેર સાથે 6 સદીથી વધુનો ઈતિહાસ જોડાયેલો છે. સાબરમતીની ગોદમાં રમતા અમદાવાદની ભૂમિ અદ્ભુત ઘટનાઓની સાક્ષી બની રહી છે. આજે અમદાવાદનો 613મો સ્થાપના દિવસ છે. અમદાવાદની સ્થાપના 26મી ફેબ્રુઆરી 1411ના દિવસે બાદશાહ અહમદશાહે કરી હતી...... અહમદશાહે ૨૬ ફેબ્રુઆરી ૧૪૧૧ના રોજ શહેરનો પાયો માણેક બુર્જ પાસે નાખ્યો ૧.૨૦ બપોરે, ગુરૂવાર, હિજરી વર્ષ ૮૧૩ તેણે નવી રાજધાની ૪ માર્ચ ૧૪૧૧ના રોજ નક્કી કરી હતી.

અમદાવાદ શહેર ઈતિહાસમાં ઘણા મહત્વપૂર્ણ કારણોથી પણ પ્રસિદ્ધ છે, અને એ છે મહાત્મા ગાંધીએ અહીં સાબરમતીના કિનારે સ્થાપેલો ગાંધી આશ્રમ. આગામી વર્ષોમાં સાબરમતી નદીના પટમાં રીવર ફ્રન્ટ યોજનાથી શહેરની રોનક બદલાઈ છે. આ પહેલા વર્ષ 1960થી 1970 સુધી અમદાવાદ ગુજરાતની રાજધાની હતી. સમગ્ર ભારતમાં સૌપ્રથમ હેરિટેજ સિટીનો દરજ્જો પ્રાપ્ત કરનાર આપણું અમદાવાદ જ છે. મહાત્મા ગાંધી, સરકાર પટેલથી લઈને વિક્રમ સારાભાઈથી લઈને અનેક મહાપુરૂષોના ઘડતરમાં અમદાવાદનો ફાળો રહ્યો છે. આ શહેર આજે પણ તેના ઈતિહાસ સાથે જીવી રહ્યું છે... અને પોતાનો વારસો સાચવીને રાખ્યો છે.

શહેરમાં અનેક ઐતિહાસિક અને પૈરાણિક સ્થળ છે જેમાં શહેરમાં ગાંધી આશ્રમ, સરદાર પટેલ સ્મારક, કાંકરિયા તળાવ, હઠીસિંહના દેરા, સાયન્સ સિટી, અડાલજની વાવ, સીદીસૈયદની જાળી, જામા મસ્જિદ, ઝૂલતા મિનારા, સ્વામિનારાયણ મંદિર, ભાગવત વિદ્યાપીઠ, માણેક ચોક, રાણીનો હજીરો, સાબરમતિ રિવરફ્રન્ટ, તિરૂપતિ બાલાજી મંદિર, ઈસરો જેવા અનેક સ્થળો લોકો માટે આકર્ષણનું કેન્દ્ર છે. અમદાવાદના લોકોની સેવા માટે ચાલતી બીઆરટીએસની બસોએ પણ પોતાની આગવી ઓળખ ઉભી કરી છે. ભારતની અંદર સૌથી શ્રેષ્ઠ બીઆરટીએસ નેટવર્ક અમદાવાદમાં છે. તેનું સંચાલન અમદાવાદ મ્યુનિશિપલ કોર્પોરેશન દ્વારા કરવામાં આવે છે.

## હેપ્પી બર્થ ડે અમદાવાદ....




પુરાતત્વીય પુરાવા સૂચવે છે કે અમદાવાદ આસપાસનો વિસ્તાર ૧૧મી સદીથી વસવાટ ધરાવે છે અને તે આશાપલ્લી અથવા તો આશાવલ નામથી ઓળખાતો હતો એ વખતે અણહીલવાડના સોલંકી રાજા કરણદેવે આશાવલના રાજા ભીલ સામે યુદ્ધ જાહેર કર્યું અને કર્ણાવતી નામક શહેરની વાર્તા શરુ થઈ ત્યાર બાદ સમયનું ચક્ર આગળ વધ્યું, ગુજરાત સલ્તનત બની અને સુલતાન અહમદશાહે તેના પાટનગર તરીકે કર્ણાવતી પાસેની જગ્યાને પસંદ કરી. તેનું નામ આપ્યું ‘અહમદાબાદ’ અને સમય જતાં તે અપભ્રંશ થઈને ‘અમદાવાદ’ તરીકે ઓળખાવા લાગ્યું. અમદાવાદનું રાજકીય ક્ષેત્રે પણ ખૂબ જ મહત્વનું શહેર છે. મહાત્મા ગાંધીએ સાબરમતી નદીના પશ્ચિમ તટે કોચરબ આશ્રમની સ્થાપના કરી જે આજે કસ્તુરબા આશ્રમ તરીકે ઓળખાય છે અને બીજો આશ્રમ વાડજ નજીક સાબરમતી વિસ્તારમાં સ્થાપ્યો જે આજે ગાંધી આશ્રમ તરીકે ઓળખાય છે. અંગ્રજોના શાસન કાળ દરમિયાન ગાંધીજીના લીધે અમદાવાદ ભારતીય સ્વાતંત્ય સંગ્રામનું મુખ્ય મથક બની રહ્યું. ગુજરાત વિદ્યાપીઠની સ્થાપના ગાંધીજીએ ૧૯૨૦ માં અમદાવાદ માં કરી. સરદાર પટેલે અમદાવાદથી રાજકીય ક્ષેત્રમાં જંપલાવ્યું હતું.

કસ્તુરભાઈ લાલભાઈ અને લાલભાઈ દલપતભાઈ જેવા ઉદ્યોગપતિઓના પ્રયત્ન અને સહયોગથી ગુજરાત યુનિવર્સિટી સંકુલમાં લાલભાઈ દલપતભાઈ ઈજનેરી મહાવિદ્યાલય અને એલ. ડી. આર્ટસ કોલેજો અને બીજી સંસ્થાઓ સ્થપાઈ. ભારત અને એશિયાની પ્રથમ કક્ષાની સંસ્થા ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ મેનેજમેન્ટ અમદાવાદ (આઈ.આઈ.એમ.)

...અનુસંધાન પેજ નં. 6 પર

## અમેરિકામાં ગેરકાયદે ઘૂસણખોરીનો મામલો

# બે એજન્ટોની કલોલ પોલીસે કરી ધરપકડ

ગુજરાત | વંદન

અમેરિકામાં ગેરકાયદેસર ઘૂસણખોરી મામલે આજે કલોલ તાલુકા પોલીસે બે એજન્ટો સામે ગુનો નોંધી



તેની ધરપકડ કરવામાં આવી હતી. પોલીસે આ મામલે અન્ય એજન્ટની શોધખોળ શરુ કરી છે. આ મામલામાં અમદાવાદ-ગાંધીનગરના કુલ સાત એજન્ટોના નામ સામે આવ્યા હતા. આ સાત પૈકી કલોકના બે એન્જટોની સામે ગુનો નોંધી ધરપકડ કરવામાં આવી છે. કલોલના બ્રીજકુમાર યાદવ અને તેના પરિવારને ગેરકાયદેસર રીતે અમેરિકામાં પ્રવેશ કરવા સમયે અમરિકા-મેક્સિકો બોર્ડર પર આવેલી 30 ફુટ ઉંચી ટ્રમ્પ વોલ કુદવા જતા ગંભીર ઈજાઓ પહોંચી હતી. આ ઘટનામાં બ્રીજકુમાર યાદવનું કરુણ મોત નીપજ્યું હતું જ્યારે તેની પત્ની પુજા અને પુત્ર તન્મયને ગંભીર ઈજાઓ પહોંચી હતી. આ ઘટનાની તપાસ સ્ટેટ મોનીટરીંગ સેલ દ્વારા કરવામાં આવી હતી. આ મામલામાં અમદાવાદ-ગાંધીનગરના કુલ સાત એજન્ટોના નામ સામે આવ્યા હતા. આ સાત પૈકી કલોલના સાહિલ વ્યાસ અને સૌરભ પટેલની ધરપકટ કરવાની સાથે કલોલ તાલુકા પોલીને ગુનો નોંધ્યો હતો.

# રેપ વિથ મર્ડરનો કેસ, આરોપીને ફાંસીની સજા

ગુજરાત | વંદન

શહેરના ચોકબજાર વિસ્તારમાં 7મી ડિસેમ્બરે બનેલી માસૂમ બાળકીના રેપ વિથ મર્ડરની ઘટનામાં કોર્ટે આરોપી મુકેશ પંચાલને ફાંસીની સજા ફટકારી છે. ઉલ્લેખનીય છે કે, સુરત ક્રાઈમ બ્રાન્ચે આરોપીની ધરપકડ કરી હતી. ત્યારબાદ માત્ર બે મહિનામાં જ કેસની ટ્રાયલ પૂરી કરી દેવામાં આવી હતી અને આરોપીને સજા અપાવવા માટે ચાર્જશીટ ફાઈલ કરી હતી.

સુરતના ચોકબજાર પોલીસ મથકની હદમાં 7મી ડિસેમ્બરના રોજ યુપીવાસી પરિવારની સાત વર્ષની માસૂમ બાળકીનું અપહરણ થયું હતું. સવારે અગિયાર વાગ્યે અપહરણ થયેલી બાળકી નજીકમાં આવેલ એક મકાનમાંથી મૃત હાલતમાં મળી આવી હતી. મુકેશ પંચાલ નામના શખ્સ દ્વારા માસૂમ બાળકીનું અપહરણ કરી પોતાના ઘરે લઈ ગયો હતો. જે બાદ નરાધમ દ્વારા માસૂમ બાળકી પર દુષ્કર્મ ગુજારી તેણીની હત્યા કરી લાશ કોથળામાં ભરી પેટી પલંગમાં મૂકી ફરાર થઇ ગયો હતો. ચોક બજાર પોલીસે ગુનો નોંધી નરાધમને શોધી કાઢવા તાત્કાલિક જુદી જુદી ટીમો બનાવી શોધખોળ હાથ ધરી હતી.

આ દરમ્યાન ક્રાઈમ બ્રાન્ચની ટીમે આરોપીને ગણતરીના કલાકોમાં જ ઝડપી પાડી જેલ હવાલે કરી દીધો હતો. સુરતમાં ચકચારીત માસુમ બાળકી જોડે બનેલી રેપ વિથ મર્ડરની ઘટનાએ સૌ કોઈને હચમચાવી દીધા હતા.

...અનુસંધાન પેજ નં. 6 પર

## હોળીયામાં ઉડે રે ગુલાલ....ડાલોજી રંગ કેસરીયો...



વાસંતી વાયરાની વચ્ચે એક તરફ પાન ખરી રહ્યાં છે, તો બીજી તરફ ફાગણ ફોરમતુ આવ્યું...એમ હોળી પણ દૂર નથી. શહેરમાં વિવિધ સંગઠનો દ્વારા ખાસ કરીને રાજસ્થાની સમુદાયની મહિલાઓ દ્વારા હોળીના વધામણાંના પારંપારિક કાર્યક્રમો યોજવાની શરૂઆત થઈ ગઈ હોય તેમ આવી જ એ મહિલાવૃંદ દ્વારા જાણે કે ગવાઈ રહ્યું છે-હોળીયામાં ઉડે રે ગુલાલ....ડાલોજી રંગ કેસરીયો...! (તસ્વીર:મૌર્ય ભાગ્યવાન)

# હત્યાનો ભેદ ઉકેલાયો: પત્ની જોડે સંબંધ રાખવાને કારણે આરોપીએ કરી હતી હત્યા

■ હત્યા કરી તેને અકસ્માતમાં ખપાવવાનો કર્યો હતો પ્રયાસ

ગુજરાત | વંદન

કડીના થોલ ગામમાં થયેલી યુવકની હત્યાનો ભેદ પોલીસે ઉકેલી લીધો છે. મૃતકના આરોપીએ પત્ની જોડે સંબંધ હોવા જાણ થતા આરોપીએ પીકઅપ ડાલાથી ટક્કર મારી તેની હત્યા કરી નાંખી હતી. આ રીતે તેણે હત્યાને અકસ્માતમાં ખપાવવાનું પ્રયત્ન કર્યું હતું. જોકે મૃતકના પરીવારજનોએ હત્યાની શંકા વ્યક્ત કરતા પોલીસે તપાસ કરી આરોપીને થોડાક જ દિવસમાં ઝડપી પાડીને જેલના સળિયા પાસે ધકેલી દીધો છે.



કડી તાલુકાના થોળ ગામે 5 દિવસ પૂર્વે અકસ્માત સર્જાયો હતો. થોળ ગામના સુરજજી ઠાકોર કે ખાત્રજ પાસે પ્રાઈવેટ કંપનીમાં નોકરી કરતા હતા. જેઓ ઘરેથી રાત્રિના સમય દરમિયાન નોકરી સારું ઘરેથી નીકળ્યા હતા અને થોળ ચોકડી પાસે આવતા રોડ ક્રોસ કરી રહેલા સુરેસજીને પીકઅપ ડાલા ચાલકે ધડાકાભેર પાછળથી ટક્કર મારતા સુરજજી ઠાકોર ગંભીર રીતે ઘાયલ થતા તેમને હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા. જોકે સારવાર દરમિયાન તેઓનું મોત નિપજ્યું હતું. આ મામલે બાવલુ પોલીસે ગુનો દાખલ કરી કાર્યવાહી કરી હતી. જોકે પરિવારજનોને હત્યાની આશંકા

...અનુસંધાન પેજ નં. 6 પર

/gujaratvandan
નિડર, નિષ્પક્ષ, અને વિશ્વસનીય ગુજરાત વંદન
ગુજરાત વંદન તરફથી
આકર્ષક વાર્ષિક લવાજમ ઓફર
₹ 260/-
(એક વર્ષ માટે)
ભરો ફક્ત 260/- ₹ ને મેળવો



આખું વર્ષ ગુજરાત વંદન અખબાર
+



ઘર વપરાશની ઉપયોગી ચીજવસ્તુ
આ ઉપરાંત જાણીતા સલૂન સિક્રેટ સેવન્ટીનનો
30% ડિસ્કાઉન્ટ સાથેનો વાઉચર
Secret 70 Hair & Nails Studio
વહેલા તે પહેલાના ધોરણે આપના અખબાર વિતરકનો સંપર્ક કરવા વિનંતી.
+91 63572 63573
ગુજરાત વંદન
વ્યવસ્થાપક માર્કેટીંગ
820, સાકાર-9, આશ્રમ રોડ, સીટી ગોલ્ડની બાજુમાં, અમદાવાદ-380009